All PDF Collection
PDF Seva

# ચંડીપાઠ




# દુર્ગા સપ્તશતીસાર

*

- શ્રી યોગેશ્વર

www.PDFSeva.Net

**NOTICE**

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

* * *



e-book

| | |
|---|---|
| Title | : Chandi Path (Durga Saptasati Sār) |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 96 |
| Created | : March 18th 2013. |

**NOTE**

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *


## પ્રાસંગિક



દુર્ગા સપ્તશતી, ચંડીપાઠ અથવા દેવી ભાગવત ભારતના પરંપરાગત, પ્રાચીન ધાર્મિક સાહિત્યભંડારમાં મહત્વનું અને આગળ પડતું સ્થાન ધરાવે છે. જનતામાં એની ખૂબ જ પ્રસિદ્ધિ છે. ખાસ કરીને નવરાત્રીના પવિત્ર દિવસોમાં એના પાઠ કે પારાયણનો આધાર લેવાય છે અને ઠેરઠેર એની કથાઓ થાય છે. જનતા એના પ્રેરક પ્રસંગોમાંથી પ્રેરણા મેળવીને પોતાની ધર્મભાવનાને વધારે છે. દુર્ગા સપ્તશતીએ એવી વિવિધ રીતે જનતાની સેવા કરીને ખૂબ જ સન્માનનીય સ્થાન પોતાની ગુણવત્તાના અને ઉપયોગિતાના આધારે પ્રાપ્ત કર્યું છે.

એવા મહત્વના મહાગ્રંથની ચર્ચા-વિચારણા કરીને મારા સમયનો સદુપયોગ થયો છે એવી લાગણી મને થયા વિના નથી રહી શકી. બીજાને પણ એવી લાગણી અધિક અથવા અલ્પ પ્રમાણમાં થઈ રહેશે એવી આશા છે. પ્રત્યેક સંસ્કૃતિપ્રેમી સ્ત્રી-પુરુષે આવા સદ્ગ્રંથથી સુપરિચિત રહેવું જોઈએ.

**- યોગેશ્વર**



# અનુક્રમણિકા


૧. માહાત્મ્ય
૨. પરિચય (સાંસ્કૃતિક સેવા)
૩. શક્તિની ઉપાસના અને મહત્તા
૪. દેવી કવચ
૫. અર્ગલા સ્તોત્રની પ્રાણવાન પંક્તિ
૬. અર્ગલા સ્તોત્ર
૭. કીલક સ્તોત્ર
૮. આરંભ અને અંત
૯. મધુકૈટભનો નાશ
૧૦. મહિષાસુરમર્દન
૧૧. શક્રાદિસ્તુતિ
૧૨. અંબિકાનો આવિર્ભાવ
૧૩. ધુમ્રલોચન ધુળમાં મળ્યો
૧૪. રક્તબીજનો નાશ
૧૫. શુંભનિશુંભ શાંત થયા
૧૬. સ્તુતિ
૧૭. ઉપસંહાર
૧૮. દુર્ગાની નામમાળા
૧૯. ક્ષમાપ્રાર્થના
૨૦. અપરાધક્ષમાપન

## ૧. માહાત્મ્ય

સંસારના મોટા ભાગના મનુષ્યો એક અથવા બીજી રીતે દુઃખી છે. દુઃખનું કારણ ગમે તે હોય પરંતુ એને લીધે અશાંત, ઉદ્વિગ્ન અથવા શોકાતુર છે. એ દુઃખ અને એના પરિણામે પેદા થનારી અશાંતિમાંથી મુક્તિ માગે છે. એવા મનુષ્યો સ્વાભાવિક રીતે જ પૂછે છે કે સ્તોત્રપાઠ કે દુર્ગાસપ્તશતી જેવા અસાધારણ ગ્રંથરત્નના સેવનથી કોઈ લૌકિક લાભ થાય છે ખરો ? એમની જિજ્ઞાસાને શાંત કરવા માટે જ જાણે કે દુર્ગાસપ્તશતીનો બારમો અધ્યાય લખાયો છે. એમાં દુર્ગાસપ્તશતીના શ્રદ્ધાભક્તિપૂર્વકના પાઠથી થનારા કેટલાક લૌકિક લાભોને વર્ણવવામાં આવ્યા છે. એ લાભોનું વર્ણન દેવી દેવોની આગળ પોતાના શ્રીમુખે કરી બતાવે છે. એ દૃષ્ટિએ એમનું મહત્વ અનેકગણું વધી જાય છે. એ વર્ણનનું વિહંગાવલોકન ખૂબ જ રસપ્રદ થઈ પડશે.

'આ સ્તોત્રથી જે મારી એકાગ્રચિત્તથી સ્તુતિ કરશે તેની સઘળી પીડાનો હું નાશ કરીશ એમાં લેશમાત્ર સંશય નથી કરવા જેવો.'

(અધ્યાય ૧૨, શ્લોક ૨ નો ભાવાર્થ)

'જે મનુષ્ય મધુકૈટભનો નાશ, મહિષાસુરનો વધ અને શુંભનિશુંભના સંહારના પ્રસંગનો પાઠ કરશે, અને આઠમ, ચૌદસ તથા નવમીના દિવસે એકાગ્ર મનથી શ્રદ્ધાભક્તિપૂર્વક મારું માહાત્મ્ય સાંભળશે તેને કોઈ જ પાપ નડશે નહિ તેમજ પાપના પરિણામે પેદા થયેલી તેની પીડાઓનો પણ અંત આવશે. તે કદી દરિદ્રતાનો શિકાર નહિ બને ને સ્નેહીઓનો કે સ્વજનોનો વિયોગ નહિ અનુભવે.'

'તેને શત્રુનો, ચોરલુંટારાનો, રોગનો, રાજાનો, શસ્ત્રનો, અગ્નિનો તેમજ પાણીનો ભય નહિ રહે.'

(અધ્યાય ૧૨, શ્લોક ૩ થી ૬)

'મારું માહાત્મ્ય આધિભૌતિક, આધિદૈવિક, આધ્યાત્મિક, ત્રણે પ્રકારના ઉત્પાતો કે ઉપદ્રવોને શાંત કરનારું છે. જે સ્થળે સદા વિધિપૂર્વક મારા આ માહાત્મ્યનો પાઠ થાય છે ત્યાં મારો વાસ હોય છે. હું એ સ્થળમાં સદા સુખશાંતિ આપવા હાજર રહું છું.'

(અધ્યાય ૧૨, શ્લોક ૮ થી ૯)

'શરદઋતુની મહાપૂજા-નવરાત્રીની મહાપૂજા પ્રસંગે મારા આ માહાત્મ્યને જે શ્રદ્ધાભક્તિપૂર્વક સાંભળે છે તે મનુષ્ય મારી પરમકૃપાને પ્રાપ્ત કરીને સઘળી આપત્તિઓમાંથી મુક્તિ મેળવી ધનધાન્ય સંતાનાદિ સર્વ પ્રકારના સુખોને પામે છે એમાં શંકા નથી.'

शरत्काले महापूजा क्रियते या च वार्षिकी ।
तस्यां ममैतन्माहात्म्यं श्रुत्वा भक्तिसमन्वितः ॥१२॥
सर्वाबाधाविनिर्मुक्तो धनधान्यसुतान्वितः ।
मनुष्यो मत्प्रसादेन भविष्यति न संशयः ॥१३॥

'મારું આ માહાત્મ્ય, મારા પ્રાદુર્ભાવની પવિત્ર કથાઓ તથા યુદ્ધમાં કરાયલાં મારાં પાર વગરનાં પરાક્રમોને સાંભળવાથી મનુષ્ય નિર્ભય બને છે.'

'પ્રત્યેક શાંતિકર્મ વખતે, દુઃસ્વપ્ન દેખાય ત્યારે કે ગ્રહપીડા વખતે મારું માહાત્મ્ય સાંભળવું. તેથી સર્વ વિઘ્નો તથા ભયંકર ગ્રહપીડા શાંત થાય છે ને દુઃસ્વપ્ન પણ શુભ સ્વપ્ન બની જાય છે.'

'બાળગ્રહોથી પીડાતા બાળકોની શાંતિ માટે તથા મિત્રતામાં વિક્ષેપ પડતાં તેને ફરીથી સ્થાપવા માટે મારા આ માહાત્મ્યનું શ્રવણ કરવું.'

'આ માહાત્મ્ય સર્વ પ્રકારના દુરાચારીઓના બળનો નાશ કરનારું છે, એના શ્રવણમાત્રથી રાક્ષસ, ભૂત, પિશાચોનો નાશ થાય છે.'

(શ્લોક ૧૪ અને ૧૬ થી ૧૯)

'હે દેવો ! તમે, બ્રહ્મર્ષિઓએ અને બ્રહ્માએ કરેલી મારી સ્તુતિ સર્વોત્તમ પ્રકારની સદ્‌બુદ્ધિને આપનારી છે. વનમાં, સૂના માર્ગમાં અથવા દાવાનળથી ઘેરાઈ જતાં; નિર્જન સ્થાનમાં, લુંટારાના હાથમાં પડતાં, શત્રુઓથી પકડાતાં અથવા અરણ્યમાં વાઘ, સિંહ કે બીજા જંગલી હાથી જેવા પ્રાણીઓ પાછળ પડતાં હોય ત્યારે; રાજાની આજ્ઞાથી વધસ્થાન કે કારાવાસમાં લઈ જવાય ત્યારે અથવા નૌકામાં બેઠા પછી મહાસાગરમાં ભયંકર તોફાન પેદા થાય ત્યારે; સંગ્રામમાં ઘોર વિનાશક શસ્ત્રો વરસતાં હોય ત્યારે અથવા અનેકવિધ વિપત્તિઓથી મનુષ્ય વીંટળાયલો હોય ત્યારે; જો મારા આ ચરિત્રને સ્મરવામાં આવે છે તો સંકટમાંથી મુક્તિ મેળવે છે. મારા પ્રભાવથી સિંહ જેવા હિંસક પ્રાણીઓ નષ્ટ થાય છે તથા ચોર, લુંટારા ને શત્રુઓ પણ મારા ચરિત્રને સ્મરનારા મનુષ્યથી દૂર રહે છે.'

ब्रह्मणा च कृतास्तास्तु प्रयच्छन्ति शुभां मतिम् ।
अरण्ये प्रान्तरे वापि दावाग्निपरिवारितः ॥२५॥
दस्युभिर्वा वृतः शून्ये गृहीतो वापि शत्रुभिः ।
सिंहव्याघ्रानुयातो वा वने वा वनहस्तिभिः ॥२६॥
राज्ञा क्रुद्धेन चाज्ञप्तो वध्यो बन्धगतोऽपि वा ।
आघूर्णितो वा वातेन स्थितः पोते महार्णवे ॥२७॥
पतत्सु चापि शस्त्रेषु संग्रामे भृशदारुणे ।
सर्वाबाधासु घोरासु वेदनाभ्यर्दितोऽपि वा ॥२८॥
मम प्रभावात्सिंहाद्या दस्यवो वैरिणस्तथा ।
स्मरन्ममैतच्चरितं नरो मुच्येत संकटात् ॥२९॥
दूरादेव पलायन्ते स्मरतश्चरितं मम ॥३०॥

એ પ્રમાણે કહીને જગદંબા સર્વે દેવોના દેખતાં ત્યાંથી અદૃશ્ય થઈ ગઈ. પ્રકટ થવાની અને અદૃશ્ય બનવાની એવી લોકોત્તર શક્તિ એને સારુ સ્વાભાવિક હતી.

*

દુર્ગાસપ્તશતીના પાઠનું, દેવીની સ્તુતિનું અને દેવીની વિભિન્ન પરાક્રમલીલાઓના શ્રવણ અથવા સ્મરણનું આ માહાત્મ્ય અધિકારભેદને અનુલક્ષીને વર્ણવવામાં આવ્યું છે. મોટા ભાગના માનવો લૌકિક સુખશાંતિ, સમૃદ્ધિ અને સુરક્ષાની અભિલાષા સેવે છે. એવા માનવોને માટે આ બધી ફળશ્રુતિ એક અથવા

બીજી રીતે આનંદકારક, ઉત્સાહપ્રદાયક અને પ્રેરક છે. પરંતુ દેવીની કથાઓના શ્રવણમનનનું અને એની સ્તુતિનું માહાત્મ્ય એટલું જ નથી. ના હોઈ શકે. એનું સાચું અને સંપૂર્ણ માહાત્મ્ય તો દેવીના દર્શનનું અથવા એની પરિપૂર્ણ કૃપાની પ્રાપ્તિનું છે. એ જગજ્જનની પોતાના શ્રદ્ધાભક્તિસમન્વિત શરણાગત કે ભક્ત પર પ્રસન્ન થાય તો અનંત ઐશ્વર્ય કે વૈભવ આપી શકે છે, પ્રતિષ્ઠા પૂરી પાડે છે, જ્ઞાન-ભક્તિ-યોગ સઘળું વરસાવે છે, અને અષ્ટસિદ્ધિનું પણ દાન દે છે; પરંતુ સાચા ભક્ત કે શરણાગતને એથી સંતોષ નથી થતો, એ તો એનું દર્શન જ માગે છે, અને એવું દિવ્ય દર્શન ના થાય ત્યાં સુધી પરિતૃપ્તિ નથી પામતો. આની પછીના તેરમા અંતિમ અધ્યાયમાં એનું ગર્ભિત સૂચન પુરું પાડવામાં આવ્યું છે. એટલે તો રાજા સુરથ અને સમાધિવૈશ્ય બંને કથાશ્રવણ પછી દેવીના દર્શન માટે આરાધના આદરે છે.

દેવીના કથાપ્રસંગોનું શ્રવણમનન માનવને નિર્ભય બનાવે છે. એના ક્લૈબ્યને કાપી નાખે છે. પોતાની અંદરની ને બહારની આસુરી સંપત્તિનો સામનો કરવાની શક્તિ અર્પે છે. પવિત્રતા, શીલ ને સંયમ બક્ષે છે. નિષ્કામ સેવાભાવ સીંચે છે. અન્યાયનો, અધર્મનો, અનાચારનો, શૌર્યસહિત સફળ પ્રતીકાર કરવા પ્રેરે છે. પોતાની જાતની વિશુદ્ધિ સાધવાની દીક્ષા આપીને માનવને નરમાંથી નારાયણ, માનવમાંથી માનવોત્તમ બનાવે છે. એ પણ એનું મહત્વનું માહાત્મ્ય છે.

*

શુંભ તથા નિશુંભ જેવા અસાધારણ સામર્થ્યવાળા અસુરોનો અંત આવતાં દેવો સંપૂર્ણ રીતે નિર્ભય બનીને પોતાના મૂળ અધિકારો ભોગવવા માંડ્યા. જે અસુરો જીવતા રહ્યા તે પાતાળલોકમાં ચાલ્યા ગયા.

મેધા મુનિએ દેવીના મહિમાની એ કલ્યાણકારક કથાના અનુસંધાનમાં કહ્યું કે એ દેવી નિત્ય હોવા છતાં અવારનવાર જગતનું પાલન તથા રક્ષણ કરવા માટે અવતારે લે છે. એ દેવી જ વિશ્વમાં સૌને સંમોહિત કરે છે, વિશ્વને જનમ આપે છે, તથા તેની પ્રાર્થના અને પૂજા કરવામાં આવે તો પ્રસન્ન થઈને સમસ્ત પ્રકારની ભૌતિક અને આત્મિક સમૃદ્ધિ આપે છે.

स्तुता सम्पूजिता पुष्पैर्धूपगन्धादिभिस्तथा ।
ददाति वित्तं पुत्रांश्च मतिं धर्मे गतिं शुभाम् ॥४१॥

'પુષ્પ, ધુપ, ગંધાદિથી સારી પેઠે પૂજન અને સ્તવન કરવાથી તે ધનવૈભવ તથા સંતાનાદિ તો આપે જ છે પરંતુ સાથે સાથે ધર્મમાં બુદ્ધિ કે રુચિ અને પોતાની પરમકૃપા દ્વારા સર્વોત્તમ સદ્ ગતિ કે જીવનમુક્તિ પ્રદાન કરે છે.'

મેધા મુનિએ કહેલા એ શ્લોકમાં ભૌતિક અને આધ્યાત્મિક બંને પ્રકારનું માહાત્મ્ય સમાયેલું છે. દેવીપૂજાની બંને પ્રકારની ફળશ્રુતિ જોવા મળે છે.

* * *

## ૨. પરિચય

ભારતની ભાવાત્મક સાંસ્કૃતિક એકતાને અખંડ રાખવામાં તથા જ્ઞાત અથવા અજ્ઞાત રીતે મજબૂત કરવામાં એના પુરાતન પરંપરાગત ધર્મગ્રંથોનો ફાળો ઘણો મોટો છે. એ ફાળાની ઉપેક્ષા કોઈયે સંજોગોમાં, કોઈયે કારણે નથી કરી શકાય તેમ. એવા મહામહિમાન્વિત મૂલ્યવાન લોકપ્રિય ધર્મગ્રંથોમાં વેદ, ઉપનિષદ, દર્શનશાસ્ત્ર, રામાયણ, મહાભારત તથા ગીતાની જેમ દુર્ગાસપ્તશતી, દેવીભાગવત અથવા ચંડીપાઠનો સમાવેશ સહેલાઈથી નિસ્સંકોચ રીતે કરી શકાય છે. દેવીભક્તો એનો લાભ લે છે, એમાંથી પ્રેરણા મેળવે છે, ને શ્રદ્ધાભક્તિપૂર્વક એના પાઠ, પારાયણ અને અભ્યાસનો આધાર લઈને શક્તિની આરાધનાના પરિણામે સાંપડતી સંતુષ્ટિ તેમજ શાંતિ પામે છે. ઉત્તર, દક્ષિણ, પૂર્વ ને પશ્ચિમ સર્વત્ર એને અસાધારણ આદરભાવથી જોવામાં આવે છે. પ્રાદેશિક ભેદભાવોને ભૂંસી નાખીને પ્રજાને ભાવાત્મક અંતરંગ એકતાના સંગીન સુદૃઢ સુત્રે પરોવવાનું ને પરોવેલી રાખવાનું કલ્યાણકાર્ય એણે વરસોથી કરી બતાવ્યું છે. એ સંદર્ભમાં વિચારીએ તો એની સેવા કાંઈ નાનીસૂની નથી લાગતી.

ભારતના ધાર્મિક, આધ્યાત્મિક અથવા તત્વજ્ઞાનવિષયક સાહિત્યભંડારમાં અષ્ટાદશ પુરાણો પોતાનું આગવું સ્થાન ધરાવે છે. પુરાણ સાહિત્યને કોઈ પસંદ કરે કે ના કરે તો પણ એ અત્યંત આદરણીય તેમજ લોકપ્રિય સાબિત થયું છે ને સુદીર્ઘ સમયથી અસંખ્ય આત્માઓને માટે અસાધારણ અમોઘ આશીર્વાદરૂપ ઠર્યું છે. એણે અસંખ્ય વરસો સુધી અનેકના અંતરાત્માને અનુપ્રાણિત કરવાનું કાર્ય કર્યું છે. પુરાણોમાં આમ તો માર્કંડેય પુરાણની અંતર્ગત દુર્ગાસપ્તશતીનો સમાવેશ કરાયો છે અથવા દુર્ગાસપ્તશતી માર્કંડેય પુરાણના જ એક વિભાગરૂપ છે. તો પણ એ એક સ્વતંત્ર સંપૂર્ણ પુરાણ ગ્રંથ હોય એવી રીતે એનો આદર થાય છે ને લાભ લેવાય છે. પુરાણ સાહિત્યમાં રામાયણ તથા મહાભારતથી એની લોકપ્રિયતા લેશ પણ ઓછી નથી. રામાયણ, મહાભારત તથા શ્રીમદ્ ભાગવત કરતાં એનું કદ પ્રમાણમાં ખૂબ જ નાનું અને એનો વિસ્તાર તેર અધ્યાય સુધી જ વિસ્તરેલો હોવા છતાં ગુણવત્તા અને અસરકારકતાની દૃષ્ટિએ એ એમની બરાબરી કરી શકે તેમ છે.

દુર્ગાસપ્તશતી કથાત્મક રીતે કહેવાયલી અથવા આલેખાયલી હોવાથી એનો રસ આદિથી અંત સુધી એકસરખો જળવાઈ રહે છે ને લોકહૃદયને રંજન પૂરું પાડવાની સાથે મંત્રમુગ્ધ કરે છે. એની શૈલી રોચક છે. સમગ્ર કથાનો વિસ્તાર પ્રમાણમાં અલ્પ હોવાથી પાઠ તથા પારાયણની અનુકૂળતા એમાં અધિક દેખાય છે.

*

**સ્ત્રીશક્તિનું જ્વલંત જયગાન**

પરમાત્માને પરમપુરુષ કે પુરુષોત્તમરૂપે માનીને એમની એવી રીતે પ્રેમપૂર્ણ પ્રશસ્તિ કરતાં અથવા એમને આત્મિક અનુરાગની અનેરી અંજલિ અર્પતા અક્ષરની અલૌકિક આરાધના જેવા જ્વલંત જયગાનો આપણે ત્યાં અનેક છે. અધિકારપ્રાપ્ત મહામાનવે પ્રાગૈતિહાસિક સમયથી એવાં અનેક શાબ્દિક જયગાનોને ગાયા કર્યાં છે. એ જયગાનોના પ્રતિઘોષ પાડનારાં સનાતન સત્શાસ્ત્રો આપણે ત્યાં અનેક છે. પરંતુ કોઈ એવું સનાતન સત્શાસ્ત્ર છે જેમાં સ્ત્રીશક્તિનું જ્વલંત જયગાન ગાવામાં આવ્યું હોય ? એવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં

આપણે દુર્ગાસપ્તશતીના મંગલમય મહાગ્રંથ પ્રત્યે અંગુલિનિર્દેશ કરી ને કહી શકીએ કે એ મહાગ્રંથમાં સ્ત્રીશક્તિનું, સંસારની પરમસનાતન આદ્યાશક્તિ મહામાયા પરમેશ્વરીનું જ્યોતિર્મય જયગાન ગાવામાં આવ્યું છે. પરબ્રહ્મ પરમાત્માની એ અભિન્ન અવિભાજ્યા પરમાત્મરૂપા શક્તિના મહિમાને સ્વતંત્ર રીતે અને આટલા બધા વિસ્તૃતપણે વર્ણવનારો કથાત્મક પુરાણગ્રંથ એના સિવાય બીજો કોઈ જ નથી મળતો. એની એક વિશેષતા અને મહત્વની વિશેષતા એ પણ છે. અધર્મના અંત અને ધર્મના સંસ્થાપન તથા સત્પુરુષોના સમુદ્ધાર અને આસુરી સંપત્તિના સર્વનાશને માટે થયેલા પરમાત્માના અવતારોમાં પુરુષશક્તિ જ મુખ્ય છે. પરંતુ એમાં સ્ત્રીશક્તિનો સમાવેશ પણ થઈ શકે છે, થયેલો છે, અને દુર્ગાસપ્તશતી એની પરિપૂર્ણપણે પ્રતીતિ કરાવે છે. સ્ત્રી કેવળ શરીરના સુખોપભોગ અથવા વિલાસનું સાધન નથી, એ તો મહાદેવી છે, પરમેશ્વરી છે. સંસારનું સર્જન, પાલન અને વિસર્જન કરી શકે છે. એવો ઉદાત્ત ભાવ કે વિચાર એ મહાન ગ્રંથમાં મૂર્તિમંત બન્યો છે. એમાં વર્ણવાયેલી સ્ત્રીશક્તિ કે જગદંબા પરમાત્માની પ્રતિનિધિ, પરમાત્મારૂપ જ છે.

સ્ત્રીશક્તિના એ મંગલમય મહિમાનું જયગાન જે સંજોગોમાં ગવાયું છે એ સંજોગોને પણ સંક્ષેપમાં સમજવા જેવા છે. અવનીમાં અસુરોનું આધિપત્ય હતું અને અસુરો સર્વત્ર આતંક મચાવી રહેલા ત્યારે એમનો અંત આણવાના અથવા એમને પરાસ્ત કરવાના કાર્યમાં દેવતાઓ સફળ ના થઈ શક્યા. એવે વખતે, વિશ્વને વેદનામાંથી મુક્ત કરવા અથવા સમાજને સ્વસ્થ કે સુરક્ષિત બનાવવા એમણે આદ્યાશક્તિનું શરણ લીધું. એ શરણાગતિને પરિણામે એ પરમશક્તિનો પ્રાદુર્ભાવ થયો અને એણે એ જમાનાના આપત્તિજનક આતંકકારી અસુરોનો અંત આણીને સમાજને શાંતિ અર્પી. એટલે કે જે કાર્ય પુરુષો કે દેવો પણ ના કરી શક્યા તે સ્ત્રીશક્તિએ સિદ્ધ કર્યું. સ્ત્રી ગૃહિણી, ભાર્યા, શયનેષુ રંભા નહીં પરંતુ રણચંડી બની. સ્ત્રી એવી રીતે રણચંડી બનીને સમાજની સેવા કે સહાયતા કરી શકે છે એ દુર્ગાસપ્તશતી દ્વારા સૂચવવામાં આવ્યું છે. અને એ પણ અતિશય આકર્ષક રીતે. એ સંજોગોમાં કરાયલું સ્ત્રીશક્તિનું જ્વલંત જયગાન અત્યંત પ્રેરક, અમૃતમય અને આશીર્વાદરૂપ થઈ ગયું છે. એમાં પુરુષો તથા સ્ત્રીઓ સૌને સારુ સનાતન સંદેશ સમાયેલો છે.

દુર્ગાસપ્તશતી દેશની તત્કાલિન પરિસ્થિતિમાં પ્રવર્તમાન શક્તિની ઉપાસનાની સાક્ષા પૂરે છે. પ્રત્યેક સાહિત્યકૃતિમાં એના જમાનાના વિચારો, ભાવો, સંકલ્પો તથા રીવાજોનું પ્રતિબિંબ સ્થૂળ અથવા સૂક્ષ્મ રીતે પડતું હોય છે એ વિધાનની અનુલક્ષીને વિચારીએ તો દુર્ગાસપ્તશતી શક્તિની આરાધનાને અંજલિ આપે છે એટલું જ નહી, એના મંગલ મંદિર પર સુંદર સ્વર્ણકળશ ચઢાવે છે. દુર્ગાસપ્તશતીની શક્તિ કોઈ સામાન્ય શક્તિ નથી. એનામાં ને સર્વ શક્તિમાન પરમાત્મામાં કશો તફાવત નથી. એ જગતની ધાત્રી, વિધાત્રી, સ્થિત અને સંહારણકારિણી મા છે. જગજ્જનની જગદંબા.

મા શબ્દ કેટલો બધો સરસ, સુમધુર અને ભાવમય છે. એની અંદર સર્વ પ્રકારનો સ્નેહ, સઘળું મમત્વ તથા લાગણી સમાઈ જાય છે. માતાનું કાળજુ કોમળ હોય છે. એ જલદી પીગળે છે ને પ્રસન્ન થાય છે એ પોતાના બાળકના બધા જ લાડકોડ પૂરા કરે છે. બાળક પ્રત્યે પ્રેમ વહાવવાનો એનો સહજ સ્વભાવ હોય છે. ફકત એને માટે બાળક બનવું જોઈએ. બાળક બનીને જ્યાં સુધી એનું શરણ લેવામાં અને એને અંતરના અંતરતમમાંથી પ્રેમ કરવામાં કે ભજવામાં ના આવે ત્યાં સુધી એની કૃપાનો લાભ નથી મળી શકતો. જે

બાળક બનીને એની અનુકંપાની આકાંક્ષા રાખે છે એને એની પ્રાપ્તિ તો થાય છે જ પરંતુ સાથે સાથે એ જગજ્જનનીનું દર્શન પણ મળી રહે છે.

બધાં જ બાળકો મા ની આકાંક્ષા રાખે છે ને મા ને તલસે છે એવું થોડું છે ? કેટલાંક તો રમકડાંથી રાજી થાય છે, રમકડાં સાથે રમવા માંડે છે, ને જુદાજુદા મિષ્ટ ખાદ્ય પદાર્થોના સ્વાદમાં મશગુલ બને છે. મા ની સંનિધિ ઈચ્છનારા તો થોડા જ હોય છે. એવી રીતે ભક્તો કે સાધકોમાંના કેટલાકો તો લૌકિક સુખોપભોગમાં ને સિદ્ધિઓરૂપી રમકડાંમાં જ રત રહે છે. એમને જગદંબાની કલ્યાકારિણી કૃપાનો લાભ કેવી રીતે મળી શકે ?

*

**ભાષા**

દુર્ગાસપ્તશતીની ભાષા સરળ ભાવમય, સારગર્ભિત તથા વેધક છે. એનો અધિકાંશ અનુષ્ટુપ છંદમાં લખાયેલો છે. આખોય ગ્રંથ કથાત્મક હોવાથી રસમય બન્યો છે. એના પ્રત્યેની પૂજ્યભાવના તેમજ શ્રદ્ધાભક્તિથી પ્રેરાઈને કેટલાય એનો પાઠ કરે છે ને કેટલાય એના અધ્યયનથી આત્મવિકાસની સાધનામાં આગળ વધે છે. એની ભાષા અને એની પાછળનો ભાવ બંને કલ્યાણકારક છે.



* * *

## ૩. શક્તિની ઉપાસના અને મહત્તા

શિવ અને શક્તિ બંને એક છે. અભિન્ન છે. એકના વિના બીજાનું અસ્તિત્વ જ નથી. બંને એકબીજાનાં પૂરક છે, અથવા તો પરસ્પર એવી રીતે સંકળાયલાં છે કે છૂટાં પડે જ નહીં.

પેલા ચિત્રમાં શક્તિને-દેવીને શિવની છાતી પર નૃત્ય કરતી બતાવી છે અને શિવને શબની પેઠે ધરતી પર ઢળી પડેલા ચિતર્યા છે. એ રેખાચિત્રમાં ઊંડું રહસ્ય રહેલું છે. શિવ એમની અંદર રહેલી શક્તિને લીધે જ શિવસ્વરૂપ છે અને સર્વશક્તિમાન પણ એટલે જ છે. એ શક્તિ જો એમની અંદરથી બહાર નીકળી જાય તો એમની દશા કેવી કફોડી થાય ? શિવમાંથી ઈ નીકળી જાય એટલે માત્ર શવ રહી જાય. શિવ નિશ્ચેતન થાય, નિષ્પ્રાણ બની જાય. શક્તિની મહત્તાનો એવો અનોખો સૂચક સંદેશ એ રેખાચિત્રમાંથી મળી રહે છે.

શક્તિની એ મહત્તા, ભાવના અને ઉપાસના ઉપનિષદમાં પણ અંકિત થયેલી છે. કેનોપનિષદમાં એનું દિગ્દર્શન કરાવતી કથાનું આલેખન કરવામાં આવ્યું છે. કથા કહે છે કે દાનવો સાથેના ભીષણ યુદ્ધમાં દેવો વિજયી બન્યા. એથી એમને અભિમાન થયું. એમણે માન્યું કે આ વિજય આપણા જ સામર્થ્યને લીધે સાંપડી શક્યો છે. અહંકારમાં ઉન્મત્ત બનીને એ પરસ્પર વાર્તાલાપ કરી રહેલા ત્યાં જ એમણે એક કૌતુક જોયું. થોડેક દૂર એમને કોઈક યક્ષ દેખાયો. એના અવનવીન સ્વરૂપને દેખીને દેવો પરસ્પર વિચારવા માંડ્યા કે આ યક્ષ કોણ છે એના રહસ્યનો ઉકેલ કરવો જોઈએ.

સૌથી પહેલા ઈન્દ્રના આદેશાનુસાર અગ્નિદેવે યક્ષની મુલાકાત લીધી.

યક્ષે અગ્નિનો પરિચય પામીને પૂછ્યું કે તારામાં શી શક્તિ છે, તો અગ્નિએ કહ્યું કે હું સમસ્ત સંસારને બાળી નાખવાની શક્તિ ધરાવું છું.

યક્ષે એની આગળ એક તણખલું મૂક્યું ને કહ્યું કે આને બાળી નાખ. અગ્નિદેવે પોતાની સમસ્ત શક્તિ અજમાવી જોઈ તો પણ એ તણખલું ના બળ્યું, ત્યારે એનો ગર્વ ઓગળી ગયો અને એ પાછો ફર્યો.

એ પછી વાયુદેવે યક્ષની પાસે પહોંચી યક્ષના પ્રશ્નના પ્રત્યુત્તરમાં જણાવ્યું કે પૃથ્વી પરના કોઈપણ પદાર્થને હું ક્ષણવારમાં ઉડાડી શકું છું.

યક્ષે તણખલાને ઉડાડવાની સૂચના કરી.

વાયુદેવે બનતો બધો જ પ્રયાસ કરી જોયો પરંતુ તણખલુ હાલ્યું પણ નહિ ત્યારે એનો પણ ગર્વ ઓગળી ગયો અને એ પાછો ફર્યો.

એ પછી ઈન્દ્રે યક્ષની પાસે પહોંચવા માટે પ્રસ્થાન કર્યું પરંતુ ઈન્દ્ર પોતાની પાસે પહોંચે એ પહેલાં જ યક્ષ અદૃશ્ય થઈ ગયો. ઈન્દ્રએ ઉપર આકાશ તરફ દૃષ્ટિપાત કર્યો તો એને એક અત્યંત આકર્ષક ગૌર વર્ણની, સુવર્ણ સમાન શરીરવાળી કન્યા દેખાઈ. એણે જણાવ્યું કે હું દેવી છું. મારી શક્તિથી જ તમે બધા વિજયી થયા છો છતાં પણ અજ્ઞાનને લીધે અહંકારી બન્યા છો. માટે તમારો અહંકાર દૂર કરવા માટે જ મેં યક્ષનું રૂપ ધારણ કરીને તમારી શક્તિ કાંઈ જ વિસાતમાં નથી એ બતાવી આપ્યું.

એ પ્રસંગ પછી ઈન્દ્રની આંખ ઉઘડી ગઈ અને એણે દેવીની સ્તુતિ કરી.

શક્તિ-ઉપાસનાની પરંપરા એવી રીતે વૈદિક-કાળથી ચાલી આવે છે. દુર્ગાસપ્તશતી તો એ ઉપાસનાનું એક મહામૂલ્યવાન, મંગલ, મહિમાવંતું અક્ષર મંદિર છે. એમાં સ્ત્રીશક્તિના સામર્થ્યનું જયગાન કરવામાં આવ્યું છે. સમાજને જ્યારે કટોકટી, આતંક અને અનિષ્ટ તત્વોનો સામનો કરવો પડે છે અને એ કલ્યાણકારક કાર્યમાં પુરુષ પણ નિષ્ફળ નીવડે છે ત્યારે, અધર્મ, અત્યાચાર અને આતંકનો અંત આણવા, સ્વભાવથી શાંત તથા સ્નેહમયી સ્ત્રીશક્તિ શસ્ત્રસજ્જ કે બહાદુર બનીને કેવી રીતે મેદાને પડે છે એની અલૌકિક સુંદર સનાતન શબ્દછબી એમાં અંકિત થઈ છે. એની સાથે સાથે ભક્તિભાવ અથવા તો સર્વસમર્પણ વૃત્તિને વિકસાવીને કોઈપણ વ્યક્તિ ચરાચરમાં વ્યાપક બ્રહ્મશક્તિનો સાક્ષાત્કાર કેવી રીતે કરી શકે છે એનો ઉલ્લેખ પણ એ ગ્રંથરત્નમાં કરવામાં આવ્યો છે, અને એ પણ અત્યંત અસરકારક અને પ્રેરણાત્મક રીતે.

*

'જે દેશમાં સ્ત્રીઓની પૂજા થાય છે તે દેશમાં દેવતાઓ ક્રીડા કરે છે, બધા દૈવી પદાર્થો આવી મળે છે, ને જ્યાં એમનો અનાદર થાય છે ત્યાં સઘળી વિકાસ પ્રવૃત્તિઓ નિષ્ફળ બને છે.' એ મનુના વચન પ્રમાણે પ્રાચીન ભારતમાં સ્ત્રીશક્તિની પૂજા થતી તથા સ્ત્રીજાતિ પ્રત્યે અસાધારણ આદરભાવથી અવલોકાતું. એમની ઉન્નતિ માટે બનતો બધો જ પ્રયાસ થતો. એમને પુરુષની બરાબર જ સ્થાન અપાતું એટલું જ નહીં, એ પુરુષ કરતાં પણ વિશેષ માનનીય મનાતી. માટે તો પહેલાં રાધાનું ને પછી શ્યામનું નામ લેવાય છે; પહેલાં સીતા તથા પછી રામ કહેવાય છે. વચગાળાનાં કેટલાંક વિપરીત વરસો પછી આજે સ્ત્રીજાતિ ફરી જાગી છે અને શક્તિશાળી બનવા તત્પર બની છે એ એક અત્યંત સારું ચિહ્ન છે. એ પ્રવાહથી પ્રસન્ન થવા જેવું છે.

એના અનુસંધાનમાં એટલી વાત યાદ રાખવાની છે કે ભારતવર્ષે સ્ત્રીની પૂજા, એ કેવળ સ્ત્રી છે એટલા માટે કે સુંદર છે એટલા માટે જ નથી કરી. એની અંદર પરમાત્માના પરમપવિત્ર પ્રકાશનું દર્શન કરી એના શીલની અથવા એની સત્વશીલતાની જ આરાધના કરવાનું એણે ઉચિત માન્યું છે. સ્ત્રીને એણે શરીરને ખાતર નથી પૂજી, પરંતુ એના આત્માની ઉત્તમતાને અંજલિ આપીને કૃતાર્થતાનો અનુભવ કર્યો છે. એ હકીકતને યાદ રાખીને સ્ત્રી કેવળ સુંદર દેખાવાની, નમણી કે નાજુક બનવાની હોડમાં જ ઉતરવાને બદલે શીલવતી અને શૂરવીર થવાની સાધના કરશે એ વધારે ઉચિત લેખાશે. આ દેશની સ્ત્રીશક્તિની મહત્તાની ઉદાત્ત ભાવના સાથે એ સુસંગત થશે, અને એવી સાધનાથી ઘર તથા સમાજ અને રાષ્ટ્રને મોટી મદદ મળશે. રાષ્ટ્રના ઘડતરમાં એવી સ્ત્રી અગત્યનો ફાળો આપી શકશે. દુર્ગાસપ્તશતીમાં એ સંદેશ પણ સમાયેલો છે. એમાં વર્ણવાયેલી દેવી કેવળ બહાદુર ન હતી પરંતુ શીલવતી પણ હતી. માટે તો અસુરોની વચ્ચે પણ પોતાની પવિત્રતા તથા પોતાના ચારિત્ર્યને અક્ષય રાખી શકી, અને વિજયી થઈ. દેવો એવી સ્ત્રીશક્તિની પ્રશસ્તિ ન કરે તો બીજા કોની કરે ?

આજે સ્ત્રી જાતિ પ્રત્યેની એવી પૂજ્ય કે પવિત્ર ભાવના આપણા જીવનવ્યવહારમાં દેખાય છે ખરી ? જો એ ભાવના જીવંત હોત તો લોહીના વેપાર, સ્ત્રીઓની છેડતીના બનાવો તથા સ્ત્રીઓ તરફના બીજા દુર્વ્યવહારોનું દર્શન આપણા સમાજમાં ના થતું હોત. એટલે એ ભાવના ફાલીફુલી છે એવું નહીં કહી શકાય. સ્ત્રીજાતિની દશા હજુ ઘણી કંગાળ અને કફોડી છે. નવરાત્રી દરમ્યાન માતાની સ્થાપના કરીને ગરબા

રમવામાં આવે છે એવી રીતે પ્રત્યેક પુરુષે પોતાના મનમંદિરમાં સ્ત્રીની માતારૂપે સ્થાપના કરવી પડશે અને એની પ્રત્યેનો પવિત્ર પ્રેમ તથા પૂજ્યભાવ વધારવો રહેશે. સ્ત્રી કેવળ વિલાસની વસ્તુ નથી, સુખોપભોગની સામગ્રી નથી, પરંતુ પ્રેરણા છે, પ્રકાશની દાત્રી દેવી છે, જીવનને પવિત્ર કરનારી પતિતપાવની ત્રિભુવનતારિણી ગંગા છે, એવી અભિનવ દૃષ્ટિ કેળવવી પડશે.

*

શક્તિની ઉપાસના વિના કોઈ પણ પ્રજા મહાન નથી બની શકતી. મહાલક્ષ્મી, મહાસરસ્વતી તથા મહાકાલી ત્રણે રૂપમાં રહેલી શક્તિની ઉપાસનાની પરિપાટી ભારતવર્ષમાં લાંબા કાળથી ચાલી આવે છે. વ્યક્તિ તથા સમષ્ટિએ સમૃદ્ધ અને સમુન્નત બનવા માટે શક્તિનાં એ ત્રિવિધ સ્વરૂપોની ઉપાસના કરી જીવનમાં એમનો ત્રિવેણી સંગમ, સમન્વય કે સાક્ષાત્કાર કરવો જોઈએ. લક્ષ્મી અથવા ભૌતિક સુખસમૃદ્ધિ તથા સંપત્તિની અવહેલના કરવાનો આદેશ ભારતવર્ષના પ્રાતઃસ્મરણીય ઋષિવરોએ કદી પણ નથી આપ્યો. ઉલટું, જીવનમાં એની અનિવાર્ય આવશ્યકતાનો સ્વીકાર કરીને એમણે એને માટેના જરૂરી પુરુષાર્થને પણ સ્થાન આપ્યું છે. જે પ્રજા શ્રીહીન જીવનના આદર્શને જ આરાધ્યદેવ માનીને બેસી જાય છે ને ભૌતિક સુખસમૃદ્ધિના ક્ષેત્રોમાં આગળ નથી વધતી, જીવન ને જગતની જરૂરતો પ્રત્યે જે આંખ આડા કાન કરે છે, અને પછાત, કંગાળ, દીન, હીન, પતિત કે પરાધીન રહે છે તે પ્રજા હાથે કરીને દુઃખી થાય છે. અને સંસારની સુસંસ્કૃત પ્રજાઓમાં મહત્વનું સ્થાન નથી મેળવી શકતી. સ્વમાનપૂર્વક જીવી પણ નથી શકતી. માટે મહાલક્ષ્મીની આરાધના આવશ્યક છે.

*

પરંતુ એકલી શ્રી, સંપત્તિ કે ભૌતિક સમૃદ્ધિ માનવીને સુખી નથી કરી શકતી. માનવે સાચા અર્થમાં સુખી બનવું હોય તો ભૌતિક ઉત્કર્ષમાં ઇતિકર્તવ્યતા માનીને બેસી રહેવાને બદલે માનસિક અને આત્મિક ઉત્કર્ષની દિશામાં પણ આગળ વધવું જોઈએ. ભૌતિકતાનો અનાદર નહિ પરંતુ ભૌતિકતાની મોહિની પણ નહીં એ ભારતનો મુખ્ય મંત્ર છે. માટે જ શક્તિનાં ત્રિવિધ સ્વરૂપોમાં મહાલક્ષ્મીની સાથે મહાસરસ્વતીનો પણ સમાવેશ કરવામાં આવેલો છે. વ્યક્તિ કે સમષ્ટિએ સમૃદ્ધિવાન બનીને બેસી નથી રહેવાનું. પરંતુ માનસિક શક્તિ, બુદ્ધિ કે પ્રજ્ઞા પણ કેળવવાની છે. વિચારશક્તિ વિના કોઈ પણ પ્રજા આગળ નથી વધી શકતી. માટે જ સૌએ સરસ્વતીના ભક્ત બનવાનું છે. વિવેકની જ્યોતિને જાગ્રત કરીને પ્રગતિના પથ પર પ્રયાણ કરવાનું છે. એનો ઉપયોગ કરીને જીવનને અમૃતમય કરી દેવાનું છે. જીવનમાં જેટલી પણ કાળ કે મૃત્યુની નિશાનીઓ છે - દુઃખ, દર્દ, અશાંતિ, ભેદ, ભય, અવિદ્યા - એમનો અંત આણીને પરમાત્મતત્વનો પરિચય પામી કે પરમશક્તિનો અપરોક્ષ અનુભવ કરી, કાલાતીત કે મૃત્યુંજય બનવાનું છે. એને માટે મન અને ઈન્દ્રિયોના અધિપતિ બનીને એથી અતીત અવસ્થાનો અનુભવ કરવો પડશે અને આત્મબળને કેળવવું રહેશે. ભૌતિક ઉત્કર્ષનું, ધનનું કે સાંસારિક સાધનસામગ્રીનું બળ તથા બુદ્ધિબળ એ બંનેનો સમ્યક્ સદુપયોગ કરીને આત્મબળનો અનોખો આવિર્ભાવ કરવો પડશે. અને મૃત્યુના પાશમાંથી છૂટી જીવનમુક્તિ કે પૂર્ણતાનો અનુભવ કરવા માટે કાલાતીત, કાળની સ્વામિની શક્તિનું શરણ લેવું રહેશે. મહાકાલીની ઉપાસનામાં એ જ રહસ્ય રહેલું છે.

દેવીની ત્રિવિધ ઉપાસના એવી રીતે ભૌતિક અને આધ્યાત્મિક બંને પ્રકારના ઉત્કર્ષને લક્ષમાં રહીને નિશ્ચિત કરવામાં આવી છે અને એ બંને પ્રકારના ઉત્કર્ષમાં મદદ કરનારી છે. સંસારને એ ત્રિવિધ ઉપાસનાની આવશ્યકતા છે. એ મહત્વના મહામૂલ્યવાન સંદેશનો સમાવેશ, જો સમજીને ઝીલવામાં આવે તો, એમાં એમાં સરસ રીતે કરવામાં આવ્યો છે. એ સંદેશ આજે પણ એટલો જ કલ્યાણકારક છે અને ભવિષ્યમાં પણ કલ્યાણકારક રહેશે.

* * *

## ૪. દેવીકવચ

દુર્ગાસપ્તશતી અથવા ચંડીપાઠમાં દેવીકવચનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. દેવીકવચ મૂળ તો વારાહપુરાણમાં છે પરંતુ આરાધકો અનો આધાર લઈ શકે એ માટે દુર્ગાસપ્તશતીના આરંભમાં જ એનો ઉલ્લેખ થયેલો છે. દુર્ગાસપ્તશતીના પાઠ પહેલાં દેવીકવચનો પાઠ કરવાની પ્રથા લગભગ સર્વવ્યાપક જેવી છે. કવચના પાઠ સિવાય મૂળ પાઠનું ફળ લેશ પણ મળે જ નહિ એવું નથી સમજવાનું. કવચના રચનારા પણ એવું માનતા નહોતા. તેમને દુર્ગાસપ્તશતીની ઉદાત્તતા, ઉત્તમતા અથવા અસરકારકતામાં કશી શંકા નહોતી. દુર્ગાસપ્તશતીનો પાઠ અથવા વિવેકયુક્ત વિચાર સાધકની શાંતિ, સુરક્ષા અથવા આત્મોન્નતિને માટે પર્યાપ્ત હોવા છતાં તેમણે દેવીકવચની રચના કરીને મૂળ પાઠનો આધાર લેવાથી શું શું થઈ શકે છે, એ પાઠ લૌકિક-પારલૌકિક પ્રયોજનપૂર્તિની ને સુખાકારીની દિશામાં કેવી રીતે ઉપયોગી થઈ શકે છે, તે બતાવવાની કલ્યાણકારક કોશિશ કરી છે. દુર્ગાસપ્તશતી એનો આશ્રય લેનારને જગદંબાનું દર્શન કરવા પ્રેરે છે ને જગદંબાના અનુગ્રહનો અમૂલખ લાભ આપે છે એ તો નિર્વિવાદ છે, પરંતુ એ ઉપરાંત બીજું શું આપે છે એનું વર્ણન એમાં વિસ્તારપૂર્વક કરવામાં આવ્યું છે. એ વર્ણન અતિશય રોચક છે. જગદંબાના દર્શનની ને પરમશાંતિની પ્રાપ્તિની અભિલાષાવાળા સાધકો સ્વાભાવિક રીતે જ ઘણા ઓછા હોય છે. મોટા ભાગના સાધકો તો બીજા પ્રયોજનોની પૂર્તિની કામનાથી પ્રેરાઈને જ પાઠ કરતા હોય છે. દેવીકવચમાં એમનો વિચાર પણ સંતોષકારક રીતે કરવામાં આવ્યો છે. એ એવા પ્રયોજનપ્રિય સાધકોને સંતોષવાનો પ્રયાસ અને સફળ પ્રયાસ કરી બતાવે છે.

ચંડીપાઠને કરતાં પહેલાં દેવીકવચના પાઠનો આધાર લેવાની સુચના આપતાં કહેવામાં આવ્યું છે :

जपेत्सप्तशतीं चण्डीं कृत्वा तु कवचं पुरा ॥५३॥
यावभ्द्रूमण्डलं धत्ते सशैलवनकाननम् ।
तावत्तिष्ठति मेदिन्यां संततिः पुत्रापौत्रिकी ॥५४॥
देहान्ते परमं स्थानं यत्सुरैरपि दुर्लभम् ।

'પહેલાં દેવીકવચનો પાઠ કર્યા પછી જે દુર્ગાસપ્તશતીનો પાઠ કરે છે તે જ્યાં સુધી પર્વત, વન તથા જંગલોવાળી પૃથ્વી રહે છે ત્યાં સુધી પોતાની પુત્રપૌત્રાદિ સંતતિથી સંપન્ન બને છે. તેની સંતતિનો કદી અંત આવતો નથી. મૃત્યુ પછી તે દેવોને પણ દુર્લભ એવા સર્વોત્તમ પરમ પદની પ્રાપ્તિ કરે છે.'

प्राप्नोति पुरुषो नित्यं महामायाप्रसादतः ॥५५॥
लभते परम्म रुपं शिवेन सह मोदते ॥५६॥

'મહામાયાની કૃપાથી તે ઈચ્છાનુસાર સઘળું પ્રાપ્ત કરે છે, પરમપુરુષને પણ પામી લે છે, અને દિવ્ય દેહને મેળવીને ભગવાન શંકર સાથે આનંદે છે.'

*

દુર્ગાસપ્તશતીના પાઠ કે પારાયણથી બીજું શું મળે છે તે દર્શાવાતું દેવીકવચમાં જે કાંઈ કહેવામાં આવ્યું છે તેનું સંક્ષિપ્ત વર્ણન ખૂબ જ રસપ્રદ તેમજ મનનીય થઈ પડશે.

'જે મનુષ્ય પોતાનું શુભ ઈચ્છે તે કવચનો પાઠ કર્યા વિના એક ડગલું પણ આગળ ના વધે. કવચથી રક્ષાયેલો મનુષ્ય દ્રવ્ય પામે છે, સર્વત્ર વિજય મેળવે છે, ને સઘળી કામનાઓની સિદ્ધિ કરે છે.'

'એને આ અવનીમાં અતુલ ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે. એ નિર્ભય બનીને ગમે તેવા મોટામાં મોટા સંગ્રામમાં વિજયી બને છે ને કોઈનાથી કદી પણ પરાજીત નથી બનતો.'

त्रैलोक्ये तु भवेत्पूज्यः कवचेनावृतः पुमान् ॥४५॥
इदं तु देव्याः कवचं देवानामपि दुर्लभम् ।
यं पठेत्प्रायतो नित्यं त्रिसन्ध्यम श्रद्धयान्वितः ॥४६॥
दैवी कला भवेत्तस्य त्रैलोक्येष्वप्राजितः ।

'દેવીકવચથી રક્ષાયેલો મનુષ્ય ત્રણે લોકમાં પૂજ્ય ગણાય છે. દેવીકવચ તો દેવોને પણ દુર્લભ છે.'

'આ દેવીકવચનો રોજ શ્રદ્ધાભક્તિપૂર્વક જે ત્રણ વાર પાઠ કરે છે તે ઉત્તરોત્તર સમુન્નતિને સાધતાં દૈવી કળાની પ્રાપ્તિ કરે છે અને ત્રણે લોકમાં સર્વત્ર વિજય પામે છે.'

'એનું કદી અપમૃત્યુ નથી થતું, એ સો વરસ સુધી જીવી શકે છે, અને એના દાદર, ખસ, ખુજલી, વિસ્ફોટક જેવા ચર્મરોગોનો નાશ થાય છે.'

स्थावरं जङ्गमं चैव कृत्रिमं चापि यद्विषम् ॥४८॥
अभिचाराणि सर्वाणि मन्त्रयन्त्राणि भुतले ।
भूचराः खेचराश्र्चेव जलजाश्र्चोपदेशिकाः ॥४९॥
सहजाः कुलजा माला डाकिनी शाकिनी तथा ।
अन्तरिक्षचरा घोरा डाकिन्यश्र्च महाबलाः ॥५०॥
ग्रहभूत पिशाचाश्च्च यक्ष गन्धर्व राक्षसाः ।
ब्रह्मराक्षस वेतालाः कूष्माण्डा भैरवादयः ॥५१॥
नश्यति दर्शनात्तस्य कवचे हृदि संस्थिते ।
मानोन्नतिर्भवेद् राज्ञस्तेजोवृद्धिकरं परम् ॥५२॥
यशसा वर्धते सोऽपि कीर्तिमण्डित भूतले ।

'પૃથ્વીમાંથી પેદા થયેલું, સર્પાદિનું જંગમ ઝેર કે ક્લેશ, કંકાસ, દુશ્મનાવટથી આપવામાં આવતું કૃત્રિમ ઝેર એને માટે મારક નથી થતું. મારણ, મોહન, ઉચ્ચાટન જેવી મંત્રતંત્ર તથા મેલી વિદ્યા; ધરતી પર અથવા આકાશમાં ચાલનાર, પાણીમાં પેદા થનારા, ડંખ દેનારા જીવો, કુળદેવતાના દોષો; માલા, શાકિની, ડાકિની, અંતરીક્ષમાં ચાલનારી, ઘોર રૂપવાળી, મહાબળવાળી ડાકિનીઓ, ગ્રહો-ભૂતો-પિશાચો-યક્ષો-ગંધર્વો-રાક્ષસો, બ્રહ્મરાક્ષસો, વેતાલો તથા કુષ્માંડ ને ભૈરવાદિના દોષો જેના હૃદયમાં આ કવચ હોય છે તેને લાગી નથી શકતા. દેવી કવચવાળાના દર્શનમાત્રથી જ બધા ભયો દૂર થાય છે.'

'એને રાજા તરફથી મોટું માન મળે છે. એને લીધે તેજ અથવા પ્રભાવ વધે છે. કવચવાળો માનવ પૃથ્વી પર સર્વત્ર પરમયશસ્વી બનીને વિચરણ કરે છે.'

*

દેવીકવચના આરંભમાં દેવીનાં નવ નામોનો ઉલ્લેખ કરાયેલો છે - શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કુષ્માંડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રિ, મહાગૌરી, અને સિદ્ધિદાત્રી. એ નામોના સ્મરણનું ફળ દર્શાવતાં કહેવામાં આવ્યું છે કે 'મનુષ્ય અગ્નિથી દાઝવાની તૈયારીમાં હોય, રણસંગ્રામમાં કે બીજે સ્થળે શત્રુઓથી ઘેરાયલો હોય, અથવા ગમે તેવા મહાન ભય કે સંકટમાં સપડાયેલો હોય, પરંતુ દેવીના નામોનું સ્મરણ કરે તો ભય, શોક, દુઃખ તથા સંકટમાંથી મુક્તિ મેળવે છે. દેવીનું શ્રદ્ધાભક્તિપૂર્વક સ્મરણ કરનાર તેમજ શરણ લેનારને સિદ્ધિ સાંપડે છે.'

નવ નામોનો નિર્દેશ કરતા એ શ્લોકો આ રહ્યા:

प्रथमं शैलपुत्री च द्वितीयं ब्रह्मचारिणी ।
तृतीयं चन्द्रघण्टेति कूष्माण्डेति चतुर्थकम् ॥३॥
पञ्चमं स्कन्दमातेति षष्ठं कात्यायनीति च ।
सप्तमं कालरात्रीति महागौरीति चाष्टमम् ॥४॥
नवमं सिद्धिदात्री च नवदुर्गाः प्रकीर्तिताः ।
उक्तान्येतानि नामानि ब्रह्मणैव महात्मना ॥५॥

એ નવ નામોનો ભાવાર્થ આ પ્રમાણે છે :

હિમાલયમાં જન્મ લેવાથી શૈલપુત્રી.

બ્રહ્મસ્વરૂપા હોવાથી તથા તે સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવી તેમાં સ્થિતિ કરાવનારાં હોવાથી બ્રહ્મચારિણી.

ચંદ્રના જેવી ચારુ મુખમુદ્રા હોવાથી ચંદ્રઘંટા.

જે ત્રિતાપથી સંસારના સામાન્ય મનુષ્યો પીડાય છે તે ત્રિતાપને પોતાના ઉદરમાં સમાવી રાખવાની અસામાન્ય શક્તિ હોવાથી કુષ્માંડા.

કાર્તિકસ્વામીની માતા હોવાથી સ્કંદમાતા.

કાત્યાયન ઋષિના આશ્રમમાં પ્રકટેલાં હોવાથી કાત્યાયની.

સર્વસંહારક કાળની પણ વિનાશિકા રાત્રિરૂપ હોવાથી કાળરાત્રિ.

શંકરના સહધર્મિણી અતિશય ગૌર વર્ણનાં હોવાથી મહાગૌરી.

ભક્તો તથા શરણાગતોને સર્વ પ્રકારની સિદ્ધિ આપવાની શક્તિ ધરાવતાં હોવાથી સિદ્ધિદાત્રી.

*

દેવીકવચના ઋષિ બ્રહ્મા છે અને એનો છંદ અનુષ્ટુપ.

કવચ સામાન્ય રીતે બાહ્ય આઘાતોથી અથવા પ્રહારોથી રક્ષા કરવા માટે વપરાતું હોય છે. યોદ્ધાઓ યુદ્ધ કરતી વખતે એને ધારણ કરતા અને નિર્ભય બનતા. યુદ્ધપ્રવૃત્તિ દરમિયાન એ અનિવાર્યરૂપે આવશ્યક મનાતું. જીવનના જટિલ જંગમાં અનેક પ્રકારના આઘાતો, અવરોધો અને પ્રહારોની વચ્ચે વિજયના મંગલ માર્ગે સફળતાપૂર્વક સહીસલામત રીતે સરળતાથી આગળ વધવું હોય તો કવચને ધારણ કર્યે જ છૂટકો છે. એ કવચ સામાન્ય અથવા સ્થૂળ નથી પરંતુ અસામાન્ય અને સૂક્ષ્મ છે-પરમ શ્રદ્ધાનું, ભક્તિનું, શરણાગતિનું

કે જ્ઞાનનું. જેની પાસે એ બધું છે એના પર જગદંબાની કૃપા સહેલાઈથી થઈ જાય છે. એ કૃપા અથવા દેવીની કૃપાદૃષ્ટિ જ એને માટે કલ્યાણકારક કવચ થાય છે. એ પરમ કવચને ધારણ કરનારને અન્ય કોઈ કવચને ધારવાનું નથી રહેતું. એ સર્વત્ર, સદા, સર્વ પ્રકારે નિર્ભય બને છે. જીવનનું, સાધનામય જીવનનું, સાચું સુદૃઢ કલ્યાણકારક કવચ એ જ છે. દેવીકવચના અને દુર્ગાસપ્તશતીના પાઠ, ચિંતન ને મનન દ્વારા શ્રદ્ધાભક્તિ, શરણાગતિ અને પરમાત્માભિમુખતાના એ કવચને ધારીએ તો શરીરધારણ સફળ થાય. સ્થૂળ કવચપાઠ એવી રીતે અંદરના સૂક્ષ્મ આત્મિક કવચની તૈયારીની પ્રેરણા પૂરી પાડીને એના નિર્માણમાં મદદરૂપ થાય છે.

દેવીકવચમાં યુદ્ધમાં વિજય, રોગનિવારણ, શત્રુનાશ તથા દીર્ઘ જીવનની પ્રાપ્તિનો ઉલ્લેખ એટલા માટે કરાયો છે કે મોટા ભાગના માનવો, સાધકો કે ભક્તો એને ઇચ્છે છે. પુત્રપૌત્રાદિ યાવચ્ચંદ્રદિવાકરૌ રહે તો પણ શું ? એ અધમ નીકળે તો ? એટલે વિવેકી પુરુષો સદ્‌વૃત્તિ, સદ્‌બુદ્ધિ અને યશ ચાહે છે. એને માટે પ્રાર્થે છે પણ ખરા. દેવીકવચમાં એવી પ્રાર્થનાનો સુંદર સંતોષકારક પ્રત્યુત્તર પડેલો છે. એમાં માનવમનની ભૌતિક અને આધ્યાત્મિક ઉભયવિધ ભાવનાનો સમાવેશ કરવામાં આવ્યો છે. પોતપોતાની સ્વતંત્ર ભૂમિકા, રુચિ અથવા પ્રકૃતિને અનુસરીને સાધક અથવા આરાધક એનો લાભ ઉઠાવી શકે છે.



* * *

## ૫. અર્ગલાસ્તોત્રની પ્રાણવાન પંક્તિ

દુર્ગાસપ્તશતીની અંતર્ગત આવેલા અર્ગલાસ્તોત્રમાં બધા મળીને પચીસ શ્લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એના પચ્ચીસમા શ્લોકમાં એના પાઠની ફળશ્રુતિ છે.

इदं स्तोत्रं पठित्वा तु महास्तोत्रं पठेन्नरः ।
स तु सप्तशतीसंख्यावरमाप्नोति सम्पदाम् ॥२५॥

'આ અર્ગલા સ્તોત્રના પાઠ પછી જે પુરુષ મહાસ્તોત્ર ચંડીપાઠ કે દુર્ગાસપ્તશતીનો પાઠ કરે છે તે પુરુષ દુર્ગાસપ્તશતીની શ્લોકસંખ્યા જેટલી જ એટલે કે સાતસો પ્રકારની સંપત્તિરૂપ વરદાન પામે છે.'

એનો અર્થ એ થયો કે એવા પુરુષનું જીવન સર્વ પ્રકારની સુખોપભોગની સામગ્રી, સમૃદ્ધિ કે સંપત્તિથી સંપન્ન બની જાય છે. એને કોઈપણ પ્રકારનું દુઃખ અથવા દૈન્ય નથી સતાવતું.

અર્ગલા સ્તોત્રનો આરંભ કેટલી બધી આકર્ષક, આનંદદાયક અને સરસ રીતે કરવામાં આવ્યો છે.

ॐ जयन्ती मङ्गला काली भद्रकाली कपालिनी ।
दुर्गा क्षमा शिवा धात्री स्वाहा स्वधा नमोऽस्तु ते॥१॥

'સર્વથી શ્રેષ્ઠ જયન્તી, સર્વ મંગલ કરનારી મંગલા, સર્વ વિનાશિની કાલી, કલ્યાણકારિણી ભદ્રકાલી, કપાલિની, દુર્ગતિનાશિની દુર્ગા, શરણાગતોને ક્ષમા કરનારી ક્ષમા, શિવા, સૌનું પોષણ કરનારી ધાત્રી, દેવોની પોષક સ્વાહા અને પિતૃઓની પોષક સ્વધા તમને સૌને નમસ્કાર કરું છું.'

*

અર્ગલા સ્તોત્રમાં દેવીની જુદાંજુદાં નામોથી પ્રશસ્તિ કરતાં કેટલીય વસ્તુઓની માગણી કરવામાં આવી છે. એમાં સુંદર, સદ્ગુણી, સાનુકૂળ સ્ત્રીની અભિલાષા પણ સેવવામાં આવી છે. તે બતાવે છે કે ધર્મ, સાધના અથવા આરાધનાના નામે પ્રાચીન કાળમાં સ્ત્રીનો અથવા આદર્શ ગૃહસ્થાશ્રમનો અનાદર કરવામાં નહોતો આવતો. એમને જીવનમાં સમુચિત સ્થાન આપવામાં આવતું. સ્ત્રીની અવજ્ઞા અનુચિત મનાતી. સ્ત્રી પરમશક્તિરૂપા કે જગદંબા છે. એ સ્વરૂપમાં જ એનું દર્શન કરીને એના મંગલ મહિમાને વિચારીએ તો એની સાથેનો વ્યવહાર વિશદ બને ને પાપવિચાર ઓછા થાય. આખરે સંપૂર્ણપણે શાંત થઈ જાય. સ્ત્રી પોતાના સાથ અથવા સહકારથી પુરુષના જીવનને પણ સુખમય અને ઉજ્જવળ કરી શકે છે. એની અંદર એવી અસીમ શક્તિ છે. એ પોતાના સંસ્કારોનું જતન કરીને તથા તેમને સુદૃઢ બનાવીને પોતે તો અવિદ્યામુક્ત બની શકે છે પરંતુ સાથે સાથે પુરુષને પણ તેવો બનાવી શકે છે. તેનું જીવન પુરુષને કેવળ શારીરિક અથવા ભૌતિક રીતે સુખી કરવા માટે જ નથી પરંતુ એથી આગળ વધીને પુરુષના આત્મિક અભ્યુત્થાનને સાધીને જીવનમુક્ત કે કૃતાર્થ કરવા માટે છે. અર્ગલાસ્તોત્રનો આ સરસ સારગર્ભિત શ્લોક એ દિશામાં ઘણો મહત્વનો મૂલ્યવાન પ્રકાશ ફેંકે છે.

पत्नीं मनोरमां देहि मनोवृत्तानुसारिणीम् ।
तारिणीं दुर्ग संसार सागरस्य कुलोभ्दवाम् ॥२४॥

'મનને આનંદ આપનારી, મનપસંદ, સુંદર, મનોવૃત્તિ અથવા મનની ભાવનાને અનુસરનારી, ઉત્તમ કુળમાં જન્મેલી, સુદુસ્તર સંસાર સાગરમાંથી તારનારી અથવા તરવામાં મદદ કરનારી પત્ની પ્રદાન કરો.'

અર્ગલાસ્તોત્રના રચયિતા સૂચવે છે કે પત્ની વિનાનું જીવન અધુરૂં છે. સ્ત્રીનું જીવન પુરુષથી તથા પુરુષનું જીવન સ્ત્રીથી સુખી, શાંત, સુમધુર તથા પરિપૂર્ણ બને છે. પરંતુ એવી પરિપૂર્ણતાની પ્રાપ્તિ માટે સ્ત્રી કેવી હોવી જોઈએ ? આ શ્લોકમાં આદર્શ સ્ત્રીનાં કેટલાંક નોંધપાત્ર લક્ષણો કહી બતાવવામાં આવ્યાં છે. આદર્શ સ્ત્રી સૌથી પહેલાં તો આંખને અને અંતરને ગમે તેવી હોવી જોઈએ. જો એ આંખમાં અને અંતરમાં વસે તેવી ના હોય તો એને કોણ પસંદ કરે અથવા ચાહે ? એટલા માટે જ માગણી કરવામાં આવી કે મનોરમા પત્ની પ્રદાન કરો. પરંતુ એકલી ચિત્તાકર્ષક સુંદર સ્ત્રીથી જ કાંઈ લગ્નજીવન સફળ બને છે એવું થોડું છે ? સ્ત્રી મનોરમા હોય તો પણ આપણા મનની ઇચ્છા અથવા ભાવનાનુસાર વર્તનારી ના હોય, આપણને સહાનુભૂતિથી સમજી શકતી ના હોય, અને ડગલે ને પગલે વિરોધી બનીને આપણા માર્ગમાં વિક્ષેપો નાખતી હોય, તો જીવનને સુખી કરવાની અપેક્ષા ભાગ્યે જ રાખી શકાય. એવું જીવન કટુ બની જાય એ દેખીતું છે. સ્ત્રી સારી હોય પણ જો પુરુષ પ્રતિકૂળ હોય તો એનું જીવન અશાંત બની જાય છે. એટલે બંને એકમેકને અનુકૂળ જોઈએ. તો જ સંસાર સફળ થાય. નહિ તો પંચાંગમાં તો હોળી ફાગણ સુદ પૂનમે આવે છે પરંતુ રોજની હૈયાહોળી સળગ્યા કરે. સ્ત્રીને માટે પુરુષ ને પુરુષને માટે સ્ત્રી મનને સમજનાર અને એને અનુસરીને પગલાં ભરનાર હોય તો જીવન જ્યોતિર્મય બને. સ્ત્રી ઉત્તમ કુળમાં પેદા થયેલી એટલે કે સુસંસ્કારી ને શીલવતી હોવી જોઈએ. એવી સ્ત્રી ગૃહસ્થાશ્રમની શોભા બનીને ગૃહસ્થાશ્રમને નંદનવનમાં ફેરવી શકે. પુરુષ તથા સ્ત્રી બંને એકમેકની મદદથી આત્મિક ઉત્કર્ષ સાધી શકે.

*

પરંતુ જેને અર્ગલાસ્તોત્રની પ્રાણવાન પંક્તિ કહી શકાય તે તો બીજી જ છે. એનો ઉલ્લેખ હવે કરી લઈએ. એ પંક્તિનો પ્રયોગ અર્ગલાસ્તોત્રના ત્રીજાથી તેવીસમા શ્લોકપર્યંત પ્રત્યેક શ્લોકના ઉત્તરાર્ધ તરીકે કરવામાં આવ્યો છે. અનુષ્ટુપ છંદની એ સુંદર સારગર્ભિત પંક્તિ છે.

**रुपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥**

'હે માતા! મને સ્વાસ્થ્ય અને રૂપ અથવા સૌંદર્ય આપો, વિજય આપો, યશ પ્રદાન કરો, અને મારી અંદરના તેમજ બહારના શત્રુઓનો નાશ કરી દો.'

અંદરના અને બહારના શત્રુઓ ? હા. માનવની પોતાની અંદરની આસુરી સંપત્તિ, એની અંદરના બુરા ભાવો, વિચારો તથા સંસ્કારો એના સાચા શત્રુરૂપ હોવાથી એ સૌનો નાશ આવશ્યક છે. ચંડ, મુંડ, મહિષાસુર, શુંભ, નિશુંભ, રક્તબીજ તથા ધૂમ્રલોચન એની અંદર રહીને એની આત્મશક્તિનો હ્રાસ કરવા તૈયાર છે. કામ, ક્રોધ, લોભ, અહંકાર, સ્વાર્થ અને દ્વેષભાવના એ અસુરોનો અંત આણવાની આવશ્યકતા છે. એ ઉપરાંત બહાર પણ જ્યાં આસુરી વૃત્તિ તથા પ્રવૃત્તિ દેખાય ત્યાં એના પ્રભાવમાં પડ્યા વિના એનો સફળતાપૂર્વક સામનો કરવો જોઈએ.

સુ-યશની પ્રાપ્તિ માટે સત્કર્મપરાયણ બન્યા સિવાય છુટકો નથી. અર્ગલાસ્તોત્રમાં એવા સુ-યશને માટે પ્રાર્થના કરવામાં આવી છે.

જીવનના જટિલ સાધનાત્મક સંગ્રામમાં પ્રતિ પળે, પ્રતિ સ્થળે, વિજયની આકાંક્ષા પણ આદર્શ સાધક રાખે જ. એ કદી પરાજયની ઈચ્છા ના રાખે.

શરીરની ઉપેક્ષા કરવાને બદલે શરીરને સ્વસ્થ, સુદૃઢ તેમજ સુંદર બનાવીને આત્મવિકાસની સાધનામાં સાધનરૂપ બનાવવાનો એનો પ્રયત્ન હોય.

અર્ગલા સ્તોત્રની એ પ્રાણવાન પંક્તિ જીવનને સુખી, શક્તિશાળી, સફળ તેમજ યશસ્વી કરવાની પ્રેરણા પૂરી પાડે છે.

* * *

## ૬. અર્ગલાસ્તોત્ર

દુર્ગાસપ્તશતીની અંતર્ગત આવેલું અર્ગલાસ્તોત્ર અત્યંત આકર્ષક હોવાથી એનો પરિચય અસ્થાને નહિ ગણાય. આ રહ્યું એ સરસ સારગર્ભિત સ્તોત્ર

માર્કન્ડેય ઉવાચ

ॐ जयन्ती मङ्गला काली भद्रकाली कपालिनी ।
दुर्गा क्षमा शिवा धात्री स्वाहा स्वधा नमोऽस्तु ते॥१॥

શ્રી માર્કંડેય મહામુનિએ કહ્યું :

જયન્તી, મગંલા, કાલી, ભદ્રકાલી, કપાલિની, દુર્ગા, ક્ષણા, શિવા, ધાત્રી, સ્વાહા તથા સ્વધા એ નામોથી પ્રખ્યાત જગદંબા તમને અમારા પ્રેમપૂર્વક પ્રણામ છે.

जय त्वं देवि चामुण्डे जय भूतार्तिहारिणि ।
जय सार्वगते देवि कालरात्रि नमोऽस्तु ते ॥२॥
मधुकैटभ विद्राविविधातृ वरदे नमः ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥३॥
महिषासुरनिर्णाशि भक्तानां सुखदे नमः ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जाहि ॥४॥
रक्तबीजवधे देवि चण्डमुण्द विनाशिनि ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जाहि ॥५॥

'દેવી ચામુંડા, તમારો જય હો ! મનુષ્યોનાં દુઃખ દર્દોને દૂર કરનારી દેવી, તમારો જય હો ! સર્વવ્યાપિકા કાલરાત્રી દેવી, તમારો જયજયકાર હો ! તમને પ્રેમપૂર્વક પ્રણામ હો !'

'મધુ તથા કૈટભ દૈત્યનો નાશ કરનારી ને બ્રહ્માજીને વરદાન આપનારી દેવી, અમને રૂપ દો, જય દો, યશ દો, અને કામક્રોધાદિ શત્રુઓનો નાશ કરો.'

'મહિષાસુરનો નાશ કરનારી તથા ભક્તોને કે શરણાગતોને સુખ પ્રદાન કરનારી દેવી, તમને પ્રણામ. અમને રૂપ દો, જય દો, યશ દો અને કામક્રોધાદિ શત્રુઓનો નાશ કરો.'

'રક્તબીજનો વધ કરનારી, ચંડમુંડને મારનારી દેવી ! તમને પ્રણામ. અમને રૂપ દો, જય દો, યશ દો, અને કામક્રોધાદિ શત્રુઓનો સંહાર કરવાની શક્તિ આપો.'

शुम्भस्यैव निशुम्भस्य धूम्राक्षस्य च मर्दिनि ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥६॥
वन्दिताङ्घ्रियुगे देवि सर्वसौभाग्यदायिनि ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥७॥
अचिन्त्यरुपचरिते सर्वशत्रु विनाशिनि ।

रुपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥८॥
नतेभ्यः सर्वदा भक्त्या चण्डिके दुरतापहे ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥९॥
स्तुवद्भ्यो भक्तिपूर्वं त्वां चण्डिके व्याधिनाशिनि ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥१०॥

'શુંભ, નિશુંભ તથા ધૂમ્રાક્ષ રાક્ષસનો સંહાર કરનારી દેવી ! અમને રૂપ અથવા આરોગ્ય અને સૌંદર્ય આપો, જય આપો, યશ આપો તથા અમારી અંદર રહેલા કામક્રોધાદિ ભયંકર શત્રુઓનો નાશ કરો.'

'સૌથી વંદન કરાયેલાં ચરણકમળવાળી, સૌને સૌભાગ્યદાન દેનારી દેવી ! અમને રૂપ આપો, જય આપો, યશ આપો તથા અમારી અંદર રહેલા કામક્રોધાદિ ભયંકર શક્તિશાળી શત્રુઓનો સંહાર કરો.'

'અચિંત્ય રૂપ તથા કર્મવાળી, સર્વે શત્રુઓનો નાશ કરી દેનારી દેવી ! અમને રૂપ આપો, જય આપો, યશ આપો તથા અમારી અંદર રહેલા કામક્રોધાદિ ભયંકર શક્તિશાળી શત્રુઓનો સંહાર કરો.'

'જે શ્રદ્ધાભક્તિપૂર્વક તમારાં ચારુ ચરણોમાં સદા મસ્તક નમાવે છે તે કષ્ટો તથા કુકર્મોમાંથી મુક્તિ મેળવે છે. હે દેવી ! અમને રૂપ આપો, જય આપો, યશ આપો અને અમારી અંદર રહેલા કામક્રોધાદિ મહાભયંકર, મહાશક્તિશાળી શત્રુઓનો સંહાર કરો.'

'પ્રેમપૂર્વક પ્રશસ્તિ કરનારા પુરુષોની પીડાનો નાશ કરનારી દેવી ચંડિકા ! અમને રૂપ અથવા આરોગ્ય અને સૌંદર્ય આપો, જય આપો, યશ આપો તથા અમારી અંદર રહેલા કામક્રોધાદિ મહાભયંકર મહાશક્તિશાળી શત્રુઓનો સંહાર કરો.'

चण्डिके सततं ये त्वामर्चयन्तीह भक्तितः ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥११॥
देहि सौभाग्यमारोग्यं देहि मे परमं सुखम् ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥१२॥
विधेहि द्विषतां नाशं विधेहि बलमुच्चकैः ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥१३॥
विधेहि देवि कल्याणं विधेहि परमां श्रियम् ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥१४॥
सुरासुरशिरोरत्न निघृष्ट चरणेऽम्बिके ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥१५॥

'ચંડિકાદેવી ! આ જગતમાં જે સતત રીતે શ્રદ્ધાભક્તિપૂર્વક તમારી ઉપાસના કરે છે તેમને રૂપ આપો, જય આપો, યશ પ્રદાન કરો અને તેમના શત્રુઓનો નાશ કરો.'

'હે દેવી, મને સૌભાગ્ય આપો, આરોગ્ય આપો, પરમ તથા સનાતન સુખ આપો. રૂપ આપો, વિજય આપો, યશ પ્રદાન કરો, અને કામક્રોધ તેમજ અવિદ્યાદિ શત્રુઓનો સંહાર કરો.'

'મારો વિરોધ તથા દ્વેષ કરનારાનો નાશ કરો, મારી અંદર અદ્‌ભૂત શક્તિસંચાર કરો. રૂપ આપો, યશ પ્રદાન કરો, અને કામક્રોધ તથા અવિદ્યાદિ શત્રુઓને સંહારો.'

'હે દેવી ! મારું કલ્યાણ કરો, મને સર્વોત્તમ સંપત્તિ આપો. રૂપ આપો, વિજય આપો, યશ પ્રદાન કરો, અને કામક્રોધ તથા અવિદ્યાદિ શત્રુઓને સંહારો.'

'દેવો તથા દાનવોનાં મસ્તકનાં રત્નો હે જગદંબિકા ! તમારા ચરણોમાં સમર્પિત થાય છે. તમે કૃપા કરો, રૂપ આપો, વિજય આપો, યશ પ્રદાન કરો, અને મારા કામક્રોધ તથા અવિદ્યાદિ શત્રુઓને સંહારો.'

विद्यावन्तं यशस्वन्तं लक्ष्मीवन्तं जनं कुरु ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥१६॥
प्रचण्डदैत्यदर्पघ्ने चण्डिके प्रणतय मे ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥१७॥
चतुर्भुजे चतुर्वक्त्र संस्तुते परमेश्वरि ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥१८॥
कृष्णेन संस्तुते देवि शश्वभ्दक्त्या सदाम्बिके ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥१९॥
हिमाचलसुतानाथ संस्तुते परमेश्वरि ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥२०॥

'હે દેવી ! તમારા શરણાગત ભક્તોને વિદ્વાન, યશસ્વી તથા ધનવાન બનાવો. રૂપ આપો, જય આપો, યશ આપો, અને કામક્રોધ તેમજ અવિદ્યાદિ શત્રુઓનો સંહાર કરો.'

'ભયંકર દૈત્યોના ગર્વનો નાશ કરવાવાળી દેવી ! અમે તમારે શરણે આવ્યા છીએ. અમને રૂપ આપો, જય આપો, યશ આપો, અને કામક્રોધ તથા અવિદ્યાદિ શત્રુઓનો સંહાર કરો.'

'બ્રહ્માજીથી પ્રશસ્તિ કરાયેલી ચતુર્ભુજા પરમેશ્વરી ! રૂપ આપો, જય આપો, યશ આપો, અને કામક્રોધ તથા અવિદ્યાદિ શત્રુઓનો સંહાર કરો.'

'હિમાલયની પરમ પવિત્ર પુત્રી, પાર્વતીના પતિ ભગવાન શંકર દ્વારા સ્તવન કરાયેલી પરમેશ્વરી ! અમને રૂપ આપો, જય આપો, યશ આપો, અને કામક્રોધ તથા અવિદ્યાદિ શત્રુઓનો સંહાર કરો.'

इन्द्राणीपति सद्भाव पूजिते परमेश्वरि ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जाहि ॥२१॥
देवि प्रचण्डदोर्दण्ड दैत्यदर्प विनाशिनि ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जाहि ॥२२॥
देवि भक्ताजनोद्दामदत्तानन्दोदयेऽम्बिके ।
रुपं देहि जयं देहि यशो देहि द्विषो जाहि ॥२३॥
पत्नीं मनोरमां देहि मनोवृत्तानुसारिणीम् ।
तारिणीं दुर्ग संसार सागरस्य कुलोभ्दवाम् ॥२४॥

इदं स्तोत्रं पठित्वा तु महास्तोत्रं पठेन्नरः ।
स तु सप्तशतीसंख्यावरमाप्नोति सम्पदाम् ॥२५॥

'હે પરમેશ્વરી ! ઈન્દ્રાણીના સ્વામી ઈન્દ્ર પણ તમારું સદ્‌ભાવથી સ્મરણ તથા પૂજન કરે છે. તમે અમને રૂપ આપો, જય આપો, યશ આપો તથા અમારી અંદર રહેતા કામક્રોધાદિ અવિદ્યાજન્ય શત્રુઓનો સંહાર કરો.'

'પ્રચંડ બળવાન બાહુઓવાળા દાનવોના દર્પનો નાશ કરનારી દેવી ! રૂપ આપો, જય આપો, યશ આપો તથા અમારી અંદર રહેતા કામક્રોધાદિ અવિદ્યાજન્ય શત્રુઓનો સંહાર કરો.'

'ભક્તિભાવથી ભરપુર ભક્તજનોને અહર્નિશ આનંદ આપનારી દેવી અંબિકા ! રૂપ આપો, જય આપો, યશ આપો તથા અમારી અંદર રહેતા કામક્રોધાદિ અવિદ્યાજન્ય શત્રુઓનો સંહાર કરો.'

'મનને ગમનારી અથવા આહ્લાદ આપનારી, મનોવૃત્તિને અનુસરનારી, સુદુસ્તર સંસારસાગરની પાર ઉતારનારી, શ્રેષ્ઠ કુળમાં જન્મેલી, સુંદર સ્ત્રી આપો.'

'આ અર્ગલા સ્તોત્રનો પાઠ કર્યા પછી જે પુરુષ પરમસ્તોત્ર દુર્ગાસપ્તશતીનો પાઠ કરે છે તે સપ્તશતીના જપની સંખ્યાનું ફળ પામે છે ને સાથે સાથે સર્વોત્તમ પ્રકારની સંપત્તિથી સંપન્ન બને છે.'

* * *

## ૭. કીલક સ્તોત્ર

દુર્ગાસપ્તશતીનું કીલકસ્તોત્ર પણ જાણવા જેવું છે. એ સ્તોત્ર ખૂબ જ સુંદર અને પ્રેરક છે. કીલકનો શબ્દપ્રયોગ ગીતામાં પણ કરવામાં આવ્યો છે. ત્યાં કહ્યું છે કે

अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः। ઈતિ કીલકમ્ ।

તને હું સર્વ પ્રકારનાં પાપોમાંથી મુક્ત આપીશ. તું શોક ના કર, એ કીલક છે.

કીલક એટલે ખીલો અથવા શીલો. સંક્ષેપમાં કહીએ તો સાધક ભક્ત કે શરણાગતનું પ્રેરણાસ્થાન, આશ્રયસ્થાન. ખીલાને લીધે વાછરડું જેમ અમુક મર્યાદામાં જ વિહરે છે તેમ ભક્ત એની આજુબાજુ ફર્યા કરે છે, એમાં શ્રદ્ધાભક્તિ રાખીને એની સાથે પોતાના મનને જોડી દે છે. એને માટે એ સલામતીનું તેમજ સ્થિરતાનું સાધન બની જાય છે. એનો આધાર એને માટે ખૂબ જ કલ્યાણકારક અથવા આશીર્વાદરૂપ થાય છે.

દુર્ગાસપ્તશતીનું કીલકસ્તોત્ર દેવીભક્તોને માટે ઉપયોગી, પ્રેરક અને આશીર્વાદરૂપ છે. એનું વિહંગાવલોકન કરી જઈએ. કીલકસ્તોત્રમાં બધા મળીને ચૌદ શ્લોકોનો સમાવેશ થાય છે. એ શ્લોકોની ભાષા સરળ, સારગર્ભિત, શ્રદ્ધાભક્તિપૂર્ણ ને સરસ છે. એમની અંદરથી અભિવ્યક્તિ પામતા ભાવો ખૂબ જ હૃદયસ્પર્શી તથા ઉદાત્ત અને વેધક છે. એમનો આસ્વાદ આનંદદાયક થઈ પડશે.

દુર્ગાસપ્તશતીના કીલકસ્તોત્રના આરંભમાં શિવસ્તુતિનો સરસ શ્લોક લખવામાં આવ્યો છે.

ॐ विशुद्धज्ञानदेहाय त्रिवेदीदिव्यचक्षुषे ।
श्रेयःप्राप्तिनिमित्ताय नमः सोमार्धधारिणे ॥१॥

‘વિશુદ્ધ જ્ઞાનરૂપી દેહવાળા, ત્રણ વેદરૂપી અલૌકિક આંખવાળા, અર્ધ ચંદ્રને ધારણ કરનારા શંકર ભગવાનને આત્મકલ્યાણની પ્રાપ્તિ માટે પ્રણામ કરું છું.’

समग्राण्यपि सेत्स्यन्ति लोकशङ्कामिमां हरः ।
कृत्वा निमन्त्रयामास सर्वमेवमिदं शुभम् ॥५॥
स्तोत्रं वै चण्डिकायास्तु तच्च गुह्यं चकार सः ।
समाप्नोति स पुण्येन तां यथावन्निमन्त्रणाम् ॥६॥
सोऽपि क्षेममवाप्नोति सर्वमेव न संशयः ।
कृष्णायां वा चतुर्दश्यामष्टम्यां वा समाहितः ॥७॥

‘કીલકસ્તોત્રના પાઠથી સર્વ પ્રકારની ઈપ્સિત વસ્તુઓ મળી શકે છે. કોઈને શંકા થાય કે કેવળ ચંડીપાઠ કે દુર્ગાસપ્તશતીથી સિદ્ધિ સાંપડી શકે છે કે કેમ તો તેવી શંકાના સમાધાન માટે ભગવાન શંકરે કહ્યું છે કે ચંડીપાઠનું આખ્યાન સર્વ પ્રકારે કલ્યાણકારક છે.’

‘આ ગુપ્ત ચંડીપાઠને ભગવાન શંકરે પ્રકટ કર્યો. એ પાઠ પરમ પુણ્યપ્રદાયક છે. બીજા પાઠો કે સ્તોત્રો કરતાં સપ્તશતીના પાઠને શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે. તેને લક્ષમાં લેવાની આવશ્યકતા છે.’

'આ સ્તોત્રનો આશ્રય લેનારનું સર્વપ્રકારે કલ્યાણ થાય છે એમાં કોઈયે પ્રકારનો સંશય નથી કરવા જેવો. કૃષ્ણપક્ષની આઠમ અથવા ચૌદસને દિવસે જે કોઈ એકાગ્રચિત્તે આ સ્તોત્રનો પાઠ કરે છે તેને સર્વે સિદ્ધિ સાંપડે છે. તેની ઉપર જગદંબાની કૃપા ઉતરે છે.'

यो निष्कीलां विधायैनां चण्डीं जपति नित्यशः ।
स सिद्धः स गणः सोऽथ गन्धर्वो जायते ध्रुवम् ॥९॥
न चैवापाटवं तस्य भयं क्वापि न जायते ।
नापमृत्युवशं याति मृते च मोक्षमाप्नुयात् ॥१०॥

'કીલકસ્તોત્રને સિદ્ધ કરીને જે દુર્ગાસપ્તશતીનો જપ કરે છે તે સિદ્ધ બને છે, દેવીના ગણ થાય છે, અથવા ગંધર્વ તરીકે જન્મ લે છે.'

'તે મનુષ્યને આ જગતમાં કોઈ પણ સ્થળે કે સમયે ભય નથી લાગતો, એનું અકાળ મૃત્યુ નથી થતું, તથા મરણ પછી એને મુક્તિ મળે છે.'

सौभाग्यादि च यत्किञ्चिद् दृश्यते ललनाजने ।
तत्सर्वं तत्प्रसादेन तेन जप्यमिदम् शुभम् ॥१२॥

'દેવીની કૃપાપ્રસાદીથી સ્ત્રીઓને સૌભાગ્યાદિ વિવિધ સુખોની પ્રાપ્તિ થાય છે. માટે એ કૃપાપ્રસાદીની પ્રાપ્તિ માટે દેવીના આ સ્તોત્રનો પાઠ અવશ્ય કરવા જેવો છે.'

ऐश्वर्यं तत्प्रसादेन सौभाग्यारोग्यमेव च ।
शत्रुहानिः परो मोक्षः स्तूयते सा न किं जनैः ॥१४॥

'જેની કૃપાથી ઐશ્વર્ય, સૌભાગ્ય, આરોગ્ય અને સંપત્તિ સાંપડે છે, શત્રુઓનો સર્વનાશ થાય છે ને પરમ મોક્ષ મળે છે તે જગજ્જનની જગદંબાની સ્તુતિ મનુષ્યો શા માટે નથી કરતા ? તેની જ સ્તુતિ કલ્યાણની કામનાવાળા સૌ કોઈએ કરવા જેવી છે.'

* * *

## ૮. આરંભ અને અંત

દુર્ગાસપ્તશતીનો આરંભ અત્યંત આકર્ષક અને રોચક રીતે થયેલો જોવા મળે છે. એના પ્રથમ અધ્યાયમાં મધુ તથા કૈટભ નામના બે મહાબળવાન રાક્ષસોના વિનાશની કરુણાતિકરુણ કથા કહી બતાવવામાં આવી છે. મધુ તથા કૈટભ નામના એ રાક્ષસો કોણ હતા, ક્યાં અને કેવી રીતે પ્રકટેલા, એમનો વિનાશ શા માટે કરવો પડ્યો ને કયા સવિશેષ સંજોગોમાં કોણે કર્યો એનો ક્રમબદ્ધ સાંગોપાગ સવિસ્તર ઈતિહાસ એમાં અતિશય અદ્ભુત અને આહ્લાદક રીતે આલેખવામાં આવ્યો છે. એ ઇતિહાસ ખૂબ જ પ્રેરક છે.

એ અધ્યાયના આરંભમાં અથવા પૂર્વાર્ધમાં એક બીજી મહત્વની વસ્તુને વણી લેવામાં આવી છે. એમાં ત્રિગુણાત્મિકા પ્રકૃતિના પાશમાં બંધાયેલા બે દુઃખી અશાંત આત્માઓનો ઉલ્લેખ કરાયેલો છે. જીવ શિવસ્વરૂપ હોવા છતાં શા માટે ચિંતાતુર, બદ્ધ, અપૂર્ણ અને દુઃખી છે ? કારણ કે તે પ્રકૃતિમાં પ્રીતિ, મમતા અથવા આસક્તિ કરી બેઠો છે અને પોતાના મૂળભૂત સચ્ચિદાનંદ સ્વરૂપને ભૂલી ગયો છે. એ જો પોતાના મૂળભૂત સ્વાભાવિક સચ્ચિદાનંદ સ્વરૂપને સમજે અને અનુભવે તો એ પરવશતામાંથી મુક્તિ મેળવે ને પૂર્ણ, પ્રશાંત, મુક્ત તેમજ ધન્ય બને. સંસ્કારી સમજુ પુરુષો દુઃખી બનવા અને અશાંત થવા છતાં પણ પોતાના સંસ્કારોને સાચવી રાખે છે, અને સંસ્કારરહિત આસુરી સંપત્તિવાળા પશુવૃત્તિપરાયણ પુરુષો જ્યાં વસતા હોય ત્યાં ખૂબ જ હાનિકારક, અશાંતિદાયક અને સર્વવિનાશક થઈ પડે છે. દુર્ગાસપ્તશતીના પ્રથમ અધ્યાયમાં એવા ઘોર, અતિઘોર અસુરોનો ઈતિહાસ પણ આલેખવામાં આવ્યો છે.

પરંતુ માનવ જીવનની વિકાસભૂમિકા અને એ વિકાસભૂમિકા પર રચાયલી વાસ્તવિક કથા એવી વિવિધ પ્રકારની છે એવું થોડું જ છે ? એનો એક ત્રીજો પ્રકાર પણ છે. એ પ્રકારની વિકાસભૂમિકા પર પહેંચેલા પુરુષ-પ્રવરોએ આત્મવિકાસનાં ક્રમિક સોપાનો પરથી પ્રબળ પુરુષાર્થપૂર્વક પસાર થઈને પરમાત્માના સાક્ષાત્કાર દ્વારા જીવનમુક્તિની પ્રાપ્તિ કરી હોય છે. પ્રકૃતિના નાના-મોટા સઘળા પાશમાંથી છુટીને એમણે પૂર્ણતા તથા પ્રશાંતિ મેળવીને જીવનની કૃતકૃત્યતા મેળવી હોય છે. એમને ક્યાંય રાગ નથી હોતો, દ્વેષ નથી હોતો, આસક્તિભાવ અને અહંકાર નથી હોતો. અનાત્મભાવને બદલે એ આત્મભાવમાં અથવા પરમાત્માભાવમાં જ પ્રતિષ્ઠિત હોય છે. એમનું મન સંપૂર્ણ શાંત હોય છે. એમને કોઈ સમસ્યાઓ નથી સતાવતી, કોઈ પ્રશ્નો પીડા નથી પહોંચાડતા. એમના જીવનનો પ્રગતિ પ્રવાસ પરિપૂર્ણતા પર પહોંચ્યો હોય છે. એ પરમાત્માની પરિપૂર્ણ કૃપાની પ્રાપ્તિથી કૃતાર્થ થઈ ચુક્યો છે. એમની સાધનાસરિતા સંપૂર્ણતાના ક્ષીરસાગરમાં સમાઈ ગઈ છે. એ આત્મારામ છે અને એમની અંદરથી જ આનંદાનુભવ કરતા હોય છે. દુર્ગાસપ્તશતીના પ્રથમ અધ્યાયમાં એવા નરમાંથી કરણી કરીને નારાયણ બનેલા પૂર્ણ, પ્રશાંત, પરમાત્માના પરમ કૃપાપાત્ર પુરુષપ્રવરનો પરિચય કરાવવામાં આવે છે. એ પુરુષપ્રવરનું નામ મેધામુનિ છે. પેલા ઘોર, અતિઘોર આસુરી સંપત્તિવાળા રાક્ષસો મધુ તથા કૈટભ છે, અને પ્રકૃતિના પાશમાં બંધાયેલા જીવભાવથી

જકડાયેલા દુઃખી, ઉદ્વિગ્ન અથવા અશાંત આત્માઓ રાજા સુરથ અને સમાધિ વૈશ્ય છે. એ બંને એમની સાથે સમસ્યાઓ લઈને શ્વાસ લે છે, વિચરે છે કે વસે છે.

એ પાત્રો દ્વારા દુર્ગાસપ્તશતી સૂચવે છે કે માનવને માટે બદ્ધાવસ્થા તથા મુક્તાવસ્થાના, અપૂર્ણતા તથા પૂર્ણતાના અને અશાંતિ તેમજ પ્રશાંતિના વિકાસક્રમો નિશ્ચિત થયેલા છે. એ વિકાસક્રમોમાંથી કોઈયે પ્રકારના વિકાસક્રમોનો આધાર લેવા માટે એ સ્વતંત્ર છે. એ પુરુષ બને, પુરુષોત્તમ બને, કે નરાધમ બનીને બીજાને માટે સમસ્યાઓ પેદા કરે કે સ્વયં સમસ્યારૂપ બને એ એના હાથની વાત છે. એને માટે એ સ્વતંત્ર છે. એ કદાચ નરમાંથી નારાયણ ના બની શકે તો નરાધમ તો ના જ બને એને માટે બનતી બધી જ રીતે જાગ્રત અથવા સાવધાન બને ને પરમાત્મામાં પ્રીતિ રાખીને અહર્નિશ આગળ વધે એ આવશ્યક છે.

*

દુર્ગાસપ્તશતીની શરૂઆત ખૂબ જ નાટ્યાત્મક રીતે થાય છે. આધિ, વ્યાધિ, ઉપાધિથી ભરેલા જગતના બે દુઃખી જીવો મેધા મુનિના અલૌકિક શાંતિસંપન્ન એકાંત આશ્રમમાં એકાએક એકઠા થઈ જાય છે. આકસ્મિક આવી પડેલી પ્રતિકૂળ પરિસ્થિતિમાં એ બંનેને પોતાના ઘરનો ત્યાગ કરવા બાધ્ય બનવું પડ્યું છે. એમાંના એક અશાંત છતાં આશાન્વિત આત્મા સુરથ રાજાની ઓળખાણ આપતાં દુર્ગાસપ્તશતીમાં કહેવામાં આવ્યું છે.

स्वारोचिषेऽन्तरे पूर्वं चैत्रवंशसमुद्भवः ।
सुरथो नाम राजाभूत्समस्ते क्षितिमण्डले ॥१-४॥
तस्य पालयतः सम्यक् प्रजाः पुत्रानिवौरसान् ।
बभूवुः शत्रवो भूपाः कोलाविध्वंसिनस्तदा ॥१-५॥

એટલે કે પૂર્વકાળમાં સ્વરોચિષ મન્વંતરમાં ચૈત્રવંશમાં પેદા થયેલો સુરથ નામનો રાજા રાજ્ય કરતો હતો. એનું સમસ્ત સામ્રાજ્ય સમસ્ત ભૂમંડળમાં વિસ્તરેલું.

તે રાજા પોતાના સગા પુત્રોની પેઠે સઘળી પ્રજાનું પાલન કરતો. તેને કોલના રાજા સાથે વેરભાવ બંધાયો.

પછી તો એ વેરભાવ વધવાથી એમના વચ્ચે મહાભયંકર સંગ્રામ ફાટી નીકળ્યો. એ ભીષણ સંગ્રામમાં રાજા સુરથ ખૂબ જ શક્તિશાળી હોવા છતાં છેવટે હારી ગયો.

હારેલો સમ્રાટ સાર્વભૌમત્વને છોડીને પોતાના નગરમાં રહીને સ્વદેશનું રાજ્ય કરવા લાગ્યો તો પણ ત્યાં નિરાંતે ના રહી શક્યો. એનું ભાગ્ય જાણે કે રુઠ્યું હોય તેમ શત્રુઓએ એની ઉપર ફરી પાછું આક્રમણ કર્યું. એવી પીડાજનક પ્રતિકૂળ પરિસ્થિતિનો લાભ લઈને, સુરથ રાજાની શક્તિનો હ્રાસ થયો હોવાથી, એના દુર્બુદ્ધિ શક્તિશાળી મંત્રીઓએ એની રહીસહી સેનાને કબજે કરી અને એનો ખજાનો લઈ લીધો. અસહાય અવસ્થામાં આવી ગયેલો, દીનહીન અને પરાધીન બનેલો રાજા શિકાર કરવાનું બહાનું કાઢીને ઘોડા પર બેસીને એકલો જ ઘોર વનમાં ચાલી નીકળ્યો. એના જીવનપ્રવાહે એવી રીજે જુદો જ વળાંક લઈ લીધો. ક્યાં સુવિશાળ સામ્રાજ્યનું અસીમ સુખ, અનંત ઐશ્વર્ય અને ક્યાં એકાએક આવી પડેલો એકાકી વ્યથાપૂર્ણ વનવિહાર ? સંપત્તિના સર્વોચ્ચ શિખર પરથી વિપત્તિના વેદનાજનક વહ્નિમાં !

શિકાર કરવાના બહાના હેઠળ એ વનમાં ચાલી નીકળ્યો તો ખરો પરંતુ એની પૂર્વસ્મૃતિઓ એના અંતરમાં સળવળીને એને પજવવા કે પીડિત કરવા લાગી. દુઃખ કોને ગમે છે ને કોણ માગે છે ? છતાં પણ એ અનિચ્છાએ પણ આવી મળે છે ત્યારે કોઈક મહાન મનોબળવાળા માનવો જ શાંતિ રાખીને પોતાની સ્વસ્થતાને ટકાવી શકે છે. દુઃખથી જે ના ડરે ને ના ડગે તેને મહામાનવ કહેવાય. રાજા સુરથ એવો મહામાનવ તો હતો નહિ એટલે રાજ્યશ્રીથી વંચિત બનવા છતાં એની ચિંતામાંથી મુક્તિ ના મેળવી શક્યો.

જીવનમાં પ્રતિકૂળતા કે પીડા આવે ત્યારે કોઈક સત્પુરુષનો સંગ સાંપડે એથી અધિક સૌભાગ્ય બીજું કોઈ જ ના હોઈ શકે. એવું સૌભાગ્ય કોઈક ભાગ્યશાળીને જ મળી શકે. સુરથ રાજા એ દૃષ્ટિએ જોતાં સૌભાગ્યશાળી કહી શકાય. કારણ કે વનના વિશાળ વિસ્તારમાં વિહાર કરતાં દૈવયોગે મેધા મુનિના આશ્રમમાં આવી પહોંચ્યો. એ આશ્રમની અસાધારણતાનું વર્ણન કરતાં દુર્ગાસપ્તશતીમાં કહ્યું છે

**स तत्राश्रममद्राक्षीद् द्विजवर्यस्य मेधसः ।**
**प्रशान्तश्वापदाकीर्णं मुनिशिष्योपशोभितम् ॥१-१०॥**

'રાજા સુરથે દ્વિજશ્રેષ્ઠ મેધામુનિના આશ્રમને અવલોક્યો. એ આશ્રમ અસંખ્ય શિષ્યોથી સુશોભિત હતો. એની અંદર અને આજુબાજુ હિંસક પશુઓ વેર અથવા પ્રતિશોધભાવને પરિત્યાગીને પારસ્પરિક સ્નેહ તથા શાંતિપૂર્વક વસતાં ને વિચરતાં.'

આશ્રમના એ વર્ણનની છેલ્લી પંક્તિ એની ભાવાભિવ્યક્તિ સાથે ખૂબ જ સૂચક છે. એ એમાં વસતા મહામુનિની મહાનતા અથવા લોકોત્તરતા દર્શાવે છે. ભારતના પૂર્વકાલીન પ્રાતઃસ્મરણીય ઋષિમુનિઓના સંબંધમાં કહેવાતું કે એમના આશ્રમમાં હિંસક-અહિંસક સઘળાં પશુઓ વેરભાવને છોડીને શાંતિપૂર્વક સાથે રહેતાં. એવું શાંત સહજીવન એમના આત્મબળની અસાધારણતાને આભારી હતું. મેધા મુનિની મહાનતાને અંજલિ આપતાં સપ્તશતીએ એવું જ વર્ણન કરી બતાવ્યું છે. મહર્ષિ પતંજલિએ પોતાના પ્રસિદ્ધ યોગદર્શનમાં જણાવ્યું છે કે જે મહાપુરુષ અહિંસામાં પ્રતિષ્ઠિત થાય છે એની આગળ વસનારા, વિહરનારા અથવા એની સંનિધિમાં આવનારા જુદી જુદી જાતના બધા જ જીવો વેરભાવમાંથી મુક્તિ મેળવીને પ્રેમભાવને અનુભવે છે. યોગદર્શનનું એ વર્ણન અતિવિરલ પુરુષવિશેષોને જ લાગુ પડે છે. મેધામુનિ એવા પુરુષવિશેષોમાંના એક હતા. દુર્ગાસપ્તશતી એની સાક્ષી પૂરે છે. માનવનું આત્મબળ કેટલું બધું પરાકાષ્ઠાએ પહોંચેલું અથવા એ જમાનામાં માનવ આત્મિક અભ્યુત્થાનની ક્ષેત્રમાં કેટલો બધો આગળ વધેલો એનું અનુમાન એના પરથી સહેલાઈથી કરી શકાય છે.

એવા મહાપુરુષની સંનિધિમાં કોઈ પણ સંતપ્ત માનવને શાંતિ સાંપડે. સુરથ રાજાને પણ શાંતિ સાંપડી તો ખરી પરંતુ એનો આત્મિક અસંતોષ એવો જ અખંડ રહ્યો. ખોવાયલા રાજ્યની, કોશની, પરિવારની અને પ્રધાનોની તથા સેવકોની ચિંતા કરીને એ દુઃખી રહેવા લાગ્યો. દુઃખી માનવને બીજા દુઃખી માનવનો સાથ સાંપડે છે કે સમાગમ થાય છે ત્યારે એની આગળ આત્મનિવેદન કરીને એ એના દુઃખને હળવું કરે છે. એને આશ્વાસન મળે છે, સહનશક્તિ સાંપડે છે, અને કેટલીક વાર નવો પ્રકાશ અને નવી હિંમત પણ પ્રાપ્ત થાય છે. સુરથ રાજાના સંબંધમાં પણ એ વિધાન સાચું ઠર્યું. આશ્રમમાં એને એના જ જેવા એક

દુઃખી ચિંતાગ્રસ્ત માનવીનો મેળાપ થયો. એનું નામ સમાધિવૈશ્ય. એના મુખમંડળ પરથી એ અતિશય શોકાતુર દેખાતો. રાજા સુરથને એણે એની ઓળખાણ આપતાં જણાવ્યું કે

समाधिर्नाम वैश्योऽहमुत्पन्नो धनिनां कुले ॥१-२१॥
पुत्रदारैर्निरस्तश्च धनलोभादसाधुभिः ।
विहीनश्च धनैर्दारैः पुत्रैरादाय मे धनम् ॥१-२२॥
वनमभ्यागतो दुःखी निरस्तश्चाप्तबन्धुभिः ।
सोऽहं न वेद्मि पुत्राणां कुशलकुशलात्मि-काम् ॥१-२३॥
प्रवृत्तिं स्वजनानां च दाराणां चात्र संस्थितः ।
किं नु तेषां गृहे क्षेममक्षेमं किं नु साम्प्रतम् ॥१-२४॥
कथं ते किं न सद्वृत्ता दुर्वृत्ताः किं नु मे सुताः ॥१-२५॥

'હું સમાધિ નામનો ધનવાન કુળમાં જન્મેલો વૈશ્ય છું. મારા દુષ્ટ સ્ત્રીપુત્રોએ ધનના લોભથી પ્રેરાઈને મારો ત્યાગ કર્યો છે. અત્યારે હું ધન, પુત્ર, તથા સ્ત્રીથી વંચિત છું.'

'બંધુઓએ ધનને હરી લઈને મારો ત્યાગ કરવાથી હું દુઃખી થઈને વનમાં આવ્યો છું. મારો પુત્રપરિવાર કુશળ છે કે અકુશળ એની પણ મને માહિતી નથી.'

'આટલે બધે દુર રહીને હું મારાં સ્વજનો ને મારી સ્ત્રીના સમાચાર જાણવાની ઈચ્છા રાખું છું. મારા ઘરમાં સૌ કુશળ હશે કે નહિ હોય, મારા પુત્રો સદાચારી હશે કે દુરાચારી હશે તેની માહિતી મને કેવી રીતે મળે ?'

સુરથ રાજાને સમાધિવૈશ્યનો આત્મવૃતાંત સાંભળીને આશ્ચર્ય થયું, એનું કારણ સ્પષ્ટ હતું. પોતાની ઉપર જે પ્રેમ રાખતું હોય તેના પ્રત્યે કોઈ પુરુષ પ્રેમ રાખે અને એના કુશળ સમાચારની આકાંક્ષા સેવે એ તો સહેલાઈથી સમજી શકાય તેવું છે, પરંતુ જેને પોતાની ઉપર લેશપણ પ્રેમ ના હોય પણ વધારામાં વિરોધ કે વિદ્વેષભાવ હોય અને જેણે પોતાને હાનિ પહોંચાડી હોય તેના પર પણ પ્રેમ રાખવામાં આવે અને તેને માટે ચિંતા થાય ત્યારે તે પરિસ્થિતિને અવનવી જ કહી શકાય. એની પાછળ એ પુરુષની મજબુત મમતા છે એવું જ માની શકાય. એવી મમતા લગભગ સ્વાભાવિક છે. એ મમતાની ગ્રંથિને તોડી નાખવા માટે જીવનમાં કષ્ટ, ક્લેશ તથા પરિતાપના પ્રસંગો આવતા હોય છે. એમનો લાભ ઊઠાવીને મોહ તથા મમતામાંથી મુક્તિ મેળવીને આત્મવિકાસના ક્ષેત્રમાં આગળ વધી શકાય છે. તો પણ મોટા ભાગના માનવો એવી રીતે આગળ નથી વધી શકતા એ એમની પ્રકૃતિની પરવશતા કે પંગુતા બતાવે છે. એ પંગુતા કે પરવશતામાંથી મુક્તિ મેળવવાનું અત્યંત આવશ્યક છે.

એવી મુક્તિ સ્વાનુભવસંપન્ન સત્પુરુષ સિવાય બીજું કોણ આપી શકે ? એ બંને મેધા મુનિ પાસે જઈ પહોંચ્યા.

મેધા મુનિ પાસે પહોંચીને રાજા સુરથે જણાવ્યું કે મારું રાજ્ય જતું રહ્યું છે તો પણ મને એની મમતા કેમ રહે છે ? આ વૈશ્યનો પણ એનાં સ્ત્રી, સંતાનો અને સ્વજનોએ ત્યાગ કર્યો છે તો પણ એનું મન એમનામાં

જ રમ્યા કરે છે. એવી રીતે અમે બંને દુઃખી છીએ. અમે જ્ઞાની હોવા છતાં અમને મોહ કેમ થાય છે ? અમારો વિવેક કેમ કામ નથી લાગતો ?

મેધા મુનિના એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં દેવીના મહિમાનો ઉલ્લેખ કરતાં કહેવા લાગ્યા કે મહામાયા પોતાની શક્તિથી જ્ઞાનીઓનાં ચિત્તને બળપૂર્વક ખેંચીને મોહિત કરે છે.

**ज्ञानिनामपि चेतांसि देवी भगवती हि सा ॥१-५५॥**
**बलादाकृष्य मोहाय महामाया प्रयच्छति ।**

'એ મહામાયા સમગ્ર સૃષ્ટિને પ્રકટ કરે છે, ને પ્રસન્ન થઈને ભક્તને કે શરણાગતને શાંતિ, વરદાન તથા મુક્તિ ધરે છે. એ જ સર્વોત્તમ વિદ્યા, સંસારબંધન અને મોક્ષના મૂળભૂત કારણરૂપ, સનાતન તેમજ સર્વેશ્વરી છે.'

**सा विद्या परमा मुक्तेर्हेतुभूता सनातनी ॥१-५७॥**
**संसारबन्धहेतुश्च सैव सर्वेश्वरेश्वरी ॥१-५८॥**

મુનિનાં એ વચનોને સાંભળીને રાજાએ એ મહામાયા સર્વેશ્વરેશ્વરી દેવી વિશે વિસ્તારથી જાણવાની ઈચ્છા વ્યક્ત કરી. દેવીના પ્રાદુર્ભાવ, કાર્ય, પ્રભાવ, સ્વરૂપ અને મૂળના રહસ્યજ્ઞાનના ઉદ્ ઘાટન માટે પ્રાર્થના કરી. એ પ્રાર્થનાને લક્ષમાં લઈને મુનિએ એમના અનુભવના આધાર પર દેવીનું સુંદર જયગાન સંભળાવ્યું. દુર્ગાસપ્તશતીમાં એ જ્વલંત જયગાનના પ્રબળ પ્રેમપૂર્ણ પ્રતિઘોષો પડેલા છે. એ પ્રતિઘોષો ખૂબ જ પ્રેરક છે. એમનું શ્રવણ આપણે ક્રમેક્રમે કરીશું. અત્યારે તો એ પ્રેમપૂર્ણ પ્રતિઘોષોની પૂર્ણાહુતિરૂપે રચાયેલા દુર્ગાસપ્તશતીના છેલ્લા તેરમા અધ્યાયનો વિચાર કરી લઈએ.

*

દુર્ગાસપ્તશતીનો તેરમો અધ્યાય અન્ય અધ્યાયોની જેમ જ રોચક છે. એમાં દેવીના અલૌકિક અનુગ્રહની આકાંક્ષાથી કરાયેલા તપની અને એ તપના પરિણામે થયેલા અદ્ભૂત અનુગ્રહની કથા કહેવામાં આવી છે. જગદંબાના જયગાનનું શ્રવણમનન મુખ્યત્વે એટલા માટે જ કરવામાં આવે છે. એ જયગાન વિદ્વાન, પંડિત કે કથાકાર થવા માટે નથી કરાતું. પરંપરાના પરિપાલનને માટે પણ નથી થતું ને ના થવું જોઈએ. એની પાછળ વાણી કે કાનને પવિત્ર કરવાનો અથવા પુણ્ય કમાવાનો કેવળ હેતુ પણ ના હોવો જોઈએ. જગદંબાનું જયગાન જીવનને ઉજ્જવળ કરવા, બદલવા, ઉદાત્ત બનાવવા અને અંતે જગદંબા પ્રત્યેના પવિત્ર પ્રખર પ્રેમથી પરિપ્લાવિત બનીને જગદંબાનો સુખદ સાક્ષાત્કાર કરીને કૃતાર્થ થવા કાજે કરાવું જોઈએ. એના શ્રવણનો મૂળભૂત મુખ્ય સહત્વનો ઉદ્દેશ પણ એ જ છે. કેવળ ગાતા જઈએ, પાઠ કરતા રહીએ, સ્વલ્પ કે સુદીર્ઘ સમયપર્યંત સાંભળીએ તો એટલો સમય સુધરે ખરો પરંતુ જેટલો મળવો જોઈએ તેટલો વિશેષ લાભ ના મળે. કથાવાચન કે કથાશ્રવણ જીવનઘડતરમાં મદદરૂપ ના બને. જેમ જેમ કથાનું શ્રવણ, મનન ને પારાયણ થાય તેમ તેમ હૈયું હાલવું જોઈએ ને રોમેરોમમાં રાગ પેદા થવો જોઈએ - પરમાત્મા અથવા જગદંબાને માટેનો રાગ. જીવનમાં આત્મકલ્યાણ પ્રત્યે પ્રેરે ને ક્લેશ શમાવીને શાંતિ આપે તે કથા. કથાનું પ્રધાન પ્રયોજન એ જ છે. મોટા ભાગના માનવો એ પ્રયોજનને ભૂલીને કથાનો ઉપલક

આધાર લેતા હોવાથી આત્મકલ્યાણના માર્ગમાં તિલમાત્ર પણ આગળ નથી વધી શકતા અને આત્મવિકાસની દૃષ્ટિએ કોરા ને કોરા જ રહી જાય છે.

સુરથ રાજા અને સમાધિવૈશ્યના સંબંધમાં એવું ના થયું. એ બંને સાચા અર્થમાં જિજ્ઞાસુ હોવાથી મુનિના શ્રીમુખથી જેમ જેમ કથાશ્રવણ કરતા ગયા તેમ તેમ જગદંબાને માટેનો એમનો પ્રેમભાવ વધતો ગયો ને પ્રબળ બન્યો. એમનું અંતર જગદંબાના દર્શન અથવા જગદંબાની કૃપાપ્રાપ્તિ માટે આતુર બન્યું. એમને થયું કે મા નું દર્શન જ જીવનનો એકમાત્ર લહાવો છે. એની શરણાગતિ સિવાય જીવ સુખ, શાંતિ તેમજ મુક્તિ નથી મેળવી શકતો. એની કૃપા થાય તો શું ના થઈ શકે ? જીવનમાં શું બાકી રહે ? માનવને જ્ઞાન, ભક્તિ, યોગ, સિદ્ધિ, સમાધિ સર્વની પ્રાપ્તિ સહેલાઈથી થઈ જાય છે. મા નો કૃપાભંડાર ઘણો ભારે છે. તેને માટે બાળકની પેઠે પ્રેમપૂર્વક ઝંખવું કે તલસવું જોઈએ.

સુરથ રાજા અને સમાધિવૈશ્ય બંને જગદંબાની કૃપાને મેળવવા માટે અત્યંત આતુર બનીને મુનિના એકાંત આહ્લાદક આશ્રમની સમીપે આવેલી સરિતાના શાંત તટપ્રદેશ પર જઈને જગદંબાની ઉપાસના કરવા લાગ્યા.

એમની એ ઉપાસના મિતાહાર કરતાં અને નિરાહાર રહેતાં આગળ વધી. નિરાહાર રહીને ઉપાસના કરવાનું કાર્ય કાંઈ સહેલું નથી. એવી ઉપાસના માટે પુષ્કળ પ્રેમ જોઈએ. પ્રેમ સિવાય કોઈ કોઈને માટે લેશ પણ ભોગ ના આપી શકે. જેને માટે સહેજ પણ પ્રેમ હોય છે તેને માટે માનવ ઘસાય છે અથવા ભોગ આપે છે. એવો ઘસારો કે ભોગ એને સારું સહજ હોય છે. એની પાછળ એક પ્રકારનો અલૌકિક આનંદ આવે છે. જે ભક્તો ઈશ્વરના દર્શનની લગન લઈને અન્નાદિને પરિત્યાગીને બેસે છે એમનો પ્રેમ કેટલો બધો પ્રબળ હશે ? એવો પ્રબળ પ્રેમ હોય ત્યાં ઈશ્વરની કૃપા જરૂર થાય.

ત્રણ વરસની એકધારી આરાધનાને અંત દેવીએ એ બંનેને દર્શન આપ્યું ત્યારે એમની પ્રસન્નતાનો પાર ન રહ્યો. એમની સાધના સફળ થઈ. દર્શનની પળ સાધકના જીવનની ધન્ય પળ હોય છે. એના જેવી પુનિત પળ બીજી કોઈ જ હોતી નથી. એ પળ સુદીર્ઘકાળની સતત સાધનાને પરિણામે પરમાત્માની પરમકૃપાથી પ્રાપ્ત થાય છે.

દેવીએ દર્શન આપીને એ બંનેને જણાવ્યું

**यत्प्रार्थ्यते त्वया भूप त्वया च कुलनन्दन**
**मत्तस्तत्प्राप्यतां सर्वं परितुष्टा ददामि तत् ॥१३-१५॥**

'રાજા તથા કુળને આનંદ આપવાવાળા વૈશ્ય ! તમારા બંનેની જે અભિલાષા હોય તે કહી બતાવો. હું તમારી ઉપર પ્રસન્ન છું એટલે એ અભિલાષાને પૂરી કરીશ.'

દેવીના શબ્દો સાંભળીને એ બંને ભક્તોને આનંદ થયો. રાજા સુરથે વર્તમાન જન્મમાં અને અન્ય જન્મમાં પોતાને અખંડ અવિચળ રાજ્ય મળે એવી માગણી કરી. વિષયોમાંથી વિરક્તિ પામેલા વૈશ્યે અહંતા, મમતા અથવા આસક્તિનો અંત આણનારા આત્મજ્ઞાનની આકાંક્ષાને પ્રકટ કરી.

દેવીએ રાજાને કહ્યું કે તું વહેલી તકે શત્રુઓનો સર્વનાશ કરીને રાજ્યપ્રાપ્તિ કરીને કૃતાર્થ બનીશ. તારું એ રાજ્ય અખંડ રહેશે. મૃત્યુ પછી સૂર્યથી તારો ફરી પાછો જન્મ થશે ને તું સાવર્ણિક મનુના નામથી ખ્યાતિ પામશે.

વૈશ્યને જણાવ્યું કે તને મારી કૃપાથી પરમસિદ્ધિ પ્રાપ્તિ કરાવનારું ને મુક્તિ આપનારું અલૌકિક આત્મજ્ઞાન સાંપડશે.

એ પ્રમાણે દેવીએ બંને ભક્તોની ભાવનાને પૂરી કરી. ભક્તોને એથી સ્વાભાવિક રીતે જ આનંદ થયો. એમણે પરમ શ્રદ્ધાભક્તિપૂર્વક દેવીની સ્તુતિ કરી.

તેરમા અધ્યાયના અંતિમ શ્લોકમાં કહેવામાં આવ્યું છે

**बभुवान्तर्हिता सद्यो भक्त्या ताभ्यामभिष्टुता ।**
**एवं देव्या वरं लब्द्ध्वा सुरथः क्षत्रियर्षभः ॥१३-२८॥**
**सूर्याज्जन्म समासाद्य सावर्णि भविता मनुः ॥१३-२९॥**

'એ બંનેએ ભક્તિપૂર્વક સ્તુતિ કરી એટલે દેવી તરત જ અંતર્ધાન થઈ ગઈ. ક્ષત્રિયશ્રેષ્ઠ સુરથ રાજા દેવીના વરદાન પ્રમાણે સૂર્યથી પ્રાદુર્ભાવ પામીને સાવર્ણિ નામનો મનુ થશે.'

*

આ તો એ બંને ભક્તોની સ્થૂળ કથા થઈ. એ કથા અત્યંત આકર્ષક અથવા આહ્લાદક છે તો પણ એના સૂક્ષ્મ સંદર્ભને વિચારીએ તો કશું ખોટું નથી. એમાંથી નવા પ્રકાશની પ્રાપ્તિ થશે. વેદમાં કહ્યું છે કે **अयमात्मा ब्रह्म ।** આ આત્મા બ્રહ્મસ્વરૂપ છે. શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સચ્ચિદાનંદ છે. પોતાના આત્મિક રાજ્યનો અધીશ્વર છે. એ સુરથ એટલે કે શરીરના સુંદર રથમાં વિરાજમાન છે. મૂળભૂત રીતે જોતાં આત્મા અલૌકિક છે. તો પણ પ્રકૃતિના સંસર્ગમાં પડવાથી એના શુદ્ધ-બુદ્ધ સ્વરૂપને અને આત્મિક સામ્રાજ્યને ખોઈ બેઠો છે. મન તથા બુદ્ધિરૂપી મંત્રીઓ સારા ના મળવાથી એ ક્લેશ, પરિતાપ, પરવશતા અને અશાંતિનો અનુભવ કરી રહ્યો છે. નિરંતર ચિંતન-મનનરૂપી વ્યાપારો કરનારું મન સમાધિવૈશ્ય જેવું છે. સમાધિ, શાંતિ, સ્થિરતા અને સંવાદિતાની સર્વોત્તમ ભૂમિકામાં સ્થિતિ કરવાને બદલે ઈન્દ્રિયોના સંસર્ગથી એની સમાધિ, શાંતિ, સ્થિરતા તથા સંવાદિતાનો નાશ થયો છે. અને એ બધી રીતે બેચેન છે. એ બંનેને એમના મૂળ વાસ્તવિક સ્વરૂપમાં પ્રતિષ્ઠિત કરીને પૂર્ણતા, મુક્તિ ને પરમશાંતિ કોણ આપી શકે ? મેધા મુનિ. પરમાત્માની પરમકૃપાથી સાંપડેલી ઋતંભરા પ્રજ્ઞા કે સત્યાસત્યને પરખવામાં કુશળ મેધા જ જીવાત્માને પરમાત્મા તરફ પ્રેરી શકે અથવા જગદંબાના અનુગ્રહથી અલંકૃત થવા માટે પથપ્રદર્શન પૂરું પાડે.

સુરથ રાજાને જગદંબાની પરમ કૃપાથી ખોવાયેલું રાજ્ય પાછું મળ્યું. એ શું સુચવે છે ? એ જ કે પરમાત્માના સાક્ષાત્કારથી સાર્થક અથવા સફળ મનોરથ થયેલો સાધક છેવટે પોતાના અસલ આત્મસ્વરૂપને અનુભવીને ખોવાયેલા આત્મિક સામ્રાજ્યની સંપ્રાપ્તિ કરે છે. એની પરાધીનતા ને દીનતા દૂર થાય છે. એના જીવનમાં બીજી કોઈ સાધના શેષ નથી રહેતી.

સમાધિવૈશ્યની પેઠે પરમાત્માની પરમકૃપાની પ્રાપ્તિ પછી મન અનુભવસંપન્ન આત્મજ્ઞાનથી અલંકૃત બની જાય છે તથા ચંચળતા રહિત થાય છે. પછી એ વિષયોના વ્યાપારમાં નથી પડતું. એ આત્મામાંથી આનંદ મેળવે છે, સુખ શાંતિ પામે છે, અને આત્મામાં જ લીન રહે છે.

દુર્ગાસપ્તશતીની કથા એવી રીતે જીવની શિવસ્વરૂપની સ્વાનુભૂતિની કલ્યાણકારક કથા છે. એની અંદર માનવના અંતરાત્માને અનુપ્રાણિત અને આલોકિત કરવાની શક્તિ છે. વરસોથી એણે એ જ કલ્યાણકાર્ય કર્યા કર્યું છે.

આ આખીય કથાનો આરંભ વિષાદમાંથી કે દુઃખમાંથી થાય છે અને એનું પર્યવસાન પ્રસાદમાં ને પરિતૃપ્તિમાં. એવી રીતે એ એની લાક્ષણિક રીતે દુઃખમાંથી મુક્તિ મેળવીને સનાતન સુખમાં પ્રવેશવાનો સંદેશ પુરો પાડે છે.

* * *

## ૯. મધુકૈટભનો નાશ

દુર્ગાસપ્તશતીના પ્રથમ અધ્યાયમાં દેવીના મહિમાની કલ્યાણકથાનો આરંભ કરવામાં આવ્યો છે. એ આખીય કથા ઉપરઉપરથી જોતાં તદ્દન સાધારણ લાગે છે. એનું વિહંગાવલોકન કરવાનું કાર્ય ખૂબ જ રસપ્રદ થઈ પડશે.

મહાપ્રલય સમયે અથવા કલ્પાંતે જગત આખું જળમય બની ગયું ત્યારે ભગવાન વિષ્ણુ શેષનાગની શય્યા પર શયન કરીને યોગનિદ્રામાં લીન બન્યા. એ વખતે એમના કાનના મેલમાંથી મધુ તથા કૈટભ નામના બે મહાભયંકર અસુરોનો આવિર્ભાવ થયો. એ અસુરોને વિષ્ણુ ભગવાનના નાભિકમળમાં વિરાજેલા બ્રહ્માએ અવલોક્યા. એમણે યોગનિદ્રામાં ડુબેલા ભગવાનને જગાડવાનો સંકલ્પ કર્યો. પરંતુ ભગવાન યોગનિદ્રામાંથી જાગે કેવી રીતે ? યોગનિદ્રા પોતે જ જ્યાં સુધી એમને પ્રસન્નતાપૂર્વક પરિત્યાગે નહીં ત્યાં સુધી એ એકદમ અચેત જ રહે. યોગનિદ્રા મહામાયાનું પોતાનું જ સ્વરૂપ હોવાથી એમણે એ અવનીની પરમ અધિષ્ઠાત્રી, સૌનું ધારણ તથા પાલન કરનારી, ભગવાન વિષ્ણુની અચિંત્ય અનુપમ મહાશક્તિ સરખી એ મહામાયા અથવા જગદંબાનું સ્તવન આરંભ્યું.

પહેલા અધ્યાયના ૭૨ થી ૮૭ સુધીના શ્લોકોમાં કરાયેલી જગદંબાની એ સ્તુતિ ખૂબ જ સરળ છતાં ભક્તિરસભરપૂર, ભાવપ્રધાન તથા હૃદયસ્પર્શી અને રોચક છે. એનો ઉપલક પરિચય આ રહ્યો:

‘હે દેવી ! તમે સ્વાહા, સ્વધા વષટ્કાર છો. સ્વરના આત્મારૂપ અને જીવનપ્રદાતા સુધા છો. અવિનાશી અને નિત્ય છો. ત્રણ પ્રકારની માત્રાસ્વરૂપ તેમ જ પ્રણવરૂપ પણ તમે જ છો.’

‘ઉચ્ચારી ના શકાય તેવી અર્ધમાત્રા પણ તમે જ છો. હે દેવી ! તમે જ સંધ્યા છો, સાવિત્રી છો ને જગજ્જનની જગદંબા પણ તમે જ છો.’

त्वं स्वाहा त्वं स्वधां त्वं हि वषट्कारः स्वरात्मिका ॥१-७३॥
सुधा त्वमक्षरे नित्ये त्रिधा मात्रात्मिका स्थिता ।
अर्धमात्रास्थिता नित्या यानुच्चार्या विशेषतः ॥१-७४॥
त्वमेव संध्या सावित्री त्वं देवी जननी परा ।

‘હે દેવી ! તમે જ આ જગતને ધારણ કરો છો, ઉત્પન્ન કરો છો, પાળો છો, અને છેવટે સંહારો છો.’

‘તમે જ લક્ષ્મી છો, ઈશ્વરી છો, હ્રીં છો, અને જ્ઞાનમયી મેધા અથવા સદ્‌બુદ્ધિ છો. લજ્જા, પુષ્ટિ, શાંતિ તથા ક્ષમા પણ તમે જ છો.’

त्वयैतद्धार्यते विश्वं त्वयैतत्सृज्यते जगत् ॥१-७५॥
त्वयैतत्पाल्यते देवि त्वमत्स्यन्ते च सर्वदा ।
त्वं श्रीस्त्वमीश्वरी त्वं ऱ्हीस्त्वं बुद्धिर्बोधलक्षणा ॥१-७९॥
लज्जा पुष्टिस्तथा तुष्टिस्त्वं शान्तिः क्षान्तिरेव च ।

'તમે ખડ્ગ, ત્રિશૂળ, ભયંકર ગદા, ચક્ર, શંખ, ધનુષ્ય, બાણ, ભુશુંડી તથા પરિઘ જેવાં અસાધારણ આયુધોને ધારણ કર્યાં છે.'

'તમે સૌમ્ય અથવા સૌમ્યતર છો. સંસારમાં જે કાંઈ સૌમ્ય તેમજ સુંદર છે તેથી અધિક સૌમ્ય ને સુંદર છો. તમે પર અને અપર સૌથી શ્રેષ્ઠ છો. પરમેશ્વરી છો.'

खड्गिनी शूलिनी घोरा गदिनी चक्रिणी तथा ॥१-८०॥
शङ्खिनी चापिनी बाणभुशुण्डीपरिघायुधा ।
सौम्या सौम्यतराशेषसौम्यभ्यस्त्वतिसुन्दरी ॥१-८१॥
परपराणां परमा त्वमेव परमेश्वरी ।

'આવા લોકોત્તર પ્રભાવને યાદ કરીને સ્તુતિ કરાયેલાં હે મહાદેવી ! મધુ અને કૈટભ નામના આ બંને મહાભયંકર દૈત્યોને કૃપા કરીને મોહમાં નાખી દો.'

'આ મહાન અસુરોનો નાશ કરવા માટે જગતના અધીશ્વર વિષ્ણુ ભગવાનને જાગ્રત કરો.'

सा त्वमित्थं प्रभावैः स्वैरुदारैर्देवि संस्तुता ॥१-८५॥
मोहयैतौ दुराधर्षावसुरौ मधुकैटभौ ।
प्रबोधं च जगत्स्वामी नीयतामच्युतो लघु ॥१-८६॥
बोधश्च क्रियतामस्य हन्तुमेतौ महासुरौ ॥१-८७॥

પ્રાર્થના બે પ્રકારની હોય છે. એક તો સ્થૂળ અને બીજી સૂક્ષ્મ. સ્થૂળ પ્રાર્થના મુખમાંથી નીકળે છે, વાણી દ્વારા વ્યક્ત કરાય છે, પરંપરાગત કે રૂઢ હોય છે. જ્યારે સૂક્ષ્મ પ્રાર્થના પ્રાણમાંથી પ્રકટે છે, અંતરના અંતરતમમાંથી ઉદ્ ભવે છે. એ જીવનની ક્ષુધા, તૃષા કે આવશ્યકતા હોય છે. એ શ્વાસોશ્વાસમાં ભળી ને રોમરોમમાં મળી જાય છે. એ ફળ્યા વિના નથી રહેતી. પોતાનો પ્રત્યુત્તર તરત પૂરો પાડે છે. બ્રહ્માની પ્રાર્થના એવી જ સૂક્ષ્મ પ્રકારની હતી. માનવ મરણપથારીએ પડ્યો હોય ત્યારે જીવનને માટે જે પ્રાર્થના થાય તે સાચી અથવા સૂક્ષ્મ જ થાય. તૃષાથી ટળવળતો જીવ તૃષાની તૃપ્તિ માટે જે પ્રાર્થના કરે એ સામાન્ય પ્રકારની ના જ હોય. ભૂખ્યાની ભોજન માટેની ને સંતપ્તની છાયા માટેની પ્રાર્થના પણ એવી જ અસાધારણ, આર્ત અને અમોઘ હોય. બ્રહ્માની સામે જીવનમરણની સમસ્યા હતી એટલે એમની પ્રાર્થના ઉત્કટ બની. પ્રાર્થના એના નામ પ્રમાણે પ્રબળતાપૂર્વક થનારી પ્રક્રિયા છે. પ્રેમપૂર્વક પ્રખર લાગણીથી કરાય તે પ્રાર્થના. એને અનુરાગપૂર્વકનું આત્મનિવેદન પણ કહી શકાય. એવું આત્મનિવેદન કદી નિષ્ફળ નથી જતું. બ્રહ્માનું પણ કેમ જાય ?

બ્રહ્માની પ્રાર્થનાની ધારી અસર થયા વિના ના રહી. એમની પ્રાર્થનાને લક્ષમાં લઈને જગતજ્જનની જગદંબા ભગવાન વિષ્ણુના શરીરનો પરિત્યાગ કરીને પ્રકટ થયાં ને એમની આગળ ઊભા રહ્યાં.

બ્રહ્માની પ્રસન્નતાનો પાર ન રહ્યો.

યોગનિદ્રામાંથી જાગેલા ભગવાન વિષ્ણુએ બ્રહ્માનો નાશ કરવા તૈયાર થયેલા મધુકૈટભ નામના રાક્ષસોને જોયા.

કોઈએ કોઈને હાનિ પહોંચાડવી ના જોઈએ, કોઈની પ્રત્યે અકારણ દ્વેષભાવ પણ ના રાખવો જોઈએ, પરંતુ કોઈ અકારણ કે સકારણ દ્વેષભાવ રાખીને અથવા બીજી રીતે હાનિ પહોંચાડવાની પ્રવૃત્તિ કરે તો પોતાની અથવા બીજાની રક્ષાને માટે એનો સુયોગ્ય શક્ય સામનો અવશ્ય કરવો જોઈએ. એવી રીતે દુર્જનનો સામનો કરવામાં કોઈ જાતનો દોષ નથી દેખાતો. ભગવાન વિષ્ણુએ પણ પોતાના ને બ્રહ્માના નાશને માટે પ્રવૃત્ત થયેલા મધુકૈટભનો સફળતાપૂર્વક સમુચિત સામનો કરવાનો સંકલ્પ કર્યો.

એમની વચ્ચે ભયંકર સંગ્રામ શરૂ થયો.

એમનું બાહુયુદ્ધ સુદીર્ઘ સમય સુધી - દુર્ગાસપ્તશતીના ઉલ્લેખ પ્રમાણે પાંચ હજાર વરસ સુધી - ચાલતું રહ્યું. એ ભીષણ બાહુયુદ્ધને અંતે મહામાયાની માયાથી મોહિત બનેલા એ મહાબળવાન અસુરોએ ભગવાન વિષ્ણુને એમની ઇચ્છાનુસાર વરદાન માગવા કહ્યું. ભગવાન બીજું શું માગે ? એમણે એટલું જ માગ્યું કે જો તમે બંને મારા પર પ્રસન્ન થયા હો તો હું એ જ વરદાન માગું છું કે મારા જ હાથે તમારો નાશ થાય.

અસુરો એ સાંભળીને વિચારમાં પડ્યા. એમને એવા વરદાનની કલ્પના પણ ન હતી. છતાં પણ એ ભયભીત ના બન્યા. એમણે આત્મરક્ષાને માટે પોતાની બુદ્ધિને કામે લગાડીને કહ્યું: તમે માગેલા વરદાનનો અમે સહેજ પણ સંકોચ સિવાય સ્વીકાર કરીએ છીએ, પરંતુ વધારામાં જણાવીએ છીએ કે જ્યાં પૃથ્વી પાણીમાં ડૂબી ના હોય ત્યાં અમારો વધ કરો.

બંને અસુરો ખૂબ જ ચતુર હતા. એટલે એમણે વિચાર્યું કે પૃથ્વી તો જ્યાં જ્યાં દૃષ્ટિપાત કરીએ છીએ ત્યાં ત્યાં સર્વત્ર સલિલમાં ડૂબેલી છે. પાણીથી પરિપ્લાવિત પૃથ્વીનો કોઈપણ અંશ પાણી વિનાનો છે જ નહિ એટલે વિષ્ણુ ભગવાન આપણો નાશ ક્યાં ને કેવી રીતે કરશે? એવી રીતે એમનું વરદાન પણ સચવાશે અને આપણો નાશ પણ નહિ થઈ શકે. પરંતુ ભગવાનની દ્વારા એમનો નાશ નિશ્ચિત હતો. એમની કલ્પના પણ એમને ક્યાંથી હોય ? મહામાયાએ એમના મૃત્યુનું સઘળું આયોજન તૈયાર કરી રાખેલું. એમના કરતાં ભગવાન વિષ્ણુ કાંઈ ઓછા ચતુર નહોતા. એમણે એ મહાબળવાન અસુરોની માગણીને માન્ય રાખીને જણાવ્યું કે તમારો નાશ પાણી વિનાના પ્રદેશમાં જ કરવામાં આવશે.

એ પછી એમણે દ્વંદ્વયુદ્ધ દરમિયાન એ બંને અસુરોનાં મસ્તકને પોતાના સાથળ પર રાખીને ચક્રની મદદથી કાપી નાખ્યાં. એવી રીતે અહંકારોન્મત્ત આતતાયી અસુરોનો અંત આવ્યો ને બ્રહ્મા નિર્ભય બન્યા.

બીજાના નાશને માટે તૈયાર થયેલા અસુરોનો પોતાનો જ નાશ થયો એમાં કશું આશ્ચર્યકારક નથી લાગતું. બીજાને જીવાડવા માગે છે તે જીવે છે ને મારવા માગે છે તે છેવટે સ્વયં મરે છે.

*

પ્રથમ અધ્યાયની એ કથા ઉપલક રીતે જોતાં કે વિચારતાં જરા વિચિત્ર લાગે છે ને કેટલાક પ્રશ્નો પેદા કરે છે કે ભગવાન વિષ્ણુને વળી અસુરો સાથે લડવું પડ્યું અને એ પણ આટલા સુદીર્ઘ સમય સુધી ? એ અસુરોનો આવિર્ભાવ પણ બીજે ક્યાંયથી નહિ અને એમના કાનના મેલમાંથી થયો ? બ્રહ્મા એ અસુરોને જોઈને ભયભીત બન્યા ? પરંતુ કથાઓને ઉપલક રીતે જોતાં એવા પ્રશ્નો પેદા થાય કે ના થાય તો પણ

આપણે એમના જીવનોપયોગી પ્રેરક સૂક્ષ્મ અંતરંગ અંશનો જ વિચાર વધારે કરવો જોઈએ. એવો વિચાર લાભકારક ઠરે છે. એટલે એ સંદર્ભમાં આપણે એનો સૂક્ષ્મ વિચાર કરી લઈએ.

યોગનિદ્રાની ભૂમિકાપર્યંત પહોંચેલા સાધકે પણ પોતાના સાધનાત્મક જીવનમાં ખૂબ જ સાવધાન રહેવાનું છે. કાનનો મેલ શ્રવણમનનને પરિણામે પેદા થયેલા મધુકૈટભ અસુરો છે. જીવનની કેટલીક મીઠી મમતાઓ, આસક્તિઓ, અહંતાઓ અથવા રસવૃત્તિઓ સાધક જાગ્રત ના હોય તો એનો સર્વનાશ કરવા તૈયાર થાય છે. સાધકે સદ્બુદ્ધિની સહાયથી એમની સાથેના સંઘર્ષમાં સફળ બનવાનું અથવા વિજયી થવાનું છે. સાધક એમને પરાજીત કરીને પૂર્ણતામાં પ્રતિષ્ઠિત થાય છે. એમનો અંત આણનારી સદ્બુદ્ધિની સંપ્રાપ્તિ માટે સર્વેશ્વરી જગદંબાનું શરણ લઈને એને પ્રાર્થવામાં આવે તો કાર્ય સરળ બને છે.

બીજો ભાવ એવો છે કે અસાવધ સાધક પર આસુરી વૃત્તિઓ તૂટી પડે છે પરંતુ જે જાગ્રત, સાવધ અથવા સદ્બુદ્ધિસંપન્ન છે એના પર એમનું જોર નથી ચાલી શકતું. એ એની આગળ હારી જાય છે ને નાશ પામે છે.

* * *

## ૧૦. મહિષાસુરમર્દન

પ્રાચીન ભારતમાં સ્ત્રીઓ શું આજે કહેવાતા શિક્ષિત લોકો કહે છે તેમ પછાત હતી ? ના. દુર્ગાસપ્તશતી સૂચવે છે કે ના. સ્ત્રીઓ ખૂબ જ આગળ હતી. જીવનના પ્રત્યેક વિકાસક્ષેત્રમાં વેદ, ઉપનિષદ, રામાયણ અને મહાભારતાદિ પુરાણગ્રંથોના નિર્દેશાનુસાર એ રસ લેતી, આગળ વધતી અને પોતાની સૂઝબૂઝ તથા શક્તિ પ્રમાણે મહત્વનો નોંધપાત્ર ફાળો પ્રદાન કરતી. એ હમેશાં આદરપાત્ર અથવા પૂજ્ય મનાતી. એનો મહિમા પુરુષો જેવો જ મંગલ કે મહાન મનાતો, અને એક ડગલું આગળ વધીને કહેવું હોય તો કહી શકાય કે પુરુષો કરતાં પણ મંગલ કે મહાન મનાતો. સ્ત્રી કેવળ શરીરભોગનું સાધન નહોતી મનાતી. સમાજમાં જ્યારે અવ્યવસ્થા કે આતંક હોય અને પ્રજા પીડિત હોય ત્યારે એને પીડા, અવ્યવસ્થા અને આતંકમાંથી મુક્ત કરવા એ આગળ આવતી, અવાજ ઊઠાવતી, કમર કસતી તથા રણચંડી બનતી. અત્યાચારી, આતંકકારી કે આતતાયીનો સામનો કરવામાં ગૌરવ ગણતી. અધર્મ, અન્યાય અને અનિષ્ટની સામેના સંગ્રામમાં વિજયી બનતી. દુર્ગાસપ્તશતીએ એવી અદભુત સ્ત્રીશક્તિનું સુંદર શ્રવણમંગલ પાત્રાલેખન તથા જયગાન કર્યું છે. એ જયગાન તેમજ પાત્રાલેખન આજે પણ ખૂબ જ પ્રેરક થઈ પડે તેવું છે.

દુર્ગાસપ્તશતીમાં દેવીમહિમાની અભિવ્યક્તિ માટે જે જમાનાનું વર્ણન કરવામાં આવ્યું છે તે જમાનો અનીતિ કરનારા, અધર્મ ફેલાવનારા અને આતંક જગાવનારા અસુરોનો જમાનો હતો. પુરુષો એ અસાધારણ શક્તિશાળી અસુરોનો સામનો કરવામાં સફળ ના નીવડ્યા ત્યારે સ્ત્રીશક્તિએ પ્રજાના સંયુક્ત પોકારને સાંભળીને એમનો સફળતાપૂર્વક પ્રતિકાર કર્યો. દુર્ગાસપ્તશતીમાં એ પ્રતિકારની પ્રમાણભૂત કથા કહી બતાવવામાં આવી છે. એના બીજા અધ્યાયમાં એની ભૂમિકાનું વર્ણન છે.

દેવો ને દાનવોનું યુદ્ધ પુરાતનકાળથી ચાલ્યા કરતું. એ સંગ્રામને સનાતન કહીએ તો પણ ચાલે. માનવના મનમાં એ સંગ્રામ ચાલ્યા કરે છે અને બહાર સંસારમાં પણ ચાલે છે. માનવની પોતાની અંદર જે દૈવી અને આસુરી વૃત્તિ, સંપત્તિ કે પ્રકૃતિ છે તે દેવ તથા દાનવ છે. એમનો ગજગ્રાહ નિરંતર ચાલ્યા કરે છે. દેવો તથા દાનવોના બહારના સ્થૂળ યુદ્ધમાં સો વરસ જેટલો સમય પસાર થઈ ગયો તે પછી દાનવોનો વિજય થવાથી એમના અધીશ્વર મહિષાસુરે ઈન્દ્રપદની પ્રાપ્તિ કરી.

પોતાના પરાક્રમ પ્રમાણે કોઈ પણ ઈન્દ્રપદની અથવા સમસ્ત સૃષ્ટિના શાસનની સંપ્રાપ્તિ કરે એ તો સહેલાઈથી સમજી શકાય તેવું છે. સંસારમાં સંગ્રામો થાય અને સંગ્રામો થાય એટલે એક પક્ષ વિજય મેળવે ને બીજાને પરાજય મળે. જે વિજયી બને તે સર્વ સત્તાધીશ થાય એમાં પણ કશું આશ્ચર્યકારક નથી લાગતું. એ સંસારની પરંપરાગત પ્રસ્થાપિત પ્રથા છે. છતાં પણ વિજયી તેમ જ સર્વસત્તાધીશ કોણ બને છે એ ઓછી અગત્યની વાત નથી હોતી. એની અવજ્ઞા પણ નથી થઈ શકતી. એના પ્રત્યે ઉદાસીન રહેવાનું ઉચિત નથી હોતું. દૈવી શક્તિઓ સત્તાને પામીને સર્વસત્તાધીશ બને છે તો સંસારને સુખી, શાંત ને સમૃદ્ધ કરે છે પરંતુ આસુરી શક્તિઓ અધિકાર થતાં સંસારમાં દુઃખ અને દુર્દિનનો દાવાનળ પ્રગટે છે અને અશાંતિ જાગે છે. પ્રજાની પીડા તથા યંત્રણા વધી જાય છે, ઉત્પાતો અથવા અનિષ્ટોની પરંપરા પ્રગટે છે, ને નૈતિક કે

માનવીય મૂલ્યોનો હ્રાસ થાય છે. એથી જ સમાજની સુખાકારી ને સમૃદ્ધિ માટે આસુરી સંપત્તિપ્રાપ્ત અસુરોનું અધિકારક્ષેત્ર ના વધે એવું સૌ કોઈ ઈચ્છે છે. ઈન્દ્ર પર વિજય મેળવીને મહિષાસુર સર્વસત્તાધીશ બન્યો તો ખરો પરંતુ એની સત્તા બીજાને પસંદ ના પડી. એ પોતાના પદ, પ્રભાવ અને પરાક્રમનો દુરુપયોગ કરવા લાગ્યો. એને લીધે પ્રજા ભયભીત બનીને ત્રાસી ગઈ. સત્તાની અને સંપત્તિની પ્રાપ્તિ જેવો અસાધારણ અમૂલખ અધિકાર બીજો કોઈ જ નથી. એ અધિકારનો ઉપયોગ કરીને માનવ જો ધારે તો બીજાને માટે આશીર્વાદરૂપ બની શકે છે. પરંતુ એને માટે એની પોતાની અંદર સદ્ ભાવના, સદ્ બુદ્ધિ, સાત્વિકતા અને સુસંસ્કારિતા જોઈએ. એના સિવાય એનું સત્તાધારણ અન્યને માટે અભિશાપરૂપ થઈ પડે. સૌ કોઈ એને નાપસંદ કરે અને એની સામે વિરોધનો અવાજ ઉઠાવે. મહિષાસુરના સંબંધમાં પણ એવું જ બન્યું. એણે વિજયી બનીને સૂર્ય, ઈન્દ્ર, અગ્નિ, વાયુ, ચંદ્ર, યમ, વરુણ અને બીજા સઘળા દેવોના અધિકારો ભોગવવા માંડ્યા. એણે સુંદર સુસમૃદ્ધ સ્વર્ગલોકમાંથી દેવોને બળપ્રયોગ દ્વારા નસાડી મૂક્યા એટલે એ દેવો પૃથ્વી પર સામાન્ય મનુષ્યોની પેઠે ભટકવા લાગ્યા. એ ઉપરાંત પૃથ્વી પર પણ એ અનેક રીતે આતંક ફેલાવવા લાગ્યો.

દુઃખી દેવોએ બ્રહ્માને આગળ કરી ભગવાન શંકર તથા વિષ્ણુ પાસે પહોંચીને સઘળી હકીકત કહી સંભળાવી. અધર્મ, અનાચાર અને આતંકની એવી કરુણ ક્લેશકથાઓ આજની પેઠે પુરાતન કાળમાં પણ કહેવાતી રહેતી, અને એમની પ્રત્યે સહાનુભૂતિ ધરાવી એમને શાંતિથી સાંભળી એમના ઉપાયોને શોધનારા પણ નીકળતા. બ્રહ્મા, વિષ્ણુ અને શંકર એવા સહાનુભૂતિસંપન્ન, પરદુઃખભંજન હતા.

બીજાના દુઃખને દેખીને, સંકટને સાંભળીને, પરની પીડાને પેખીને, જે દુઃખી થાય અથવા દ્રવી જાય તે સત્પુરુષ. જે એનો અંત આણવાનો યત્ન કરે એ મહામાનવ. જે એને દેખીને કે સાંભળીને પ્રભાવિત ના બને કે ચળે નહિ એ સામાન્ય માનવ. અને જે એને સાંભળીને કે પેખીને પ્રસન્ન થાય, શક્તિ કે સાધન હોવા છતાં એને દૂર કરવા તૈયાર ના થાય અને એને વધારવા ઈચ્છે કે કોશિશ કરે એ માનવ-રાક્ષસ કે અસુર. અવનીમાં એવા અસુરો અધિક છે, માનવો એથી અલ્પ, સત્પુરુષો એથીય અલ્પ અને મહામાનવો તો એના કરતાં પણ અલ્પ-અત્યલ્પ છે.

દેવોના ઘોર દુઃખને સાંભળીને ભગવાન વિષ્ણુ તથા શંકરના દુઃખનો પાર ન રહ્યો. એમને રોષ ચઢ્યો. રોષે ભરાયેલા વિષ્ણુના વદનમાંથી અલૌકિક પ્રખર પ્રકાશ પેદા થયો. બ્રહ્મા, શંકર તથા ઈન્દ્રાદિ દેવોના દિવ્ય દેહમાંથી પણ એવી જ રીતે અપાર્થિવ પ્રકાશ પ્રકટ્યો. એ પ્રકાશ એકઠો થઈને મહાન પુંજ બની ગયો. એ પુંજ પર્વત જેવો વિશાળ બની ગયો. એની જ્વાળાઓથી દિશાપ્રદિશાઓ જ્યોતિર્મય થવા લાગી. એ અવર્ણનીય અતુલનીય અલૌકિક પ્રકાશપુંજમાંથી એક અલૌકિક સ્ત્રીરૂપ બની ગયું અને પોતાની કાંતિથી ત્રિભુવનને પ્રકાશિત કરવા લાગ્યું. શંકરના તેજથી એ મહાદેવીનું મુખ થયું, યમના તેજથી કેશ થયા, ને વિષ્ણુના તેજથી ભુજાઓ થઈ. ચંદ્રના તેજથી છાતીપ્રદેશ, ઈન્દ્રના તેજથી કટિપ્રદેશ, વરુણના તેજથી સાથળ, પૃથ્વીના તેજથી નિતંબ, બ્રહ્માના તેજથી બે ચરણ, સૂર્યના તેજથી પગની આંગળીઓ, વસુના તેજથી હાથની આંગળીઓ, કુબેરના તેજથી નાસિકા, પ્રજાપતિના તેજથી દાંત, અગ્નિના તેજથી ત્રણ નેત્રો, સંધ્યાના

તેજથી ભ્રૂકુટિ, વાયુના તેજથી કાન અને બીજા દેવોના તેજથી શેષ અવયવોનું નિર્માણ થયું. એવી અલૌકિક રીતે એ પરમ કલ્યાણમયી દૈવી દેવીનો પ્રાદુર્ભાવ થયો.

ततः समस्तदेवानां तेजोराशिसमुद्भवाम् ।
तां विलोक्य मुदं प्रापुरमरा महिषार्दिताः ॥२-१९॥

'સર્વે દેવોના સંમિલિત પ્રકાશપુંજમાંથી પ્રાદુર્ભાવ પામેલી એ મહાદેવીનું દર્શન કરીને મહિષાસુરથી પીડા પામેલા દેવો આનંદ પામ્યા.'

એમના જીવનમાં નવીન આશાનો સંચાર થયો. એમને થયું કે એ મહાદેવીનું પ્રાકટ્ય એમને માટે અસાધારણ આશીર્વાદરૂપ બનશે અને એમને સદાને માટે દુઃખમુક્ત કરશે.

એમણે એ મહાદેવીને સર્વ પ્રકારે શસ્ત્રસજ્જ કરવા માટે સ્વેચ્છાપૂર્વક સહયોગ પ્રદાન કર્યો. જુદાજુદા કેટલાયે દેવોએ એને અસુરોનો સફળતાપૂર્વક સામનો કરવા માટે અનેકવિધ આયુધો આપ્યાં. એ આયુધપ્રદાનનો ઇતિહાસ ખૂબ જ રસમય તથા જાણવા જેવો છે. ભગવાન શંકરે એને પોતાના ત્રિશૂળમાંથી એક શૂળ આપ્યું અને વિષ્ણુએ ચક્ર અર્પણ કર્યું. વરુણે શંખ, અગ્નિએ પોતાની શક્તિ અને વાયુએ ધનુષ્ય તથા બાણથી ભરેલા ભાથાં આપ્યાં.

ઈન્દ્રે પોતાના વજ્રમાંથી ઉત્પન્ન કરેલું વજ્ર આપ્યું અને ઐરાવત હાથી ઉપરથી ઉતારેલી ઘંટા અર્પણ કરી. યમદેવે પોતાનો કાળદંડ, વરુણે નાગપાશ, પ્રજાપતિ દક્ષે અક્ષમાળા તથા બ્રહ્માએ કમંડળ આપ્યું.

સૂર્યે એ દૈવી મંગલમય મહાદેવીના રોમરોમે પોતાના કિરણોનું તેજ ભરી દીધું. કાળદેવે ઢાલ તથા તલવાર પ્રદાન કરીને પોતાની પૂજ્યભાવના પ્રદર્શિત કરી.

ક્ષીરસાગરે ઉત્તમોત્તમ ઉજ્જવળ હાર, કદી મલિન કે જીર્ણ ના થાય એવા વસ્ત્રો, ચુડામણિ, દિવ્ય કુંડળ, કંકણ, ઉજ્જવળ ચારુ અર્ધચંદ્ર, બાહુઓને માટે કડાં, પગને માટે સુંદર ઝાંઝર, કંઠને માટે કમનીય કંઠાભરણ અને આંગળીઓએ પહેરવા માટે રત્નજડિત વીંટીઓનું દાન કર્યું. વિશ્વકર્માએ તેજસ્વી પ્રદીપ્ત પરશુ પ્રદાન કર્યું. એ ઉપરાંત અનેક પ્રકારના અસ્ત્રો, કશાથી ભેદાય નહિ એવું કવચ અને મસ્તક તથા છાતી પર ધારણ કરવા માટે કદીયે ના કરમાનારી કમળોની મનહર માળાઓ આપી.

સમુદ્રે કમળનું સુંદર ફોરમવંતુ ફુલ આપ્યું, હિમાલયે વાહન માટે સિંહ તથા રત્નોની ભેટ આપી. ધનપતિ કુબેરે સુધાથી સદા ભરપૂર પાત્ર આપ્યું. શેષે મૂલ્યવાન મહામણિથી મંડિત નાગહાર આપ્યો. એવી રીતે બીજા દેવોએ પણ આભૂષણો અને શસ્ત્રાસ્ત્રો આપીને દેવીનું સન્માન કર્યું.

સર્વે દેવોથી પૂજીત તથા સન્માનિત દેવીએ એ પછી ભયંકર અટ્ટહાસ્ય કરીને ગર્જના કરી. એના અવાજથી આકાશ ગર્જી ઊઠ્યું, ત્રણે લોકો ખળભળી ઊઠ્યા, સમુદ્રો કંપવા લાગ્યા, પૃથ્વી ડોલવા અને પર્વતમાળાઓ ધ્રૂજવા માંડી.

આનંદમગ્ન બનેલા દેવોએ દેવીનો જયજયકાર કર્યો. ઋષિમુનિઓએ પ્રેમપૂર્વક પ્રશસ્તિ કરવાનો પ્રારંભ કર્યો.

અસુરોને શાંતિ તો હતી જ નહિ. જે કુકર્મો કરે છે અથવા અનીતિ અને અધર્મમાં અહર્નિશ રત રહે છે એમને શાંતિ ક્યાંથી હોય ? એમનાં જીવન ઉપર ઉપરથી જોતાં કદાચ શાંત દેખાય તો પણ એમના

અંતરાત્મા અશાંત હોય છે. એ ચિંતાની ચિતામાં સળગ્યા કરે છે અને બીજા બધાને ભય પમાડતા હોવા છતાં કાયમને માટે નિર્ભય નથી બની શકતા. એમને એક અથવા બીજી જાતના ભય વળગેલા જ રહે છે. એમના બાહ્ય સુખની અંદર ઊંડે ઊંડે દુઃખનો દાવાનળ સળગતો હોય છે. એ એમના જીવનને ક્યારે ભસ્મિભૂત કરે એ વિશે કશું ચોક્કસપણે કહેવાય નહિ. પરંતુ એ એમને શાંતિપૂર્વક નથી સુવા દેતો. અપવિત્ર વિચાર, ભાવ, તથા વર્તનવાળા માનવો નિશ્ચિંતતાપૂર્વક નથી જીવી શકતા. એ જીવનમાં જીવનના ઉલ્લાસનો નહિ પરંતુ મૃત્યુના મારનો અનુભવ કર્યા જ કરે છે. જે શુભ બને છે ને શુભ કરે છે તે જ શાંતિ મેળવે છે. અશુભ કરનાર અને અશુભ બનનાર શાંતિ નથી મેળવી શકતા.

દેવીની ગર્જના સાંભળીને અસુરો આશ્ચર્યચકિત, અશાંત અને ભયભીત બની ગયા. એમણે એમના સૈન્યને સુસજ્જ કર્યું.

મહિષાસુર પોતે પણ ક્રોધે ભરાયો. પોતાના સૈન્ય સાથે એ દેવીના અવાજની દિશામાં દોડવા લાગ્યો.

દેવીની પાસે પહોંચીને એના આશ્ચર્યનો પાર ના રહ્યો. એવું અદભુત સ્વરૂપ એણે આજ સુધી કોઈ વાર નહોતું જોયું.

સદ્‌બુદ્ધિ માનવને સદા સુખી કરે છે ને દુર્બુદ્ધિ દુઃખી. અસુરોમાં અને એમના અધીશ્વર મહિષાસુરમાં સદ્‌બુદ્ધિ હોત તો દેવીના પરમ પ્રકાશિત દિવ્ય સ્વરૂપને નિહાળીને સુખી થાત, પ્રસન્ન બની જાત, અને પ્રશસ્તિ કરવા પ્રેરાત. એથી એમનું અને અન્યનું કલ્યાણ થાત. પરંતુ એ દુર્બુદ્ધિયુક્ત હોવાથી પ્રેમને બદલે વેરભાવથી ભરેલા હતા. એમનામાં મંગલનો વિચાર કરવાની શક્તિ ન હતી. દેવીએ એમનું કશું બગાડ્યું ન હતું. એમની ઉપર આક્રમણ પણ નહોતું કર્યું કે એમને લડવાનું આમંત્રણ પણ નહોતું આપ્યું. છતાં પણ એમની સ્વાભાવિક આસુરી વૃત્તિથી પ્રેરાઈને એમણે એ મહાદેવીને પોતાની વિરોધિની માની લીધી. એમણે એની ઉપર આક્રમણ કર્યું.

પ્રથમ પ્રહાર દાનવોએ કર્યો અને એ પણ આકસ્મિક અને સંયુક્ત રીતે એટલે દેવીને માટે એમના પ્રતીકાર સિવાયનો બીજો કોઈ જ વિકલ્પ ના રહ્યો. કોઈ કોઈની ઉપર આક્રમણ કરે તો બીજું થાય પણ શું ? કાં તો આક્રમણખોરનો શક્ય હોય તેટલાં સાધનોથી શૌર્યપૂર્વક સ્વાત્મરક્ષા માટે સામનો કરવામાં આવે અથવા બીજા વિકલ્પ તરીકે આક્રમણખોરને તાબે થવામાં આવે. એ વિકલ્પ આદર્શ અથવા અનુકરણીય નથી માનવામાં આવ્યો. આક્રમણખોરનો સામનો જ અભિનંદનીય મનાયો છે.

દાનવોએ પોતાની ઉપર પ્રહાર કરવાનો પ્રારંભ કર્યો એટલે સ્વાત્મરક્ષા માટે એમનો સામનો કરવા સિવાય દેવીને માટે કોઈ ઉપાય જ ના રહ્યો. અસુરો એને સાધારણ સમજતા હતા. એમને ખબર ન હતી કે એ મહાદેવી તો સર્વે દેવોની મૂળભૂત શક્તિરૂપ અથવા પરમ પ્રાણરૂપ હતી, અને એમના વિનાશને માટે જ પ્રાદુર્ભાવ પામેલી.

અસુરોનાં અનેકવિધ સુતીક્ષ્ણ શસ્ત્રાસ્ત્રોથી દિશા પ્રદિશાઓ ચમકવા લાગી. સૈનિકો કાળદેવના દૂત હોય તેમ ગર્જના કરવા તથા પોકારો પાડવા લાગ્યા. શાંત વાયુમંડળ થોડીવારમાં અશાંત બની ગયું. કેટલું બધું ભયંકર દૃશ્ય ! યુદ્ધનું દૃશ્ય સદા ભયંકર જ હોય છે. એને કોઈ આહ્લાદક ના કહી શકે.

અસુરોનો સેનાપતિ ચિક્ષુર દેવી સાથે લડવા લાગ્યો. અસુરોની સેનાને લઈને ચામર દૈત્યે પણ યુદ્ધ આદર્યું. સાઠ હજાર રથીઓને લઈને ઉદગ્રહ નામનો મહાદૈત્ય પણ યુદ્ધમાં જોડાયો. એક કરોડ રથીઓ સાથે મહાહનુ અસુર, પાંચ કરોડ રથીઓને લઈને અસિલોમા, સાઠ લાખ રથીઓને લઈને બાષ્કલ, એક કરોડ રથીઓ સાથે પરિવારિત તથા પાંચસો અરબ રથીઓ સાથે બિલાડ નામનો દૈત્ય લડવા લાગ્યો. એ ઉપરાંત બીજા અસુરો અનેક હતા અને અસંખ્ય શસ્ત્રાસ્ત્રોથી લડી રહેલા. મહાદેવી જગજ્જનની જગદંબા એકલી જ હતી. અસત્યની સામેના સંગ્રામમાં સત્યે એકલા જ લડવું પડે છે. કોઈકવાર એને બીજાનો સહયોગ હોય છે ખરો. દેવીને પણ દેવોનો સદ્ભાવ સાંપડેલો. એ નિર્ભય હતી, નિશ્ચિંત હતી, ક્લેશમુક્ત કે શાંત હતી. એને એના આત્યંતિક વિજયમાં વિશ્વાસ હતો. અસુરો એને ઘેરી વળ્યા અને મહિષાસુર પોતે પણ લડવા તૈયાર થયો તો પણ એનો વિશ્વાસ ના હાલ્યો.

અસુરો અનેક પ્રકારના શસ્ત્રપ્રહારો કરવા લાગ્યા. તોમર, મૂશળ, ભિન્દિપાલ, તલવાર, ખડ્ગ, પરશુ, પટ્ટિશ જેવાં શસ્ત્રોના પ્રયોગો દ્વારા એ બધા લડવા લાગ્યા. પરંતુ દેવીને એમનો લેશપણ ભય ના લાગ્યો. દાનવોની સાથે લડવાનું એને સહેજ પણ કઠિન ના લાગ્યું. ક્રીડા કરતાં કરતાં સ્મિતપૂર્વક એણે અસુરોનાં સઘળાં શસ્ત્રાસ્ત્રોને પાછાં વાળ્યાં અને એમનો યોગ્ય પ્રત્યુત્તર પૂરો પાડ્યો. ચારે તરફ અસ્ત્રો અને શસ્ત્રોનો વરસાદ વરસવા લાગ્યો. દાનવોએ દેવીને કોઈક સૌંદર્યવતી સામાન્ય શક્તિવાળી સ્ત્રી માનેલી. પરંતુ થોડા જ વખતમાં એમની ભ્રાંતિ ભાંગી ગઈ. અને એમને સમજાયું કે એની અસાધારણ શક્તિનો સામનો કરવાનું કાર્ય ધાર્યા જેટલું સહેલું તો નથી જ. તો પણ દેવીના પરિપૂર્ણ તો શું પરંતુ મોટા ભાગના મહિમાની પ્રતીતિ હજુ એમને નહોતી થઈ. એટલા માટે જ એ અહંકારથી ઉન્મત્ત બનીને સારાસારનું ભાન ભૂલીને એનો ઉપહાસ કરતાં એની સાથે લડી રહેલાં. જગદંબાના પરિપૂર્ણ અથવા આંશિક મહિમાને એના અનુગ્રહ સિવાય કોણ અને કેવી રીતે જાણી શકે ? અને એનો અનુગ્રહ એની શરણાગતિ સિવાય શી રીતે સાંપડી શકે ? એ તો સનાતન સર્વોત્તમ શક્તિની સ્વામિની છે. એની શક્તિની બરાબરી કોણ કરી શકે, એની સામે લડી પણ કોણ શકે અને લડીને વિજય પણ કોણ મેળવે ?

દાનવોને એના પરમસામર્થ્યનું સાધારણ દર્શન થતાં વાર ના લાગી. એના પ્રશ્વાસમાંથી હજારોની સંખ્યામાં આશ્ચર્યકારક રીતે પેદા થયેલા અનેક અસ્ત્રશસ્ત્રધારી ગણો એમનો સફળતાપૂર્વક સામનો કરતાં લડવા લાગ્યા.

એ ગણો દાનવોનો નાશ કરતાં નગારાં તથા શંખ અને મૃદંગ જેવા વાદ્યો વગાડવા માંડ્યા.

દેવીએ ત્રિશૂળ, ગદા, તલવાર તથા ખડ્ગથી અસંખ્ય અસુરોનો સંહાર કર્યો. કેટલાયને ઘંટાના ભયંકર નાદથી વિમોહિત કરીને પૃથ્વી પર પછાડ્યા. કેટલાકને પાશથી બાંધીને પૃથ્વી પર ઘસડ્યા તો કેટલાકના તલવારથી ટૂકડા કરી નાખ્યા. કેટલાક ગદાની ચોટથી ધરતી પર ઢળી પડ્યા, કેટલાક મૂશળના મારથી લોહીની ઉલટી કરવા લાગ્યા તો બીજા કેટલાક ભયંકર રીતે ઘાયલ થયા.

જ્યાં નજર પડે ત્યાં લોહીની નદીઓ વહેવા લાગી.

રણમેદાનનું દૃશ્ય ખૂબ જ ભયંકર બની ગયું.

જગદંબાએ પોતાની અસાધારણ શક્તિથી અસુરોની વિશાળ સેનાનો નાશ કરી દીધો.

દેવીના અગણિત ગણોએ પણ ઉત્સાહપૂર્વક યુદ્ધ આદરીને દેવીને બનતી બધી જ રીતે મદદ કરી અને અસુરોને મોટી હાનિ પહોંચાડી.

દેવો એ અદૃષ્ટપૂર્વ દૃશ્યને દેખીને ખૂબ જ આનંદ પામ્યા તથા પ્રેમપૂર્વક પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા.

*

દાનવોના વિશાળ સૈન્યનો નાશ થતો નિહાળીને સેનાપતિ ચિક્ષુર ખૂબ જ ક્રોધે ભરાઈને દેવી સાથે યુદ્ધે ચઢ્યો. પરંતુ ક્યાં સિંધુ ને ક્યાં બિંદુ, ક્યાં અગ્નિ ને ક્યાં આગિયો ! જગદંબાની આગળ એનું કશું ચાલે તેમ ન હતું તો પણ એણે બનતું બધું બળ અજમાવી જોયું. એણે દેવી પર સુતીક્ષ્ણ બાણોની વૃષ્ટિ શરૂ કરી. જગદંબાએ એના શરસમૂહને અનાયાસે કાપી નાખ્યો અને અશ્વો તથા સારથિનો નાશ કર્યો.

ચિક્ષુરના ધનુષ્યનો ને ધ્વજનો નાશ કરીને એનાં અંગોને બાણ મારીને વીંધી નાખ્યાં.

પરંતુ ચિક્ષુર એમ ગાંજ્યો જાય તેવો નહોતો. એ અત્યંત વેગથી તલવાર લઈને દેવી તરફ દોડી આવ્યો. એણે દેવીના સિંહના માથામાં ને દેવીના ડાબા હાથ પર પ્રહાર કર્યો. પરંતુ દેવીએ એની તલવારના ટૂકડા કરી નાખ્યા ત્યારે એણે ભદ્રકાળી પર ત્રિશૂળ ફેંક્યું.

ભદ્રકાળી દેવીએ પોતાના ત્રિશૂળના પ્રહારથી એ ત્રિશૂળના ટૂકડે ટૂકડા કરી નાખ્યા અને એ મહાબળવાન અસુરસેનાપતિ ચિક્ષુરનો પણ નાશ કરી દીધો.

ચિક્ષુરના નાશથી દાનવસેના ખળભળી ઊઠી અને નિસ્તેજ બની.

અસુરોએ ધાર્યું હોત તો જગદંબાના મહિમાને જાણી, એ વખતે એનું શરણ લઈને, પોતાના સર્વનાશને અટકાવી શકત, પરંતુ એમનામાં એટલી સદ્‌બુદ્ધિ ન હતી. એમણે જીવનભર બળની ઉપાસના કરેલી, બુદ્ધિની અથવા સદ્‌બુદ્ધિની નહોતી કરી. જીવનને સાચા અર્થમાં સુખી, શાંત, સમૃદ્ધ ને સફળ કરવા માટે બળની સાથે બુદ્ધિ પણ જોઈએ- અલબત્ત સદ્‌બુદ્ધિ. અસુરોમાં એનો અભાવ હતો એથી તો એ યુદ્ધે ચઢેલા અને હજુ પણ યુદ્ધના નાદને નહોતા છોડતા.

ચિક્ષુરના નાશ પછી ચામરે સેનાપતિપદ સંભાળીને લડવા માંડ્યું.

એણે જગદંબા પર શક્તિ ફેંકી પરંતુ જગદંબાના હુંકારમાત્રથી જ તે શક્તિ નિસ્તેજ તથા નિષ્ફળ બનીને પૃથ્વી પર પડી ગઈ.

એ જોઈએ એણે અતિશય ક્રોધપૂર્વક ત્રિશૂળ ફેંક્યું, પરંતુ જગદંબાએ એનો પણ નાશ કર્યો.

જગદંબાનો સિંહ ક્રોધે ભરાઈને ચામરના હાથી પર બેસી ગયો અને ચામર સાથે દ્વંદ્વયુદ્ધ કરવા લાગ્યો.

ચામર તથા સિંહ ખૂબ જ ઝનુનપૂર્વક લડવા લાગ્યા. સિંહે જમીન પર આવીને પ્રહારો કરવા માંડ્યા. એણે આકાશ તરફ કૂદી, ચામર પર પડી, પોતાના પ્રખર પંજાની મદદથી ચામરના મસ્તકને ધડથી અલગ કર્યું.

દેવીએ પણ પોતાના પરાક્રમના પરચા બતાવીને બીજા અને દૈત્યોને યમસદનમાં મોકલી દીધા.

एवं संक्षीयमाणे तु स्वसैन्ये महिषासुरः ।
माहिषेण स्वरूपेण त्रासयामास तान् गणान् ॥३-२१॥

એવી રીતે પોતાના સુવિશાળ સૈન્યને નાશ પામતું પેખીને મહિષાસુર મહિષનું સ્વરૂપ ધારીને દેવીના ગણો અથવા સેવકોને જુદીજુદી રીતે ત્રાસ આપવા લાગ્યો.

મહિષાસુર હતો તો રાક્ષસ, જન્મે ને કર્મે બંને પ્રકારે રાક્ષસ, તો પણ યુદ્ધકળામાં ખૂબ જ કુશળ હતો. પ્રાચીન કાળના કેટલાય રાક્ષસો, દૈત્યો અથવા અસુરોના સંબંધમાં એ હકીકત સાચી હતી. એમનામાં અસાધારણ યુદ્ધકૌશલ હતું. એમની શક્તિ ને બુદ્ધિ પણ પ્રખર હતી એની ના નહિ, પરંતુ એ બુદ્ધિ સદ્‌બુદ્ધિ નહોતી. એ ઉપરાંત મોટા ભાગના અસુરોમાં ભગવાનની ભક્તિ તથા પવિત્ર જીવનની પ્રીતિ નહોતી. એને લીધે એમની શક્તિ રચનાત્મક કાર્યોમાં વપરાવાના બદલે વિધ્વંશાત્મક કાર્યોમાં વપરાતી ને સમાજને માટે આશીર્વાદરૂપ બનવાને બદલે અભિશાપરૂપ બનતી. કેટલાક અસુરોને જન્મથી શક્તિ સાંપડેલી, કેટલાકને તપથી તો કેટલાકને મલિન સાધનાઓથી અને દેવતાના આરાધનથી. એ તપ, સાધના અથવા આરાધનથી એમના જીવનની સંશુદ્ધિ નહોતી સધાઈ. એવી સંશુદ્ધિની એમને અભિલાષા પણ નહોતી. પરિણામે એમનો જીવનવ્યવહાર આદર્શ ના બની શક્યો. એ એમની આસપાસના સમાજને માટે ઉપયોગી ના થઈ શક્યા. શક્તિ બીજાના સંરક્ષણને માટે વપરાય તો મંગલ મનાય છે, પરંતુ બીજાને સતાવવા માટે વપરાય તો અમંગલ અને નિરર્થક ઠરે છે. મહિષાસુરની પેઠે આજે વિજ્ઞાનની શક્તિ પણ પુરબહારમાં ખીલી અને અવનવા વિક્રમો સર્જી રહી છે. એ શક્તિની સાથે સદ્‌બુદ્ધિના સુવિકાસની અનિવાર્ય આવશ્યકતા છે. એવો સુવિકાસ અથવા સમન્વયાત્મક સુવિકાસ સધાશે તો જ માનવની, માનવતાની ને માનવીય સંસ્કૃતિની સમ્યક્ સુરક્ષા તેમ જ માવજત થઈ શકશે. જેમની પાસે શક્તિ છે તે મહિષાસુર જેવા દાનવ બનવાને બદલે માનવ બને ને માનવીય મૂલ્યોની વ્યક્તિગત તથા સમષ્ટિગત રીતે માવજત કરે એવું આપણે ઈચ્છીશું.

મહિષાસુરને માટે એ વિચારધારા તદ્દન નવી હતી. એ તો માનવતાનો, દેવત્વનો ને ઈશ્વરત્વનો વિરોધી હતો. એના ઘોર શત્રુ તરીકે એના ઉન્મૂલનને માટે જ કાર્ય કરતો. એવી રીતે કાર્ય કરવામાં એને જીવનનો આનંદ લાગતો. એટલે તો એ અતિશય ક્રોધે ભરાઈને મહાદેવીનો શક્ય તેટલી સઘળી શક્તિપૂર્વક સામનો કરવા માંડ્યો.

કેટલાકને મુખના પ્રહારથી, કેટલાકને ખરીના આઘાતથી, કેટલાકને પૂંછડાના મારથી તો કેટલાકને શીંગડાથી ચીરીને એ જમીન પર પાડવા લાગ્યો.

કેટલાકને વાયુ જેવા પ્રબળ વેગથી, કેટલાકને મહાભયંકર અવાજથી, કેટલાકને ચારે તરફ ભમાવી તો કેટલાકને ગુંગળાવીને એણે ધરતી પર નાખવા માંડ્યા.

એ પ્રમાણે લડતાં લડતાં એ જગદંબાના સિંહનો નાશ કરવાની તૈયારી કરવા લાગ્યો એટલે એ જોઈને જગદંબાના કોપનો પાર ના રહ્યો. એણે એના નાશનો નિર્ણય કર્યો.

એ મહાદેવીએ પોતાના દિવ્ય પાશના બંધનમાં એને બાંધી લીધો ત્યારે એમાંથી છૂટવા માટે એણે મહિષનું રૂપ છોડી દીધું.

એણે મહિષને બદલે સિંહનું સ્વરૂપ ધારણ કર્યું.

જગદંબાએ એના શીશને છેદવાની તૈયારી કરી ત્યાં તો બીજી જ ક્ષણે એ હાથમાં ખડ્ગ સાથે પુરુષરૂપે દેખાયો.

દેવીએ એને વીંધી નાખ્યો એટલે એણે વિશાળ હાથીનું સ્વરૂપ ધાર્યું.

એ ગર્જના કરીને સૂંઢથી સિંહને ખેંચવા લાગ્યો. દેવીએ એની સૂંઢને છેદી નાખી.

પરંતુ એ થાકે કે નિરાશ બને તેવો ન હતો. એણે ફરીથી મહિષનું સ્વરૂપ લઈને સૌને ત્રાસ પમાડવાનો પ્રારંભ કર્યો.

એ જગદંબા પર શીંગડાની મદદથી ઉચકેલા પર્વતખંડોને નાખવા માંડ્યો. જગદંબાએ એ પર્વતખંડોના ટૂકડા કરી નાખ્યા ને ભારે ક્રોધથી કહ્યું કે 'મૂઢ ! હું મધુને પી લઉં ત્યાં સુધી એકાદ ક્ષણને માટે ગર્જના કરી લે. તારો કાળ હવે છેક જ પાસે છે. હું તારો હમણાં જ નાશ કરીશ. ત્યારે દેવો આ સ્થળે ઉલ્લાસથી ઉભરાઈને વિજયઘેલા થઈને ગર્જના કરશે.'

**गर्ज गर्ज क्षणं मूढ मधु यावत्पिबाम्यहम् ।**
**मया त्वयि हतेऽत्रैव गर्जिष्यन्त्याशु देवताः ॥३-३८॥**

મધુનો અર્થ મદિરા નથી પણ મદ્ય છે. થાકને દૂર કરવા તથા નવી તાજગી લાવવા માટે એનો સહયોગ સર્વવિદિત છે.

જગદંબા કૂદકો મારીને મહિષાસુર પર ચઢી બેઠાં અને એને પગથી પૃથ્વી પર દબાવીને એના કંઠમાં ત્રિશૂળ માર્યું.

મહિષાસુર દબાયેલો ને ઘવાયેલો હોવા છતાં પુરુષરૂપે અડધો બહાર નીકળીને દેવી સાથે લડવા તો લાગ્યો, પરંતુ દેવીએ તલવારથી એના મસ્તકને અલગ કરી દીધું.

મહિષાસુરના નાશથી દાનવસેના ગભરાઈને નાસી ગઈ ને દેવો આનંદ પામ્યા.

ઋષિઓ તથા દેવો દેવીની સ્તુતિ કરવા લાગ્યા.

આખું વાયુમંડળ બદલાઈ ગયું.

* * *

## ૧૧. શક્રાદિસ્તુતિ

પ્રત્યેક સંઘર્ષ, સંગ્રામ કે યુદ્ધ પોતાની સાથે નાનામોટા સંદેશને લાવે છે. એ સંદેશને શાંતિપૂર્વક સાંભળીને એનું અનુસરણ કરવામાં આવે તો માનવની અને માનવસમાજની કાયાપલટ થાય ને સર્વત્ર સુખ, શાંતિ તથા સહયોગનું સામ્રાજ્ય પ્રસરી જાય. પ્રત્યેક સંઘર્ષ, સંગ્રામ કે યુદ્ધમાં એક પક્ષ વિજય પામે છે ને બીજો પરાજય. યુદ્ધ નીતિની સામે અનીતિનું, ધર્મની સામે અધર્મનું અને ન્યાયની સામે અન્યાયનું અથવા અનીતિ સામે નીતિનું, અધર્મ સામે ધર્મનું અને અન્યાય સામે ન્યાયનું હોય છે. એ માનવને ન્યાયી, નીતિમાન ને ધર્મયુક્ત બનવાનો પદાર્થપાઠ પૂરો પાડે છે ને શીખવે છે કે શોષણ નહિ પરંતુ પોષણ, અનાચાર નહિ પરંતુ સદાચાર અને વેર નહિ પરંતુ પ્રેમ જ અવનીની અનિવાર્ય આવશ્યકતા છે. માનવે એમનાથી અલંકૃત થવાનું છે.

યુદ્ધ કે સંગ્રામે કોઈ સમસ્યાનો શાશ્વત ઉકેલ નથી આણ્યો. એને લીધે નવી સમસ્યાઓ પેદા થઈ છે. એનો આધાર નાછૂટકે લેવો પડે તો પણ માનવના બધા જ પ્રયત્નો એથી પર થવા માટેના ને પ્રેમ તથા નીતિની પ્રતિષ્ઠા માટેના હોવા જોઈએ. દુર્ગાસપ્તશતી એ સનાતન સંદેશ પુરો પાડે છે. છતાં પણ એના જમાનામાં એ સંદેશને ઝીલવામાં ના આવ્યો એટલે સંગ્રામ આગળ વધ્યો. આજે પણ સંગ્રામો કે સંઘર્ષો ચાલે છે. મહિષાસુરો જેવા મોહાંધ મંદબુદ્ધિ અસુરોની આસુરી વૃત્તિ તથા પ્રવૃત્તિવાળા સમાજહિત-વિરોધી માનવોની કમી નથી. આજે પણ માનવ સામુહિક રીતે માનવને પ્રેમ કરતાં, સંપ, સહયોગ, સેવાભાવ, શાંતિપૂર્વક રહેતાં નથી શીખ્યો. એથી યુદ્ધો થયા કરે છે. એ માનવની ને માનવજાતિની મોટામાં મોટી કરુણતા છે, નબળાઈ છે. માનવનું ભૂષણ નથી પરંતુ દૂષણ છે.

મહિષાસુરના નાશથી યુદ્ધ અટક્યું નહિ. યુદ્ધનો કેવળ એક નોંધપાત્ર તબક્કો પૂરો થયો. પરંતુ એ કથાને આગળ કહીએ એ પહેલાં દેવોએ કરેલી દેવીની સ્તુતિનો ઊડતો ઉલ્લેખ કરી લઈએ. એ ઉલ્લેખ આવશ્યક છે. દુર્ગાસપ્તશતીના ચોથા અધ્યાયમાં એ સ્તુતિનો સમાવેશ કરાયો છે. એ સ્તુતિ ખૂબ જ ભાવપૂર્ણ, સરળ છતાં સારવાહી અને રસમય છે. શક્રાદિ સ્તુતિના નામથી એની પ્રસિદ્ધિ છે. એના થોડાક શ્લોકો આ રહ્યા:

शक्रादयः सुरगणा निहतेऽतिवीर्ये
तस्मिन्दुरात्मनि सुरारिबले च देव्या ।
तां तुष्टुवुः प्रणतिनम्रशिरोधरांसा
वाग्भिः प्रहर्षपुलकोद्‌गमचारुदेहाः ॥४-२॥

‘દેવીએ અતિશય પરાક્રમી તથા દુષ્ટ મહિષાસુર અને એની અસુરસેનાનો નાશ કર્યો તેથી ઈન્દ્રાદિ દેવો નમ્રાતિનમ્ર ભાવે મસ્તક નમાવીને દેવીની સ્તુતિ કરવા લાગ્યા. એ વખતે અતિશય આનંદાનુભવને લીધે એમને રોમાંચ થઈ આવ્યાં.’

देव्या यया ततमिदं जगदात्मशक्त्या
निश्शेष देवगण शक्तिसमूह मूर्त्या ।

तामम्बिकामखिलदेव महर्षि पूज्यां
भक्त्या नताःस्मविदधातु शुभानि सा नः ॥४-३॥

'જે જગતની એકમાત્ર અંતરંગ શક્તિ છે, જે સમસ્ત જગતમાં વ્યાપક છે, સઘળા દેવોની શક્તિના સમૂહરૂપ છે, તથા સર્વે દેવો અને મહર્ષિઓને માટે પૂજવાયોગ્ય છે, એ જગદંબાને અમે પરમ પ્રેમભક્તિથી પ્રેરાઈને નમીએ છીએ. એ અમારું કલ્યાણ કરો, અમારી ઉપર સદા મંગલ વરસાવો, એવી આકાંક્ષા રાખીયે છીએ.'

यस्याः प्रभावमतुलं भगवाननन्तो
ब्रह्मा हरश्च न हि वक्तुमलं बलं च ।
सा चण्डिका अखिल जगत् परिपालनाय
नाशाय चाशुभभयस्य मतिं करोतु ॥४-४॥

'દેવી ! તમારો પ્રભાવ અનુપમ અને અવર્ણનીય છે. એની તુલના કોની સાથે થઈ શકે ? તમારા પ્રભાવ તથા બળનું વર્ણન ભગવાન શેષનાગ, બ્રહ્મા તેમજ શંકર પણ ના કરી શકે તો સાધારણ વ્યક્તિનું તો ગજુ જ શું? હે ચંડિકાદેવી, તમારા વિના સમસ્ત સંસારનું પાલન, સંરક્ષણ અને દુર્જનના ભયનો નાશ કોણ કરશે ? તમે તેને માટે તૈયાર થાવ.'

या श्री स्वयं सुकृतिनां भवनेष्वलक्ष्मीः
पापात्मनां कृतधियां हृदयेषु बुद्धिः ।
श्रद्धा सतां कुलजनप्रभवस्य लज्जा
तां त्वां नताःस्म परिपालय देवि विश्वम् ॥४-५॥

'જે દેવી સત્કર્મપરાયણ પુણ્યવાન પુરુષોના ઘરમાં લક્ષ્મી અથવા સંપત્તિરૂપે, પાપીઓના ઘરમાં દરિદ્રતારૂપે, શુદ્ધ અંતઃકરણવાળાઓના હૃદયમાં શ્રદ્ધાભક્તિરૂપે અને કુલીન મનુષ્યોમાં લજ્જારૂપે - જે લજ્જાને લીધે એ કદી પણ કુકર્મપરાયણ નથી બનતા તે લજ્જારૂપે - વાસ કરે છે તે દેવીને અમે વંદન કરીએ છીએ. હે દેવી ! તમે સમસ્ત વિશ્વનું પાન કરો.'

किं वर्णयाम तव रूपमचिन्त्यमेतत्
किं चातिवीर्यमसुरक्षयकारि भूरि ।
किं चाहवेषु चरितानि तवाद्भुतानि
सर्वेषु देव्यसुरदेवगणादिकेषु ॥४-६॥

'હે દેવી ! તમારા આ અચિંત્ય રૂપનું, અસુરોનો સર્વનાશ કરનારા તમારા લોકોત્તર વીર્ય, સામર્થ્ય કે પરાક્રમનું અને દેવદાનવના ભયંકર સંગ્રામ દરમિયાન પ્રકટેલા તમારા અલૌકિક ચરિત્રનું વર્ણન અમારાથી કેવી રીતે કરી શકાય ? અમારી બુદ્ધિ તથા શક્તિ અત્યંત અલ્પ અને સીમિત છે. તે તમારા રહસ્યને સંપૂર્ણપણે શી રીતે સમજી શકે ?'

हेतुः समस्त जगतां त्रिगुणापि दोषैर्न
ज्ञायसे हरिहरादिभिरप्यपारा ।

सर्वाश्रयाखिलमिदं जगदंश भूत
मव्याकृता हि परमा प्रकृतिस्त्वमाद्या ॥४-७॥

'તમે જગતનાં મૂળભૂત કારણરૂપ છો. સત્વ, રજ તથા તમ એ પ્રકૃતિના ત્રણે ગુણોની જનની છો. એ ગુણો તમારામાં સમાયેલા છે. તમારા દિવ્ય મહિમાનો પાર બ્રહ્મા, વિષ્ણુ તથા શંકર સરખા પણ નથી પામી શક્યા. તમે આ બધા જગતના એકમાત્ર આશ્રયરૂપ છો. જગત તમારું અંશ છે. તમે પરમ, મૂળ, આદિ પ્રકૃતિ છો.'

या मुक्तिहेतुरविचिन्त्यमहाव्रता त्व-
मभ्यस्यसे सुनियतेन्द्रियतत्त्वसारैः ।
मोक्षार्थिभिर्मुनिभिरस्त समस्तदोषै
र्विद्यासि सा भगवती परमा हि देवी ॥४-९॥

'હે મહાદેવી ! તમે મુક્તિ આપનારાં અથવા મુક્તિના એકમાત્ર સાધનરૂપ છો. અચિંત્ય મહાવ્રતસ્વરૂપ પણ તમે જ છો. તત્વને જાણવાની ઈચ્છાવાળા, મોક્ષની આકાંક્ષાથી ભરેલા, ઈન્દ્રિયોને ને મનને સંયમમાં રાખનારા, દોષોથી રહિત પવિત્ર ઋષિમુનિઓ જે વિદ્યાને મેળવવા માગે છે તે સર્વશ્રેષ્ઠ અધ્યાત્મવિદ્યા પણ તમે જ છો.'

मेधासि देवि विदिताखिल शास्त्रसारा
दुर्गासि दुर्ग भवसागर नौरसङ्गा ।
श्रीः कैटभारिहृदयैक कृताधिवासा
गौरी त्वमेव शशि मौलिकृत प्रतिष्ठा ॥४-११॥

'દેવી ! તમારી કૃપાથી શાસ્ત્રોનો પાર પામી શકાય છે. શાસ્ત્રોને સમજવાની પ્રેરણા કરનારી અને શાસ્ત્રોનો પાર પામવાની શક્તિ પ્રદાન કરનારી મેધા તમે જ છો. દુર્ગમ સંસારસાગરની પાર પહોંચવામાં મદદરૂપ નૌકા જેવાં દુર્ગા દેવી તમે જ છો. મધુકૈટભના શત્રુ છો. વિષ્ણુના હૃદયપ્રદેશમાં વસનારા લક્ષ્મી છો. મસ્તક પર ચંદ્રમાવાળા મહાદેવની દ્વારા પ્રતિષ્ઠા પામેલાં ગૌરી પણ તમે જ છો. એ બધાં તમારાં જ જુદાં જુદાં સ્વરૂપો છે.'

देवि प्रसीद परमा भवती भवाय
सद्यो विनाशयसि कोपवती कुलानि ।
विज्ञातमेतदधुनैव यदस्तमेत-
न्नीतं बलं सुविपुलं महिषासुरस्य ॥४-१४॥

'હે મહાદેવી ! પ્રસન્ન થાવ. તમે પરમાત્માસ્વરૂપ છો. તમે પ્રસન્ન થાવ છો તો વિશ્વનો વિકાસ અથવા અભ્યુદય થાય છે, અને ક્રોધે ભરાવાથી કેટલાંય કુળોનો નાશ કરી નાખો છો. એ વાતનો અનુભવ પણ હમણાં જ થયો કેમ કે તમારા કોપને લીધે મહિષાસુરની સુવિશાળ સેનાનો એની સાથે જ સર્વનાશ થઈ ગયો.'

ते सम्मता जनपदेषु धनानि तेषां

तेषां यशांसि न च सीदति धर्मवर्गः ।
धन्यास्त एव निभृतात्मजभृत्यदारा
येषां सदाभ्युदयदा भवती प्रसन्ना ॥४-१५॥

'સદાસર્વદા શરણાગતનો અભ્યુદય કરનારાં તમે જેના પર પ્રસન્ન થાવ છો ને કૃપા કરો છો તેનું જ સર્વત્ર સન્માન થાય છે, તેને જ ધન તથા યશની પ્રાપ્તિ થાય છે, તેમનું ધર્માચરણ કદી શિથિલ કે મંદ નથી પડતું, તથા તે જ સાનુકુળ સર્વોત્તમ સ્ત્રી, પુત્ર તથા પરિચારકોને પામીને કૃતાર્થ થાય છે. તમે જેની પર કૃપા કરો છો તેનું જ સર્વત્ર સન્માન થાય છે, જેને તમારી કલ્યાણમયી કૃપાનો લાભ નથી મળતો તે સુખ, શાંતિ, સમૃદ્ધિથી સંપન્ન બનીને ધન્ય નથી બની શકતો.'

धर्म्याणि देवी सकलानि सदैव कर्मा-
ण्यत्यादृतः प्रतिदिनं सुकृती करोति ।
स्वर्गं प्रयाति च ततो भवतीप्रसादा-
ल्लोकत्रयेऽपि फलदा ननु देवि तेन ॥४-१६॥

'તમારી કૃપાથી જ હે દેવી ! પુણ્યાત્મા પુરુષ પ્રતિદિન શ્રદ્ધાપૂર્વક સર્વ પ્રકારનાં ધર્માનુકૂળ સત્કર્મો કર્યા કરે છે. એમના પુણ્યપ્રભાવથી એ સુખદ સ્વર્ગલોકમાં જાય છે. તમે ત્રણે લોકમાં ઈચ્છાનુસાર ફળ આપનારાં છો.'

दुर्गे स्मृता हरसि भीतिमशेषजन्तोः
स्वस्थैः स्मृता मतिमतीव शुभां ददासि ।
दारिद्र्यदुःखभयहारिणि का त्वदन्या
सर्वोपकारकरणाय सदाऽऽर्द्रचित्ता ॥४-१७॥

'જગદંબા, દુર્ગા ! તમારા સ્મરણમાત્રથી જ તમે પ્રાણીઓની પીડા તથા ભીતિને હરી લો છો અને સદ્ બુદ્ધિસંપન્ન સ્ત્રીપુરુષો દ્વારા સ્મરણ, મનન તથા ચિંતન કરવાથી પવિત્રતમ પ્રજ્ઞાનું પ્રદાન કરો છો. દરિદ્રતા, દુઃખ અને ભયને દૂર કરનારાં મહાદેવી ! સૌનું કલ્યાણ કરવા માટે જેમનું ચિત દયાર્દ્ર રહેતું હોય એવું તમારા વિના બીજું કોણ છે ?'

दुर्वृत्तवृत्तशमनं तव देवि शीलं
रूपं तथैतदविचिन्त्यमतुल्यमन्यैः ।
वीर्यं च हन्तृ हृतदेवपराक्रमाणां
वैरिष्वपि प्रकटितैव दया त्वयेत्थम् ॥४-२१॥

'મહાદેવી ! તમારું શીલ દુરાચારીઓના બુરા વ્યવહારને દૂર કરનારું છે. તમારા રૂપની તુલના બીજા કોઈપણ રૂપ સાથે નથી કરી શકાય તેમ. એ રૂપનું પૂરેપૂરું ચિંતન પણ કોણ કરી શકે? તમારું સામર્થ્ય દેવતાઓની શક્તિનો નાશ કરનારા દાનવોનો સંહાર કરનારું છું. તમારા દુશ્મનોનો નાશ કરીને તમે તેમની ઉપર પણ દયા જ કરી છે.'

*

એ શ્લોકમાં પ્રથમ પંક્તિનું મહત્વ ઘણું મોટું છે. દેવીના શીલનો પરિચય આપવા માટે એમાં દુર્વૃત્તશમનં શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે. એ શબ્દપ્રયોગ સંક્ષિપ્ત હોવા છતાં ચિરસ્મરણીય શાશ્વત સંદેશ પુરો પાડે છે. સ્ત્રીઓનો વ્યવહાર કેટલો બધો વિશદ હોવો જોઈએ એની એમાંથી સૂચના મળે છે. દુર્ગાસપ્તશતી સૂચવે છે કે સ્ત્રીનો વ્યવહાર દૂષિત ના હોવો જોઈએ. એ પુરુષની પશુવૃત્તિને કે વિલાસિતાને પોષે નહીં, દુરાચારીને તાબે પણ ના થાય, પરંતુ પુરુષને શીલ, સંયમ અને સત્કર્મ પ્રત્યે પ્રેરે તથા પોતાના સ્વમાનપૂર્ણ વ્યવહારથી દુરુચારીની દુષ્ટ વૃત્તિઓને નિષ્ફળ બનાવે. આજે સમાજમાં સ્ત્રી પોતાના વેશ તેમજ વર્તન દ્વારા પુરુષના મનને મોહિત કરવાની કોશિશો કરી રહી છે અને એમાં ગૌરવ ગણી રહી છે ત્યારે આ નિર્દેશ ખૂબ જ મહત્વનો છે. સ્ત્રીઓ એના ભાવાર્થને સમજીને જીવનમાં વણી લે એવું ઈચ્છીશું.

केनोपमा भवतु तेऽस्य पराक्रमस्य
रूपं च शत्रुभयकार्यतिहारि कुत्र ।
चित्ते कृपा समरनिष्ठुरता च दृष्टा
त्वय्येव देवि वरदे भुवनत्रयेऽपि ॥४-२२॥

'તમારા આ પરાક્રમની તુલના કોની સાથે કરી શકાય ? શત્રુઓને ભયભીત કરનારું તમારું અત્યંત સુંદર સ્વરૂપ પણ બીજે ક્યાં છે ? હૃદયમાં કરુણા કે કૃપા અને યુદ્ધમાં નિષ્ઠુરતા એ ઉભયનો સુમેળ તો ત્રણે લોકમાં કેવળ તમારી અંદર જ જોવા મળ્યો છે. એવો સુમેળ બીજે ક્યાંય કોઈનામાં નથી દેખાતો.'

शूलेन पाहि नो देवि पाहि खड्गेन चाम्बिके ।
घण्टास्वनेन: पाहि चापज्यानि:स्वनेन च ॥४-२४॥
प्राच्यां रक्ष प्रतीच्यां च चण्डिके रक्ष दक्षिणे ।
भ्रामणेनात्मशूलस्य उत्तरस्यां तथेश्वरि ॥४-२५॥
सौम्यानि यानि रूपाणि त्रैलोक्ये विचरन्ति ते ।
यानि चात्यर्थघोराणि तै रक्षास्मांस्तथा भुवम् ॥४-२६॥
खड्गशूलगदादीनि यानि चास्त्राणी तेऽम्बिके ।
करपल्लवसङ्गीनि तैरस्मान् रक्ष सर्वत: ॥४-२७॥

'મહાદેવી ! તમે અમારી શૂલથી રક્ષા કરો. અંબિકા ! અમારી રક્ષા ખડ્ગથી, ઘંટના ધ્વનિથી તથા ધનુષ્યના ટંકારથી કરો.'

'ચંડિકા ! પૂર્વ, પશ્ચિમ તથા દક્ષિણ દિશામાં અમારી રક્ષા કરો. ઈશ્વરી ! તમારા ત્રિશૂળને ફેરવીને અમારી ઉત્તર દિશામાં પણ રક્ષા કરો.'

'ત્રણે લોકોમાં તમારાં જે પરમ સુંદર, શાંત તથા અત્યંત ભયંકર રૂપો સદા વિચરે છે એમનાથી અમારી અને સમસ્ત સંસારની રક્ષા કરો.'

'અંબિકાદેવી ! તમારા કરપલ્લવમાં શોભનારાં ખડ્ગ, શૂલ તથા ગદાદિ જે જે શસ્ત્રાસ્ત્રો છે, તે સર્વે શસ્ત્રાસ્ત્રોથી તમે અમારી સર્વ તરફથી રક્ષા કરો.'

*

દેવોએ એ પ્રમાણે ભક્તિભાવથી પ્રેરાઈને દેવીની સ્તુતિ કરી. એ ઉપરાંત સ્વર્ગલોકનાં દિવ્ય પરિમલથી ભરેલાં પુષ્પોથી અને ચંદનાદિથી પૂજા કરીને એ બધા પ્રણામ કરીને ઊભા રહ્યા ત્યારે દેવીએ એમની શ્રદ્ધાભક્તિ તથા પ્રશસ્તિથી પ્રસન્ન થઈને એમને આકાંક્ષાનુસાર વસ્તુની અથવા વરદાનની માગણી કરવા કહ્યું. એના ઉત્તરમાં દેવોએ માગવા જેવું બધું જ માગી લીધું. પોતાને માટે જે આવશ્યક હતું તે તો માગ્યું જ પરંતુ સાથે સાથે બીજાનો પણ વિચાર કર્યો ને જગદંબાના અસાધારણ અનુગ્રહથી બીજાના મંગલનો માર્ગ પણ નિશ્ચિત કરી દીધો. દેવોએ જે કાંઈ માંગ્યું એથી વિશેષ કલ્યાણકારક બીજું કશું ભાગ્યે જ માગી શકાયું હોત. એમણે જણાવ્યું કે દેવી ! તમે તો અમારી સઘળી ઇચ્છાઓ પૂરી કરી દીધી. હવે શેષ કશું જ નથી રહેતું. અમારા શત્રુ મહિષાસુરનો તમારે હાથે નાશ થયો. તમે અમને અનુગ્રહપૂર્વક વિશેષ વરદાન આપવા ઇચ્છતાં હો તો એવું વરદાન આપો કે અમે જ્યારે પણ તમારું સ્મરણ કરીએ ત્યારે તમે અમારી આગળ પ્રકટીને અમારાં કષ્ટોને દૂર કરો, તથા જે માનવ તમારા સ્તોત્ર દ્વારા તમને સ્તવે તેને ધન, સંપત્તિ અને સમુન્નતિથી સંપન્ન કરવાની સાથેસાથે એની ધન, વૈભવ તથા સ્ત્રી જેવી સંપત્તિને વધારવા માટે કૃપા કરો.

દેવોએ જે માંગ્યું એ એમને માટે - એમની દૃષ્ટિએ કલ્યાણકારક હતું એમાં શંકા નથી. એ એમને માટે ઉચિત હતું. સંસારમાં અનેક પ્રકારની પીડાઓથી પીડિત પુરુષોને એવું વરદાન ગમશે અથવા આદર્શ લાગશે. પરંતુ જગદંબાના સતત સ્મરણમનન વિના, જગદંબાના ચરણોની સાચી શ્રદ્ધાભક્તિ કે પ્રીતિ વિના અને વિષયોથી ઉપરામ કરીને સત્યાસત્ય તેમજ શુભાશુભનો નિર્ણય કરવાનું સામર્થ્ય અર્પીને પરમ સત્ય તરફ પ્રેરનારી પવિત્રતમ પ્રજ્ઞા વિના જીવનનું સાચું સાર્થક્ય કેવી રીતે સધાશે ? કેવળ ભૌતિક પદાર્થપ્રાપ્તિ અને સુખસમૃદ્ધિ જ માનવજીવનનું સર્વાંગીણ કલ્યાણ નહિ કરી શકે અને એને ચિર શાંતિ પણ નહિ આપી શકે. મોહ અથવા વિષયાશક્તિરૂપી મહિષાસુરનું મર્દન જ્યાં સુધી શેષ છે ત્યાં સુધી જીવન સંપૂર્ણપણે સફળ, સંતુષ્ટ કે મુક્ત, પૂર્ણ ને ધન્ય નહિ બની શકે. એ મહિષાસુરના મર્દન માટે મા ને પ્રાર્થવાની ને મા ની મદદ માગવાની આવશ્યકતા છે. એના મર્દન માટે પોતાની સમગ્ર દૈવી શક્તિથી, સાચા હૃદયથી રોજ પ્રાર્થવું જોઈએ. એવી ઉત્કટ પ્રેમપૂર્વકની પ્રાર્થના દ્વારા મા ની કૃપા થાય અને મા ના દેવદુર્લભ દર્શનનો લાભ પણ મળી શકે. માટે આપણે તો પ્રાર્થીશું કે મા, શક્તિ અથવા સમૃદ્ધિ જ કાંઈ જીવનનું સારસર્વસ્વ નથી. એટલાનું જ દાન કરીને બેસી રહેવાને બદલે સદ્‌બુદ્ધિ તથા શ્રદ્ધાભક્તિ પણ પ્રદાન કરો. અને તમારા દર્શનની કામના તો અમારા મનમાં રહેશે જ. એ દર્શન જીવનની પ્રત્યેક પળે ને હરેક સ્થળે, નિત્ય નિરંતર થાય તો તો કેવું સારું ?

દેવોની માગણીનો તથાસ્તુ કહીને સ્વીકાર કરીને દેવી ત્યાં જ અદૃશ્ય થઈ ગઈ. પ્રકૃતિ પર જેનો પરિપૂર્ણકાબુ હોય છે તે ઈચ્છાનુસાર પ્રકટે છે, ઇચ્છાનુસાર એક અથવા અનેક રૂપે પ્રકટે છે, અને અદૃશ્ય થઈ શકે છે. પાતંજલ યોગદર્શનના અભ્યાસીઓ એ વાતને સારી પેઠે જાણે છે. દેવીને માટે એવી સિદ્ધિ લેશ પણ અઘરી કે અશક્ય નહોતી.

* * *

## ૧૨. અંબિકાનો આવિર્ભાવ

દેવી, દેવોની દેવી મહાદેવી, આપણી ઉપર પ્રસન્ન થઈને આપણને એવી રીતે વરદાન માગવાનું, ઈચ્છાનુસાર વસ્તુ માગવાનું ક્યારે કહેશે ? આપણે પણ એના અલૌકિક અમૃતમય અવિનાશી અદ્ ભુત સ્વરૂપનું દર્શન ક્યારે કરી શકીશું અને ક્યારે એના સુધાસભર શાંતિપ્રદાયક સુખદ સ્વરને સાંભળી શકીશું? એના ત્રિભુવનસુંદર વિશ્વવિમોહન અનંત સનાતન સૌંદર્યને અવલોકવાનો અપાર્થિવ આનંદ આપણને ક્યારે મળશે? આપણા પર એની અનેરી અનુગ્રહવર્ષા ક્યારે વરસશે ? એના સિવાય આપણું શરીરધારણ સાર્થક નહિ બની શકે. જીવન જ્યોતિર્મય ધન્ય નહિ બને. એના શીતળ સુધામય સંસ્પર્શથી કાયા ક્યારે કૃતાર્થ બનશે ? વખત તો વાયુવેગે વહ્યે જાય છે. એકવાર આ જીવન પૂરું પણ થશે. એના દર્શન માટેના પ્રયત્નો કદાચ કોઈકના જીવનમાં ચાલતા હશે, પરંતુ પ્રયત્નોથી જ એનું દર્શન થઈ શકવાનું છે ? એનો અસીમ અનુગ્રહ પણ જોઈશે. એટલે જ આપણે પ્રાર્થીએ છીએ કે મા ! અમારામાં કોઈ પ્રકારની નાનીમોટી યોગ્યતા નથી, શક્તિ નથી, ભક્તિ નથી. તો પણ તારા દર્શનની ઈચ્છા તો છે જ. તો એ ઈચ્છાને વહેલી તકે પૂરી કરીને અમને શાંતિ આપ. અમારે બીજું કોઈયે વરદાન નથી જોઈતું. તું જ - તારો સાક્ષાત્કાર જ અમારું મોટામાં મોટું મહામૂલ્યવાન વરદાન છે. માટે કૃપા કરીને દર્શન આપ. બાળક તો પ્રાર્થી, રડી અને ઝંખી જાણે છે. આગળનું બધું કાર્ય મા ને જ કરવાનું હોય છે. અરે, અમારાથી તો પૂરું પ્રાર્થી, રડી અને ઝંખી પણ ક્યાં શકાય છે ? છતાં પણ જે છે એને અનેકગણું ગણીને દર્શન આપ; કૃપા કરીને દર્શન આપ.

*

જગદંબાની જુદી જુદી લીલાઓનું જયગાન એની પ્રત્યેના પ્રેમભાવને પ્રકટાવવા, પ્રબળ બનાવવા તથા છેવટે એનો સાક્ષાત્કાર કરવા માટે જ કરાઈ રહ્યું છે. મેધા મુનિ એ લીલાઓનું જયગાન કરતાં દુર્ગાસપ્તશતીમાં આગળની કથા શરૂ કરે છે. એ કથા પણ એટલી જ રોચક છે.

એ કથા પણ એના જેવી બીજી કેટલીક કથાઓની પેઠે દેવાસુર સંગ્રામ સાથે સંકળાયેલી છે. એ વખતના અસુરો કેટલા બધા શક્તિશાળી અને આતંકકારી હતા એનો એના પરથી ખ્યાલ આવે છે. દેવોની પેઠે દાનવો સૃષ્ટિની શરૂઆતથી જ થયા કરતા. સૃષ્ટિમાં જેમ દૈવી શક્તિઓ હતી તેમ આસુરી શક્તિઓ પણ વિદ્યમાન હતી જ. એ બંને પ્રકાશની શક્તિઓનો સતત સંઘર્ષ ચાલતો અને એમાં આસુરી શક્તિઓનો વિજય થતાં સમાજની સામુહિક સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ અને સત્વસંશુદ્ધિનો નાશ કરવાનો પ્રયત્ન થતો. સમાજના સ્વાસ્થ્યને માટે એ હકીકત હાનિકારક હોવાથી એમનો પ્રતીકાર તથા પરાજય જરૂરી મનાતો. દુર્ગાસપ્તશતીના પાંચમા અધ્યાયનો પ્રારંભ એવી જ ઐતિહાસિક ભૂમિકા પરથી થઈ રહ્યો છે.

શુંભ અને નિશુંભ નામના મહાબળવાન દુષ્ટ પ્રકૃતિના દુષ્કર્મપરાયણ દૈત્યોએ દેવો સાથે યુદ્ધે ચઢીને પોતાના પ્રખર પરાક્રમથી ઈન્દ્ર પાસેથી ત્રિલોકનું સામ્રાજ્ય લઈ લીધું અને એને યજ્ઞભાગથી પણ વંચિત કર્યો. ઈન્દ્રની દશા એથી ખૂબ જ દીન, હીન, કરુણ તેમજ કફોડી બની ગઈ. એના વિષાદનો પાર ના રહ્યો.

એ દૈત્યોએ સૂર્ય, ચંદ્ર, કુબેર, યમ અને વરુણના અધિકારો પણ પડાવી લીધા.

એમણે નાનામોટા સઘળા દેવોને અપમાનિત, પરાજીત તથા સ્થાનભ્રષ્ટ કરીને સ્વર્ગલોકમાંથી કાઢી મૂક્યા.

સજ્જનોની શક્તિ બીજાની સુરક્ષા કે સહાયતા માટે હોય છે ને દુર્જનોની બીજાને પીડા પહોંચાડવા, દબાવવા કે હેરાન કરવા. એક દૈવી શક્તિ હોય છે અને બીજી આસુરી. એક આશીર્વાદ બને છે ને બીજી અભિશાપ.

જેની વૃત્તિ તથા પ્રવૃત્તિ દૈવી છે, જે બીજાને ઉપયોગી છે, તે દેવ કહેવાય. જેની વૃત્તિ ને પ્રવૃત્તિ ખરાબ છે, બીજાને માટે હાનિકારક છે, આસુરી છે, એ અસુર.

એવા દેવો અને અસુરો દુનિયામાં સદા થયા જ કરે છે. આજે પણ એમનો અભાવ નથી.

એ બંને અસુરોથી અપમાનિત થયેલા આર્ત દેવોએ દેવીનું શરણ લીધું ને સ્મરણ કર્યું.

*

માનવનો સ્વભાવ જ એવો વિચિત્ર છે કે એ દુઃખમાં, આપત્તિમાં, પ્રતિકૂળતામાં ભગવાનને સ્મરે છે, અલબત્ત, એ હકીકત બધા માનવોને લાગુ નથી પડતી. મોટા ભાગના માનવો દુઃખ, આપત્તિ અથવા પ્રતિકૂળતામાં પણ ભગવાનનું સ્મરણ નથી કરતા. પરંતુ ભગવાનનું સ્મરણ જો સુખમાં કે સાનુકૂળતામાં પણ કરવામાં આવે તો કેટલું બધું કલ્યાણકારક થઈ શકે ? જે સુખમાં, સંપત્તિમાં, સાનુકૂળતામાં પણ ભગવાનને સ્મરે છે કે ભજે છે એ અધિક આદરણીય છે. ભગવાન એની સદા રક્ષા કરે છે. એનો અર્થ એવો નથી કે ભગવાનનું દુઃખમાં કરાયેલું સ્મરણ મિથ્યા છે. એ પણ પોતાની રીતે ફળ આપે જ છે. દેવો સુખસંપત્તિમાં પડીને દેવીને ભૂલી ગયેલા પરંતુ હવે સુખસંપત્તિના નાશનો સમય સમીપ આવતાં એને યાદ કરવા લાગ્યા. એમને દેવીના દિવ્ય વરદાનની સ્મૃતિ થઈ. દેવીએ એમને એ દિવ્ય વરદાનમાં કહેલું કે સંકટ સમયે મારું સ્મરણ કરવાથી તમારાં સઘળાં સંકટોનો સત્વર નાશ કરી નાખીશ. એ વરદાનની સ્મૃતિથી એમને અવનવીન ઉત્સાહ, ધૈર્ય, હિંમત તેમજ પ્રેરણાની પ્રાપ્તિ થઈ. એમને થયું કે જગદંબા આપણી ઉપર કૃપા કરવા તૈયાર છે પછી આપણને કોનો ભય, કોનો શોક અને શાની ચિંતા છે ? જગદંબાની કૃપાથી સર્વ પ્રકારનાં કષ્ટોમાંથી સહેલાઈથી મુક્તિ મળશે.

એ બધા પરમપવિત્ર હિમાલય પર્વત પર પહોંચી ગયા અને ત્યાં પહોંચીને ત્યાંના વિશુદ્ધ વાતાવરણમાં મનને એકાગ્ર કરીને પરમ પ્રેમપૂર્વક જગદંબાની સ્તુતિ કરવા લાગ્યા.

नमो दैव्यै महादेव्यै शिवायै सततं नमः ।
नमः प्रकृत्यै भद्रायै नियताः प्रणताः स्म ताम् ॥५-९॥

'દેવીને નમસ્કાર કરીએ છીએ. મહાદેવીને, શિવાને, સદા નિરંતર નમસ્કાર કરીએ છીએ. પ્રકૃતિ તથા ભદ્રાને પ્રણામ કરીએ છીએ. જગદંબાને નિયમપૂર્વક પ્રેમથી પ્રણામ કરીએ છીએ.'

'રૌદ્રાને નમસ્કાર, નિત્યા, ગૌરી તથા ધાત્રીને વારંવાર નમસ્કાર. જ્યોત્સનામયી, ચંદ્રરૂપિણી, પરમ સુખસ્વરૂપા દેવીને વારંવાર પ્રેમપૂર્વક પ્રણામ કરીએ છીએ.'

'શરણાગતોનું કલ્યાણ કરનારી બુદ્ધિ તથા સિદ્ધિ દેવીને વારંવાર વંદન કરીએ છીએ. રાક્ષસોની લક્ષ્મી, રાજાઓની લક્ષ્મી તથા શિવપત્ની સ્વરૂપા જગદંબાને વારંવાર વંદન.'

'દુર્ગા, દુર્ગમ સંકટથી પાર ઉતારનારી, સૌના સારસરખી, સર્વકારિણી, ખ્યાતિ, કૃષ્ણા તથા ધૂમ્રાદેવીને નમસ્કાર. વારંવાર નમસ્કાર.'

'અતિશય સૌમ્ય તથા અતિશય રૌદ્ર દેવીને નમસ્કાર. જગતના એકમાત્ર આધાર જેવી કૃતિ દેવીને નેહપૂર્વક વારંવાર નમસ્કાર.'

**या देवी सर्वभूतेषु विष्णुमायेति शब्दिता ।**
**नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥१४-१६॥**
**या देवी सर्वभूतेषु चेतनेत्यभिधीयते ।**
**नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥१७-१९॥**
**या देवी सर्वभूतेषु बुद्धिरूपेण संस्थिता ।**
**नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥२०-२२॥**

(પ્રત્યેક શ્લોકની છેલ્લી પંક્તિને ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવી છે. તેથી શ્લોકની સંખ્યાગણનામાં ફેર પડે છે.)

એ શ્લોકોનો પદ્યાનુવાદ આ પ્રમાણે થઈ શકે.

જે દેવી સર્વભૂતોમાં વિષ્ણુમાયા કહી ગઈ
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.
જે દેવી સર્વભૂતોમાં પરમાચેતના થઈ,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.
જે દેવી સર્વભૂતોમાં બુદ્ધિરૂપે વસી રહી,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.

**या देवी सर्वभूतेषु निद्रारूपेण संस्थिता ।**
**नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥२३-२५॥**
**या देवी सर्वभूतेषु क्षुधारूपेण संस्थिता ।**
**नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥२६-२८॥**
**या देवी सर्वभूतेषुच्छायारूपेण संस्थिता ॥**
**नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥२९-३१॥**

જે દેવી સર્વભૂતોમાં નિદ્રા રૂપે વસી રહી,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.
જે દેવી સર્વભૂતોમાં કરે વાસ ક્ષુધા બની,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.
જે દેવી સર્વભૂતોમાં છાયા બની સદા સ્થિત,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.

या देवी सर्वभूतेषु शक्तिरूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥३२-३४॥
या देवी सर्वभूतेषु तृष्णारूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥३५-३७॥
या देवी सर्वभूतेषु क्षान्तिरूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥३८-४०॥

જે દેવી સર્વભૂતોમાં શક્તિરૂપે રમી રહી,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.
જે દેવી સર્વભૂતોમાં તૃષ્ણા છે સર્વદા બની,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.
જે દેવી સર્વભૂતોમાં વસે નિત્ય થઈ ક્ષમા,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.

*

या देवी सर्वभूतेषु जातिरूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥४१-४३॥
या देवी सर्वभूतेषु लज्जारूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥४४-४६॥
या देवी सर्वभूतेषु शान्तिरूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥४७-४९॥

જે દેવી સર્વભૂતોમાં રહી જાતિરૂપે વસી,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.
જે દેવી સર્વભૂતોમાં લજ્જારૂપે લઈ રહી,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.
જે દેવી સર્વભૂતોમાં ચિરશાન્તિ બની રમે,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.

*

या देवी सर्वभूतेषु श्रद्धारूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥५०-५२॥
या देवी सर्वभूतेषु कान्तिरूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥५३-५५॥
या देवी सर्वभूतेषु लक्ष्मीरूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥५६-५८॥

જે દેવી સર્વભૂતોમાં શ્રદ્ધારૂપે વસી રહી,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.
જે દેવી સર્વભૂતોમાં વિલસે કાંતિ ને બની,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.
જે દેવી સર્વભૂતોમાં લક્ષ્મી બની વળી વસી,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.

*

या देवी सर्वभूतेषु वृत्तिरूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥५९-६१॥
या देवी सर्वभूतेषु स्मृतिरूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥६२-६४॥
या देवी सर्वभूतेषु दयारूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥६५-६७॥

જે દેવી સર્વભૂતોમાં વાસ વૃત્તિ રૂપે કરે,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.
જે દેવી સર્વભૂતોમાં સ્મૃતિના રૂપમાં રહે,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.
જે દેવી સર્વભૂતોમાં વિરાજે છે દયા બની,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.

*

या देवी सर्वभूतेषु तुष्टिरूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥६८-७०॥
या देवी सर्वभूतेषु मातृरूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥७१-७३॥
या देवी सर्वभूतेषु भ्रान्तिरूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥७४-७६॥

જે દેવી સર્વભૂતોમાં તુષ્ટિરૂપે વસી રહી,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.
જે દેવી સર્વભૂતોમાં, માતા બની વસી રહી,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.
જે દેવી સર્વભૂતોમાં ભ્રાન્તિના રૂપમાં રમે,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.

इन्द्रियाणामधिष्ठात्री भूतानां चाखिलेषु या ।
भूतेषु सततं तस्यै व्याप्तिदैव्ये नमो नमः ॥७७॥

ઈન્દ્રિયોની અધિષ્ઠાત્રી, વ્યાપ્ત ભૂતોમહીં બની,
સદા તે વ્યાપ્તિદેવીને નમું, નેહથકી નમું.

चितिरूपेण या कृत्स्नमेतद् व्याप्य स्थिता जगत् ।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥७८-८०॥

ચૈતન્ય રૂપમાં આખા વિશ્વે વ્યાપક જે બની,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું નમું.

'પૂર્વકાલમાં પોતાની મનોકામનાની સિદ્ધિ માટે અને મનોકામનાની સિદ્ધિ પછી દેવોએ જેની સ્તુતિ કરી તથા દેવરાજ ઈન્દ્રે દિવસોપર્યંત જેની પૂજા કરી તે કલ્યાણની એકમાત્ર અધિષ્ઠાત્રી દેવી ઈશ્વરી અમારું મંગલ તથા શુભ કરે અને અમારાં સઘળાં સંકટોનો નાશ કરી નાખે.' (શ્લોક ૮૧)

'ઉદ્દંડ દાનવો અમને અહર્નિશ સતાવી રહ્યા હોવાથી અમે કૃપાવર્ષણની કામનાથી જે પરમેશ્વરીને અત્યારે પ્રેમપૂર્ણ પ્રશસ્તિપૂર્વક પ્રણામ કરી રહ્યા છીએ તથા ભક્તિથી નમ્ર બનેલા પુરુષો દ્વારા સ્મરવાથી જે શીઘ્ર સમસ્ત નાનીમોટી વિપત્તિઓનો અંત આણીને એમને સર્વસ્થળે, સર્વ કાળે, સર્વ પ્રકારે રક્ષે છે, તે મહાદેવી જગજ્જનની જગદંબા અમારાં સઘળાં સંકટોનો નાશ કરે.' (શ્લોક ૮૨)

દેવો જો કે સકામ સ્તુતિ કરી રહેલા તો પણ એમની એ સ્તુતિ નિષ્ફળ ના ગઈ. સ્તુતિ નિષ્કામ હોય તો ઘણું સારું. એવી સ્તુતિને સર્વોત્તમ કહી શકાય. પરંતુ એનો અર્થ એવો નથી કે નિષ્કામ સ્તુતિ કરવા જેટલી શક્તિ, સુયોગ્યતા કે ભૂમિકા ના હોય તો સકામ સ્તુતિ થાય જ નહિ. સંસારના મોટા ભાગના મનુષ્યો દુઃખ, દર્દ, અશાંતિ, અભાવ અથવા આપત્તિથી અટવાયેલા ને પીડાતા હોવાથી સકામ સ્તુતિ, પ્રાર્થના કે ભક્તિનો જ આશ્રય લેવાના. આરંભમાં એ એવી રીતે જ આગળ વધવાના, અને આગળ વધે એમાં કશું ખોટું પણ નથી. મનુષ્યનો સ્વભાવ જ એવો છે કે એ દુઃખ, સંકટ, શોક કે ચિંતાની ક્ષણોમાં કોઈનું શરણ શોધે છે. પોતાના કરતા વધારે મહાન અથવા શક્તિશાળી શક્તિની સહાય ઈચ્છે છે. ઈશ્વરની મદદ પણ એ સંદર્ભમાં માગવામાં આવતી હોય તો કશું ખોટું નથી. પરંતુ મનુષ્યે આગળ વધવું જોઈએ એટલે કે લૌકિક પદાર્થોની અસારતાને સારી પેઠે સમજીને છેવટે ઈશ્વરના સાચા પ્રેમી થવું જોઈએ. ઈશ્વરના સાચા પ્રેમી થવાશે એટલે ઈશ્વર વિના અન્ય કોઈ વસ્તુની ઈચ્છા જ નહિ રહે. પછી નિષ્કામ સ્તુતિ ભક્તિ, સાધના કે પ્રાર્થના સ્વાભાવિક બની જશે.

દેવોની શરણાગતિ અને સ્તુતિ સકામ હતી તો પણ એ સ્તુતિની પાછળ દેવીના મંગલમય મહિમાનું સર્વોત્તમ જ્ઞાન તો હતું જ. એની પ્રતીતિ એ સ્તુતિના ચિંતનમનનથી સહેલાઈથી થઈ શકે છે. દેવોને મન દેવીનું સ્વરૂપ કોઈ એક જ વસ્તુ કે વ્યક્તિપૂરતું મર્યાદિત નહોતું. એ તો સર્વવ્યાપક અથવા સર્વરૂપ હતું, દેવોએ એને કેવી અનોખી અંજલિ આપી છે ! એ કહે છે કે દેવી માતારૂપે, દયારૂપે, સ્મૃતિરૂપે, લક્ષ્મી-કાંતિ-શાંતિ-લજ્જા તથા શ્રદ્ધારૂપે, ક્ષુધા-નિદ્રા, બુદ્ધિ-શક્તિ અને ચેતનારૂપે, સમસ્ત સંસારમાં વિરાજી અને વિલસી રહે છે. એના વિના બીજું કશું છે જ નહિ. માતાના રૂપમાં એ સૌથી અધિક અનુભવગમ્ય છે, તો ચેતનાના

રૂપમાં પણ તદ્દન પાસે છે. દેવોએ આપી છે તેવી સૂક્ષ્માતિસૂક્ષ્મ સર્વવ્યાપક અંજલિ અન્યત્ર નહિ જોવા મળે. જીવનનો ચોક્કસ ને શુભ વિકાસ સધાય છે ત્યારે એવી સૂક્ષ્મ સમજપૂર્વકની અનુરાગપૂર્ણ અંજલિ શક્ય બને છે.

એવી અંજલિથી દેવી પ્રસન્ન થઈને અનુગ્રહ કરવા તૈયાર ના થાય એવું બને જ કેમ ? તે તો દયાળુ, પ્રેમમૂર્તિ છે, કરુણાસિંધુ છે, ને ભક્તોના દુઃખથી દ્રવે છે. તે દુઃખને દૂર પણ કરે છે.

દેવો પ્રેમપૂર્વક પ્રશસ્તિ કરી રહેલાં ત્યારે પાર્વતી દેવી ગંગામાં સ્નાન માટે આવી પહોંચી. એણે દેવોને કોની સ્તુતિ કરો છો એવું પૂછ્યું. એના દિવ્ય દેહમાંથી પ્રકટેલી શિવાદેવીએ એના ઉત્તરમાં જણાવ્યું કે આ બધા દેવતા શુંભ દૈત્યથી તિરસ્કારાયેલા તથા યુદ્ધમાં નિશુંભ દૈત્યથી પરાજય પામેલા છે. આ બધા એકઠા થઈને બીજા કોઈની નહિ પરંતુ મારી જ સ્તુતિ કરી રહ્યા છે.

પાર્વતીના દેહમાંથી અંબિકાદેવીનો આવિર્ભાવ થયો હોવાથી એને કૌશિકી નામથી પણ ઓળખવામાં આવી.

કૌશિકીના પ્રાદુર્ભાવ પછી પાર્વતી દેવીનું શરીર કાળું પડી જવાથી એ હિમાલયમાં રહેનારી કાલિકાદેવીના નામથી વિખ્યાત બની.

દેવીના પ્રાકટ્યથી દેવોને સંતોષ અને આનંદ થયો. એમને શાંતિ મળી. એમની પ્રાર્થના કે પ્રશસ્તિ ફળી.

દેવીએ એમને અનુગ્રહનો અનુભવ કરાવતાં આશ્વાસન આપ્યું.

* * *

## ૧૩. ધૂમ્રલોચન ધૂળમાં મળ્યો

અંબિકાદેવી પોતાની અલૌકિક કાંતિથી સમસ્ત વાયુમંડળને વિશદ તથા સુશોભિત બનાવી રહેલી. એનું સૌંદર્ય અનુપમ અને અદ્ભુત હતું. સમસ્ત સૃષ્ટિની શુચિતા એના રૂપમાં પ્રગટ થયેલી. સ્ત્રીમાત્ર જગદંબાનું પવિત્ર પ્રતીક છે. એમાં જગજ્જનની જગદંબાનો પવિત્ર પ્રકાશ વિલસી રહ્યો છે. એનું અવલોકન એવી આત્મીયતાભરેલી પવિત્ર દિવ્ય દૃષ્ટિથી જ કરવું જોઈએ. છતાં પણ એવી રીતે એને અવલોકવાનું સૌને સારું શક્ય નથી હોતું. કેટલાકના પોતાના મનમાં વિકાર અથવા વાસના હોવાથી એ સ્ત્રીને વાસના અથવા વિકારથી પ્રેરાઈને જ અવલોકે છે. સ્ત્રી એમને મન માતા નથી રહેતી, પૂજ્ય નથી બનતી, પરંતુ ભોગ્યાના એક જ હીન ભાવને ઉત્તેજનારી કે પોષનારી બની રહે છે. એમના કાળજામાં કામવાસનાના કીડા ખદબદ્યા કરે છે. અને એમની વૃત્તિ, દૃષ્ટિ તથા પ્રવૃત્તિમાં પણ એ જ ભમે છે. એમને મન સ્ત્રી એટલે બહારનું કલેવર અથવા ખોખું જ હોય છે. એ ખોખાની અંદર ઉતરીને એની અંદર અને આરપાર રહેલા પરમાત્માના પવિત્રતમ પુણ્યપ્રકાશને એ નથી પેખી શકતા. એ માનવ હોવા છતાં પશુને મળતા વાસનાસંસ્કારોથી સંપન્ન હોય છે. શુંભ-નિશુંભ નામના દૈત્યો તથા એમના સેવકો ચંડ અને મુંડ એવી આસુરી બુદ્ધિ, વૃત્તિ, પ્રવૃત્તિ, તેમજ દૃષ્ટિથી સંપન્ન હતા. એ દૃષ્ટિ, પ્રવૃત્તિ, બુદ્ધિ તથા વૃત્તિ એમને જાણે કે જન્મથી જ વારસામાં મળેલી.

અંબિકાદેવીને અવલોકીને ચંડ તથા મુંડના મનમાં ભળતા જ ભાવો પેદા થયા. વિકૃત વિચારો ઊઠવા લાગ્યા.

એમણે એમના અધીશ્વર સર્વસત્તાધીશ શુંભની પાસે પહોંચીને એ દિવ્ય દેવીની એમની રીતે ઓળખાણ આપતાં કહેવા માંડ્યું કે હિમાલય પ્રદેશને પોતાની દિવ્ય કાંતિથી પ્રકાશિત કરનારી જે સુંદરીને અમે જોઈ છે એ અતિશય અનુપમ અને અદ્ભુત છે. એ મનોહર સુંદર સ્ત્રીના સૌંદર્ય જેવું સૌંદર્ય સંસારમાં બીજે ક્યાંય પણ નથી જોવામાં આવ્યું. એને સરજનહારે કોઈક ધન્ય ક્ષણે ઘડી હોય એવું લાગે છે. એની આહ્લાદકતા એકદમ અનોખી છે. સંસારમાં જે સૌંદર્ય, માધુર્ય અને રસ છે એ તો એના સૌંદર્ય, માધુર્ય અને રસના એક સહસ્ત્રાંશ સમાન પણ નથી. સ્ત્રીઓમાં રત્ન જેવી એ સ્ત્રી ખૂબ જ સુંદર અને આ અખિલ અવનીની અજાયબી જેવી છે. એ નવયૌવના એવી રીતે એકાંતમાં રહેવા માટે જન્મેલી છે ? ના. અમને તો લાગે છે કે એ તમારી પ્રિયતમા બનવા માટે જ, તમારા માટે જ પ્રકટી છે. એનું લાવણ્ય દેખીને અમે તો મંત્રમુગ્ધ બની ગયા. એનો સંપર્ક સાધીને તમે એને અવશ્ય પ્રાપ્ત કરો. તમારે લીધે એ સ્ત્રી ગૌરવ ધારશે, સુશોભિત બનશે, અને એની લીધે તમારું ગૌરવ વધશે એમાં સંદેહ નથી. એનું પ્રત્યેક અંગ અત્યંત આકર્ષક અને સુંદર છે. એના સરખી સુંદર સ્ત્રી તો કોઈએ ક્યાંય નહિ જોઈ હોય.

તમારે ત્યાં સંસારના સઘળા રત્નો છે. હાથીઓમાં શ્રેષ્ઠ ઐરાવત, વૃક્ષોમાં પારિજાતક અને અશ્વોમાં રત્ન જેવા ઉચ્ચૈઃશ્રવા અશ્વ તમે ઈન્દ્ર પાસેથી હરી લાવ્યા છો.

રત્નોથી જડેલું અને હંસોથી જોડાયેલું બ્રહ્માનું અલૌકિક વિમાન પણ તમારી પાસે છે અને તમારું આંગણું શોભાવી રહ્યું છે.

ધનપતિ કુબેરને જીતીને તમે એની પાસેથી મહાપદ્મ નામનો ખજાનો મેળવ્યો છે. તથા સમુદ્રે સમર્પેલી કદી પણ ના કરમાનારાં કમળોની માળા પણ તમારી પાસે છે.

તમારી પાસે સુવર્ણ ઝરતું વરુણદેવનું છત્ર તથા દક્ષ પ્રજાપતિ પાસે હતો તે ઉત્તમ રથ છે.

તમારી પાસે પ્રાણીમાત્રને મૃત્યુ પમાડનારી યમરાજની શક્તિ છે અને તમારા ભાઈ નિશુંભની પાસે વરુણદેવનો પાશ.

નિશુંભ પાસે સમુદ્રમાંથી સાંપડેલાં સઘળાં સુંદર સર્વોત્તમ રત્નો છે.

અગ્નિમાં નાખવાથી નિર્મળ થઈ જાય એવાં અગ્નિએ આપેલાં બે વસ્ત્રો પણ તમારી પાસે છે.

એ સઘળાં રત્નો આ સ્ત્રીરત્ન વિના અધુરા છે. એ રત્નોની સાથે આ સ્ત્રીરત્ન પણ મળી જાય તો એમની શોભા અનેકગણી વધી જાય. એ સુંદર સુરદુર્લભ સ્ત્રીરત્ન તમારે માટે જ છે. તમારે માટે જ એનો જન્મ થયેલો છે. તમારા વિના એ બીજા કોઈયે પુરુષ પાસે નહિ જાય એવું અમને તો લાગે છે. અનંત ઐશ્વર્યને અને સામર્થ્યને જોઈને એ તમારી જ બની જશે એવો અમને વિશ્વાસ છે. તમે એને એકવાર જોશો એટલે સમજાશે કે એવું અનુપમ અનોખું સ્ત્રીરત્ન સૃષ્ટિમાં બીજે ક્યાંય, કોઈપણ કાળે, પેદા નથી થયું.

ચંડ તથા મુંડના એ શબ્દોનો પ્રભાવ શુંભ પર ઘણો ભારે પડ્યો.

સ્ત્રીના આકર્ષણ અથવા મોહથી મુક્તિ મેળવવાનું કાંઈ સહેલું નથી. જે એમાંથી મુક્તિ મેળવે છે તે સાચા અર્થમાં વીર છે. એવા વીર પુરુષો જગતમાં જવલ્લે જ જડે છે. શુંભ એવો વીર નહોતો. એ જન્મ અને કર્મે અસુર હતો.

એણે દેવી પાસે સુગ્રીવ નામના દૈત્યને દૂત તરીકે મોકલ્યો.

એને જણાવ્યું કે તે સ્ત્રીની પાસે પહોંચીને, તેને સમજાવી, તે સ્વેચ્છાથી પ્રસન્નતાપૂર્વક મારી પાસે મારી પ્રિયતમા તરીકે આવી જાય તેવો પ્રયાસ કરવો.

સુગ્રીવ દૂતે શુંભના આદેશાનુસાર હિમાલય પર્વત પર વિરાજમાન દેવી પાસે પહોંચીને જણાવ્યું કે ત્રણે લોકના સ્વામી દૈત્યેશ શુંભના દૂત કરીકે એમના આદેશાનુસાર હું તમારી પાસે આવ્યો છું. એમણે સઘળા દેવોને જીતી લીધા છે. દેવો એમની આજ્ઞા પ્રમાણે વર્તે છે. એમણે તમને કહેવડાવ્યું છે કે ત્રિલોક પર મારો અબાધિત અધિકાર હોવાથી સર્વે દેવો મારે વશ છે. ઈન્દ્રાદિ દેવોને મળતા જુદા જુદા યજ્ઞભાગોનો ઉપભોગ હું જ કરી રહ્યો છું. ત્રણે લોકમાં જે કાંઈ શ્રેષ્ઠ છે તે બધું જ મારા અધિકારમાં છે. ઈન્દ્રનું વાહન ગજરત્ન ઐરાવત, ક્ષીરસમુદ્રના મંથન પછી નીકળેલો અશ્વરત્ન ઉચ્ચૈઃશ્રવા, દેવો, ગંધર્વો તથા નાગલોકોના અને બીજા મહામૂલ્યવાન રમણીય રત્નો મારી પાસે છે. અમે સંસારના સઘળાં રત્નોના ભોક્તા છીએ અને તમે સ્ત્રીરત્ન છો તો અમારી પાસે પ્રેમપૂર્વક આવી પહોંચો અને મને કે મારા પરમ પરાક્રમી બંધુ નિશુંભને પતિ તરીકે પસંદ કરો. મારી સાથે લગ્ન કરવાથી અનંત સુખ-શાંતિની અને અલૌકિક ઐશ્વર્યની પ્રાપ્તિ થશે. માટે જ મારી જ પત્ની બનો એ વધારે ઈચ્છવાયોગ્ય છે.

બીજી કોઈ સાધારણ સ્ત્રી હોત તો શુંભના પ્રસ્તાવથી કદાચ પ્રસન્ન થાત. એના ઐશ્વર્યની વાત સાંભળીને અંજાઈ જાત અને એના અસીમ સામર્થ્યની કલ્પનાથી ભય પામત. એને સામ્રાજ્યની સામ્રાજ્ઞી બનવાનું પ્રલોભન પણ પ્રભાવિત કરત. પરંતુ જગદંબાને માટે તો એવી કલ્પના પણ ના કરી શકાય. એ તો

સામાન્ય સ્ત્રીસહજ સઘળી નિર્બળતા, ભીતિ, તથા પ્રલોભનપરતાથી પર જ હોય. સુગ્રીવના શબ્દો સાંભળીને એ મહાદેવીએ કહ્યું કે શુંભની સઘળી વાત સાચી છે. એ ત્રિલોકનો સમ્રાટ અને અલૌકિક રત્નોનો અધિપતિ છે. એક પુરુષરત્ન તરીકે મારા જેવા સ્ત્રીરત્નની એ આકાંક્ષા રાખે એ પણ છેક જ સ્વાભાવિક છે. પરંતુ મારી એક પ્રતિજ્ઞા છે. એનો ભંગ મારાથી કેવી રીતે થઈ શકે ? એ પ્રતિજ્ઞા ઉપરથી સામાન્ય અને હાસ્યાસ્પદ લાગે તેવી છે તો પણ એ કેટલી બધી કઠોર છે તે સાંભળ.

અને દેવીએ શાંતિપૂર્વક પોતાની પ્રતિજ્ઞા કહી સંભળાવી.

यो मां जयति संग्रामे यो मे दर्पं व्यपोहति ।
यो मे प्रतिबलो लोके स मे भर्ता भविष्यति ॥५-१२०॥

'જે સંગ્રામમાં મારી સામે મોરચો માંડે, મારો સફળતાપૂર્વક સામનો કરે, મારા અભિમાનનો અંત આણે, અને મારા સમાન શક્તિશાળી સાબિત થાય, તે જ મારો પતિ બની શકશે. એના સિવાય હું બીજા કોઈયે પુરુષની પત્ની નહિ બની શકું.'

એટલા માટે શુંભ અથવા નિશુંભ સ્વયં અહીં પધારે ને મને યુદ્ધમાં જીતીને સત્વર મારું પાણિગ્રહણ કરી લે તો મારા જેવી ને જેટલી પ્રસન્નતા બીજા કોઈને પણ નહિ થાય.

तदागच्छतु शुम्भोऽत्र निशुम्भो वा महासुरः ।
मां जित्वा किं चिरेणात्र पाणिं गृहणातु मे लघु ॥५-१२१॥

એ શબ્દોનો સૂચિતાર્થ સ્પષ્ટ હતો. એમાં દેવીની હિંમત તેમ જ નિર્ભયતાનું પ્રતિબિંબ હતું. દુનિયાને દમવા માટે મેદાને પડેલાં દુષ્ટ આસુરી અમંગલ તત્વોને લલકાર હતો. છતાં પણ કોઈ પ્રકારનો અનાવશ્યક આવેશ નહોતો. એની પાછળ મક્કમતા, સુનિશ્ચિતતા અને ઊંડી શાંતિ હતી. એવા શૌર્યભરેલા સંયમછલેલા શબ્દો દેવી વિના, અરે મહાદેવી વિના બીજું કોણ કહી શકે ?

દૂત સંયમી અને સમજદાર હોત તો એવા સુંદર સારગર્ભિત શીલવંતા શબ્દોને માટે દેવીને અભિનંદન આપત અને અસાધારણ આદરભાવથી અવલોકત પણ ખરો. પરંતુ એ પોતે આસુરી વૃત્તિ તથા સંપત્તિનો વંશજ હતો. એની પોતાની અલ્પતા અને પંગુતા આગળ લાચાર હતો. એથી એ ઉત્તેજીત બની ગયો. એણે એના ચિત્તની સમતુલાને ખોઈ નાખીને કહ્યું કે દેવી ! તમે તમારા પરાક્રમનો મિથ્યા ગર્વ કરી રહ્યાં છો. શુંભ તથા નિશુંભ પાસે તમારી શક્તિનો શો હિસાબ છે ? ત્રણે લોકમાં એ બંનેની સામે લડી શકે અથવા એ બંનેની બરાબરી કરી શકે એવો યોદ્ધો કોઈ જ નથી. શુંભ તથા નિશુંભની વાત જવા દઈએ અને બીજા દૈત્યોની વાત કરીએ તો એમની સામે પણ સઘળા દેવો નથી ટકી શકતા. તો તમે તો સ્ત્રી છો. તમારું જીવન લડવા માટે નથી મળ્યું. તમારું શરીર સંગ્રામ કરવા નથી પેદા થયું. તમે શુંભ તથા નિશુંભ અને બીજા દૈત્યો સામે શી રીતે લડી શકશો ? તમારું અંગ શસ્ત્રાસ્ત્રોના પ્રખર પ્રહારોને નહિ સહી શકે. એટલા માટે તમારી ઉતાવળમાં લેવાયેલી સમજ વગરની જડ પ્રતિજ્ઞાને પરિત્યાગીને શુંભ નિશુંભની પાસે આવવા તૈયાર થાવ અને એમને સુખી કરીને સુખી બનો. હું તો જે કહું છું તે તમારા હિત માટે કહું છું. તમે એનું અનુસરણ કરીને જીવનનું કલ્યાણ કરો. નહિ તો તમારા કેશ પકડીને મારે તમને બળજબરી કરીને મારી સાથે લઈ જવા પડશે. એથી તમારી પ્રતિજ્ઞા અને પ્રતિષ્ઠાનો નાશ થશે. પછી મને એનો દોષ ના દેશો.

દૂતના શબ્દો ધમકીથી ભરેલા હોવા છતાં દેવીને સહેજ પણ ડરાવી કે ચળાવી ના શક્યા. એ તો પોતાની પ્રતિજ્ઞામાં મક્કમ હતી. પોતાના જીવનના પ્રયોજનને સારી પેઠે સમજી ચુકેલી. એના મનમાં કોઈ પ્રકારની ભ્રાંતિ કે ચચંળતાને માટે અવકાશ જ ન હતો. એણે દૂતને કોઈ પણ પ્રકારની શંકા ના રહે એટલા માટે સુસ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે શુંભ બળવાન છે તથા નિશુંભ પણ પરમ પરાક્રમી છે એ જાણવા છતાં મેં પ્રથમથી કરેલી પ્રતિજ્ઞાનો ભંગ હવે કેવી રીતે કરી શકું ? એ પ્રતિજ્ઞા તો મારે પાળવી જ રહી. સૌથી સારો માર્ગ તો તારે માટે અહીંથી શાંતિપૂર્વક વિદાય થવાનો અને તારા સ્વામીને અથવા અસુરોના અધિપતિને મારી પ્રતિજ્ઞાથી પરિચિત કરવાનો છે. એને જે ઠીક લાગે તે ભલે કરે.

સુગ્રીવને માટે બીજો કોઈ વિકલ્પ ના રહ્યો. દેવીના ભાવો અને વિચારો એને અનોખા લાગ્યા. એવી વિચારસરણીવાળી સ્વતંત્ર સ્વભાવની સ્ત્રી એણે આજ સુધી બીજી કોઈ જ નહોતી જોઈ. કામી કે વિષયાસક્ત વ્યક્તિ વિષય સિવાય બીજું કશું વિચારી જ નથી શકતી. પવિત્રતાનું ચિંતન તથા દર્શન એને માટે દુર્લભ હોય છે. પવિત્ર સંયમી વ્યક્તિવિશેષના સંપર્કમાં આવવાનું થાય છે ત્યારે એમનું મૂલ્યાંકન પણ એ વિષયવતી વૃત્તિથી ને દૃષ્ટિથી જ કર્યા કરે છે. એની પ્રવૃત્તિ પણ વિષયવતી જ હોય છે.

શુંભનો દૂત સુગ્રીવ પણ વિષયવતી વૃત્તિ અને પ્રવૃત્તિવાળો હોવાથી દેવીને ના સમજી શક્યો. એમાં એનો કશો દોષ પણ ન હતો કારણ કે એનો વિકાસ એટલો અલ્પ અથવા સીમિત હતો. જે નિમ્ન ભૂમિકા પર એ ઊભેલો એ ભૂમિકાનો વિચાર કરતાં એની પાસેથી બીજી વધારે સારી અપેક્ષા પણ નહોતી રાખી શકાય તેમ. દેવીના મહિમાને સમજવાનું કાર્ય એને માટે કઠિન જ નહિ, અશક્ય હતું.

દેવીના શબ્દો સાંભળીને ક્રોધે ભરાયેલા દૂતે શુંભ પાસે પહોંચીને સઘળી કથા અથથી ઇતિ સુધી કહી સંભળાવી.

શુંભ સંસ્કારી તેમજ સદ્ બુદ્ધિથી સંપન્ન હોત તો તો દેવીની પવિત્રતા ને મહાનતાને મૂલવી શકત અને એનો પ્રશંસક બનત. પરંતુ વિકાસની દૃષ્ટિએ એ પોતે હજુ વામન હોવાથી એવું ના થઈ શક્યું. દેવીની મહત્તા કે લોકોત્તરતાને મૂલવીને દેવીનો ભક્ત કે પ્રસંશક થવાને બદલે એ દેવી પર ખૂબ જ ક્રોધે ભરાયો. ગીતામાં કહ્યા પ્રમાણે એ કામીમાંથી ક્રોધી બન્યો.

ગીતાએ કહ્યું છે **कामात् क्रोधोऽभिजायते ।** અને એ પછી

**क्रोधाद् भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः ।**
**स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात् प्रणश्यति ॥२-६३॥**

એટલે કે કામમાંથી ક્રોધ પેદા થાય છે. ક્રોધમાંથી સંમોહ, સંમોહમાંથી સ્મૃતિમાં વિભ્રમ, સ્મૃતિના લોપથી બુદ્ધિનો નાશ અને બુદ્ધિનાશથી માનવનો સર્વનાશ થઈ જાય છે.

શુંભને ગીતાના એ શ્લોકમાં વર્ણવ્યા પ્રમાણે ઉત્તરોત્તર અવનતિ પામતાં આત્મિક અધઃપતનની ગર્તામાં પ્રવેશવાનું હતું. એના પ્રથમ અંકના પ્રથમ પ્રવેશનો જાણે કે આરંભ થયો.

ક્રોધના મૂર્તિમંત સ્વરૂપ સરખા શુંભે દૈત્યોના સેનાપતિ ધુમ્રલોચનને જણાવ્યું કે ધુમ્રલોચન, તું લેશ પણ વિલંબ કર્યા વિના બનતી વહેલી તકે તારી સમસ્ત સેનાને સજ્જ કરીને એ દુષ્ટ સ્ત્રી પાસે પહોંચી જા અને એના કેશ પકડીને એને બળજબરીથી અહીં પકડી લાવ. એનું રક્ષણ કરનારો હોય તો એનાથી પણ

ભયભીત ના બનતો. એને ઉગારવા માટે આવનારા માનવ, યક્ષ કે ગંધર્વ ગમે તેનો તત્કાળ નિસ્સંકોચ રીતે નાશ કરી નાખજે.

પોતાના સ્વામી શુંભનો આદેશ મળ્યો પછી બાકી શું રહ્યું ? ધુમ્રલોચન પણ શુંભાદિ જેવો જ વિવેકભ્રષ્ટ હોવાથી સારાસારને ના સમજી શક્યો. એ દેવીને પકડવા માટે સાઠ હજાર અસુરોની સેના સાથે સત્વર ચાલી નીકળ્યો.

હિમાલયનો પાવન પ્રદેશ પણ એને પલટાવીને પવિત્ર ના બનાવી શક્યો. એની દુર્ભાવના અથવા આસુરી વૃત્તિ એવી ને એવી જ રહી.

હિમાલયમાં પ્રવેશીને બધા પલટાય છે અને પવિત્ર બને છે એવું થોડું જ છે ? જેને પલટાવું કે પવિત્ર બનવું હોય છે તે બની શકે છે. બાકી તો ત્યાં પણ અનર્થો નથી થતા એવું નથી. ત્યાં જનારા, વિહરનારા તથા વસનારા બધા દેવતાઓ નથી હોતાં.

ધુમ્રલોચને દેવી પાસે પહોંચીને પ્રણામ કરવાને બદલે અથવા શાંતિથી બે શબ્દો બોલી બતાવવાને બદલે એને શુંભનિશુંભ પાસે આવવાની આજ્ઞા કરી અને જણાવ્યું કે અમારા અધીશ્વર પાસે સ્વેચ્છાથી પ્રસન્નતાપૂર્વક નહિ આવો તો તમને એમની આજ્ઞાનુસાર કેશ પકડીને બળાત્કારે લઈ જઈશ.

દેવી ધુમ્રલોચનને એકાદ ક્ષણ માટે જોઈ રહી અને બોલી કે તું પોતે ખૂબ જ બળવાન છે, તને દૈત્યોના રાજાએ મોકલ્યો છે, અને તારી પાસે સુવિશાળ સેના છે, ત્યારે હું તો તદ્દન એકલી છું. મારી મદદમાં બીજું કોઈ જ નથી. તું બળજબરી મને લઈ જઈશ તો મારું શું ચાલવાનું હતું ? હું તો અબળા છું.

એ શબ્દોથી ઉત્સાહિત બનીને ધુમ્રલોચન દેવીને પકડવાનું સહેલું સમજીને એની દિશામાં અસાધારણ અહંકારપૂર્વક આગળ વધ્યો. ત્યાં તો દેવીએ હુંકાર કરીને જોતજોતામાં એને ભસ્મ કરી નાખ્યો.

**हुंकारेणैव तं भस्म सा चकाराम्बिका ततः ॥६-१३॥**

બીજાને સ્વેચ્છા પ્રમાણે પુનર્જીવિત કે ભસ્મિભૂત કરી નાખવાની એવી અસાધારણ શક્તિ કાંઈ સૌ કોઈમાં નથી હોતી. મોટામોટા યોગીઓમાં પણ કેટલીકવાર નથી હોતી. એ શક્તિ દુર્લભ જ નથી, અતિશય દુર્લભ છે. જગદંબાની અંદર એવી લોકોત્તર શક્તિ હોય એ સમજી શકાય તેવું છે. એમાં આશ્ચર્ય નથી. આપણી અંદર એવી અસાધારણ શક્તિ ના હોય તો ઓછું નથી લાવવાનું. આપણા દુર્ગુણોને, દુર્વિચારોને, દુર્ભાવોને ને દુર્વિકારોને ભસ્મ કરવાની ને સદ્ વિચારો, સદ્ ભાવો ને સદ્ ગુણોને જાગ્રત કરીને અવિદ્યાનો શિકાર બનીને ઘોર સુષુપ્તિમાં પડેલા આત્માને પુનર્જીવિત બનાવવાની સિદ્ધિ-શક્તિ મેળવી લઈએ તો પણ જીવનને જ્યોતિર્મય કરવા પૂરતું છે. એટલી યોગ્યતા પણ ઘણી થઈ પડશે અને આશીર્વાદરૂપ ઠરશે.

ધુમ્રલોચનનો નાશ થયેલો જોઈને ક્રોધે ભરાયેલી અસુરસેના દેવી પર તીક્ષ્ણ બાણો, શક્તિઓ અને પરશુઓના પ્રહારો કરવા લાગી.

દેવીનો સિંહ પોતાના અસાધારણ સામર્થ્ય સાથે એ સેના પર તૂટી પડ્યો.

એણે અનેકના મસ્તક છેદી નાખ્યા, કેટલાકનાં કાળજાં ચીરી કાઢ્યાં, તો કેટલાકને પ્રહાર માત્રથી જ મારી નાખ્યા. એણે અલ્પકાળમાં જ એ આખીય અસુરસેનાનો નાશ કર્યો.

એને દેવીએ અસીમ શક્તિ બક્ષી દીધી હોય એવું જણાઈ આવ્યું. એ સિવાય એ એકલો હતો તો પણ એવું અભૂતપુર્વ પરાક્રમ કેવી રીતે બતાવી શકે ?

શુંભે એ સમાચાર સાંભળ્યા ત્યારે એની પીડાનો પાર ના રહ્યો. એક સ્ત્રી એવું પરાક્રમ કરી શકે એવું માનવામાં ના આવ્યું. પરંતુ વાસ્તવિકતાને સ્વીકાર્યા સિવાય છુટકો જ નહતો. એણે ક્રોધે ભરાઈને ચંડ તથા મુંડ નામના અસુરોને સેના સાથે સત્વર જવાની ને દેવીને કેશ પકડીને, બાંધીને કે છેવટે શસ્ત્રાશસ્ત્રોથી હણીને, અને એના સિંહનો પણ નાશ કરીને, લઈ આવવાની આજ્ઞા કરી.

વિવેકી સ્વ તથા પરને બચાવે છે અને અવિવેકી પોતાનો ને પારકાનો હાથે કરીને નાશ નોતરે છે.

શુંભે વિવેકભ્રષ્ટ બનીને સર્વનાશના પંથે પ્રયાણ કરવાનું ચાલુ રાખ્યું. ધૂમ્રલોચન ધૂળમાં મળી ગયો તો પણ એની આંખ ના ઉઘડી.

* * *



www.PDFSeva.Net

## ૧૪. રક્તબીજનો નાશ

વિનાશકાળે વિપરીત બુદ્ધિ એ લોકોક્તિ પ્રમાણે શુંભનો સર્વનાશ સંનિકટ હોવાથી એને સદ્‌બુદ્ધિ ના સૂઝી. એટલું જ નહિ પરંતુ એ વિપરીત બુદ્ધિ અથવા દુર્બુદ્ધિનો ગ્રાસ બન્યો. એની દુર્બુદ્ધિ કેટલી બળવાન બનેલી એ એણે દેવીને માટે કરેલા શબ્દપ્રયોગ પરથી સહેલાઈથી સમજી શકાય છે. એણે દેવીને માટે દુષ્ટા જેવો અનુચિત અસભ્ય શબ્દ વાપરીને કહેલું કે એ દુષ્ટાની હત્યા કરીને તથા એના સિંહને પણ મારી નાખીને અથવા એ અંબિકાને જીવતી જ બાંધીને સત્વર પાછા ફરો.

तस्यां हतायां दुष्टायां सिंहे च विनिपातिते ।
शीघ्रमागम्यतां बद्ध्वा गृहीत्वा तामथाम्बिकाम् ॥६-२४॥

એ અવસ્થામાં એણે દેવીના મહિમાને સમજીને એને શરણે જવાનો સંકલ્પ ના કર્યો, એનાથી એવો સંકલ્પ કરી શકાયો જ નહિ, એ સમજવાનું છેક જ સહેલું છે.

એની આજ્ઞાથી ચંડ અને મુંડ અનેક પ્રકારનાં શસ્ત્રાશસ્ત્રોવાળી અસુરોની ચતુરંગિલી સેનાને લઈને દેવીનો સામનો કરવા માટે ચાલી નીકળ્યા.

એ બધા હિમાલયમાં પહોંચ્યા ત્યારે એમણે હિમાલયના સ્વર્ણશિખર પર વિરાજમાન દેવારાધ્યા દેવીનું દર્શન કર્યું.

જગદંબાને જોતાં જ દૈત્યો એને પકડવાનો પ્રયાસ કરવા લાગ્યા. કેટલાક ધનુષ ખેંચીને તો બીજા કેટલાક મ્યાનમાંથી તલવાર કાઢીને એની પાસે પહોંચ્યા.

પરંતુ દેવી એમનાથી કે બીજા કોઈનાથી એમ ડરે તેમ ન હતી.

દુર્ગાસપ્તશતીની દેવી કેવી હતી એનો ખ્યાલ આપણને અત્યાર સુધી આવી ગયો છે. એ દેવી ડરપોક તો નહોતી જ. ના, જરાપણ નહિ. એ અતિશય શક્તિશાળી હોવાની સાથેસાથે પોતાની સમગ્ર શક્તિનો સદ્‌ઉપયોગ સમાજની સુખાકારી સારુ કરવાનો સંકલ્પ કરી ચૂકેલી. દુર્જનોના દમનને માટે જ એનો આવિર્ભાવ થયેલો. એ લૌકિક લાલસાઓ કે કામનાઓ અને કામવાસનાનો શિકાર નહોતી માટે જ નિર્ભીકતાથી કહી શકી કે જે મને રણસંગ્રામમાં જીતીને મારા અહંકારને ચૂર્ણ કરી નાખશે અથવા મારા સમાન શક્તિશાળી હશે તે જ પરાક્રમી પુરુષ મારો સ્વામી બની શકશે. શરીરના ભોગવિલાસને જ સર્વ કાંઈ સમજનારી અને એમાં રત રહેનારી સ્ત્રીઓએ એ સમજવું જોઈએ.

એ દેવી પવિત્રતાની પ્રતિમા હતી, સેવાભાવની સાકાર મૂર્તિ હતી, અને આસુરી તત્વોનો મુકાબલો કરવા માટે મક્કમ. એને સમાજની સેવાના બદલમાં સત્તાની, ધનની, પદની, પ્રતિષ્ઠાની, વ્યક્તિગત સમુન્નતિ, સમૃદ્ધિ, સુખશાંતિની કે કશાની ઈચ્છા ન હતી. એનું સમસ્ત જીવન સમર્પણભાવથી ભરેલું. એટલે એ અભયથી અલંકૃત બનીને અસુરસેનાનો સામનો કરવા તૈયાર થઈ.

અંબિકાદેવી દૈત્યો પર કોપે ભરાવાથી એનું મુખ શ્યામ બની ગયું.

એની ભયંકર ભ્રુકુટીમાંથી ભયંકર મુખવાળી, હાથમાં તલવાર તથા પાશ ધારણ કરેલી કાલિકાદેવી પ્રકટ થઈ.

એના હાથમાં ખટ્વાંગ નામનું આયુધ હતું, કંઠમાં કાળની સ્મૃતિ કરાવતું મુંડમાળાનું આભૂષણ, કટિપ્રદેશ પર અને અન્યત્ર વ્યાઘ્રચર્મ, અને એનું અંગ હાડપીંજર જેવું દેખાતું.

એનું મુખ પહોળું કરેલું, એમાં જીભ સૌને ગળી જવાની તૈયારીમાં હોય એવી રીતે લપકારા મારતી. એનાં લોચન લાલ હતાં અને એના હુંકારથી દસે દિશાઓ ગાજી ઊઠતી.

એ દિવ્ય દેહવાળી દેવીએ વેગથી દોડી આવીને આક્રમણખોર અસુરોની સેનાનો સંહાર કરવા માંડ્યો. એ શત્રુઓનું ભક્ષણ પણ કરવા લાગી.

એ હાથી પર સવારી કરીને લડનારા વીર યોદ્ધાઓ સહિત હાથીઓનું, સવારો સહિત અશ્વોનું અને સારથિઓ સહિત રથોનું સુતીક્ષ્ણ દાંતથી ચર્વણ કરવા લાગી ત્યારે અત્યંત ભયંકર અદૃષ્ટપૂર્વ દૃશ્ય ઉપસ્થિત થયું.

એણે કેટલાક દૈત્યોને કેશથી તો કેટલાકને કંઠથી પકડ્યા. કેટલાકને પગથી દબાવ્યા તથા પછાડ્યા તો કેટલાકને એમની છાતી પર કૂદીને છૂંદી નાખ્યા.

અસુરોએ શસ્ત્રાસ્ત્રોના પ્રહારો તો કર્યા પરંતુ દેવી પર એ પ્રહારોની કશી અસર ના થઈ. એણે એ પ્રાણઘાતક મહાભયંકર શસ્ત્રાસ્ત્રોને પોતાના મુખમાં ઝડપીને એમના ચૂરા કરવા માંડ્યા.

કેટલાકનો તલવારથી, કેટલાકનો ખટ્વાંગથી તો કેટલાકનો કોઈ પણ બાહ્ય શસ્ત્રની સહાય સિવાય દાંતથી ચાવીને નાશ કર્યો.

અસુરોની મોટા ભાગની સેનાનો એવી રીતે સ્વલ્પ સમયમાં જ સંહાર થયો એટલે એ જોઈને એનું વેર વાળવાના આશયથી પ્રેરાઈને ચંડ ભયાનક સ્વરૂપવાળી કાલિકાદેવી તરફ દોડ્યો. એ વખતે એવું લાગ્યું કે અતિપ્રદીપ્ત અગ્નિશિખા તરફ જાણે કે પતંગિયું દોડી રહ્યું છે.

ચંડે બાણોની વર્ષાથી દેવીના દેહની ઢાંકી દીધો.

મુંડે પણ હજારો ચક્રો ફેંકીને દેવીને ઢાંકી દીધી.

દેવીએ એ બધાં જ બાણોને તથા ચક્રોને નિષ્ફળ બનાવી દઈને ગર્જનાપૂર્વક ભયંકર અટ્ટહાસ્ય કર્યું.

એ અટ્ટહાસ્યથી અસુરોના કાળજાં કંપવા લાગ્યાં.

દેવીએ તલવારને હાથમાં લઈ, ચંડ તરફ દોડીને એના કેશ પકડીને એનો શિરચ્છેદ કર્યો.

એ જોઈને મુંડ એનું વેર વાળવા કાલિકાદેવી સામે દોડ્યો. પરંતુ એ પણ વધારે વખત સુધી જીવતો ના રહી શક્યો. દેવીએ એને પોતાના ખડ્ગના પ્રહારથી ક્રોધપૂર્વક હણીને તરત જ ધરાશાયી કરી દીધો.

ચંડ તથા મુંડને એવી રીતે નાશ પામેલા જોઈને અસુરસૈન્ય હિંમતને ખોઈ બેઠું, ભયભીત બન્યું, અને જીવ બચાવવા માટે નાસી છૂટ્યું.

ચંડ તથા મુંડના મસ્તકને હાથમાં લઈને ભયંકર અટ્ટહાસ્ય સાથે કાલિકાદેવી ચંડિકાદેવી પાસે આવી પહોંચી.

એણે એ મસ્તક દેવીને અર્પણ કરીને જણાવ્યું કે હવે શુંભ તથા નિશુંભનો નાશ તમે પોતે જ કરી નાખજો જેથી આ આખાય અસુરપ્રકરણનો સુખદ અંત આવી જાય.

કાલિકાદેવી ચંડમુંડના મસ્તકને કાપી નાખીને લઈ આવી એટલે દેવીએ એને ચામુંડા નામ પ્રદાન કરીને કહ્યું કે આજથી પૃથ્વીમાં તારી ચામુંડા નામથી પ્રખ્યાતિ થશે.

ચંડ તથા મુંડ જેવા પરમ પરાક્રમી અનર્થકારક અસુરયોદ્ધાઓનો અને પોતાની મોટા ભાગની અસુરસેનાનો જોતજોતામાં નાશ થઈ જવાથી અસુરોના અધીશ્વર શુંભના ક્રોધનો પાર ના રહ્યો. એણે પોતાના શેષ રહેલા સમસ્ત સૈન્યને દેવી સામે યુદ્ધે ચઢવાનો આદેશ આપ્યો.

થોડા વખતમાં જ એની જુદા જુદા સેનાપતિઓ સાથેની સુવિશાળ સેના તૈયાર થઈ ગઈ અને દેવી સાથે યુદ્ધ કરવા માટે મેદાને પડી.

**आयान्तं चण्डिका दृष्ट्वा तत्सैन्यमतिभीषणम् ।**
**ज्यास्वनैः पूरयामास धरणीगगनान्तरम् ॥८-८॥**

શુંભની અતિશય ભયંકર સેનાને પોતાની તરફ આવતી જોઈને ચંડીકા દેવીએ પોતાના ધનુષના ટંકારથી પૃથ્વી અને આકાશની વચ્ચેના ભાગને ભરી દીધો.

દેવીના સિંહે પણ જોરશોરથી ગર્જના કરવાનો પ્રારંભ કર્યો.

અંબિકાદેવીએ ઘંટના નિનાદથી એ અવાજને વધારે વિશાળ કરી દીધો.

ધનુષના ટંકાર, સિંહની ગર્જના અને ઘંટના નિનાદથી દિશાઓ ગૂંજી અને ડોલી ઊઠી.

એ ઘોર શબ્દને સાંભળીને અસુરોની સુવિશાળ સેનાએ ચારે તરફથી દોડી આવીને ચંડિકાદેવીને, સિંહને અને કાલિકાદેવીને ઘેરી લીધી.

એ સમયે એક અભૂતપૂર્વ ચમત્કાર થયો.

અસુરોના નાશ તથા દેવોના મંગલને માટે બ્રહ્મા, વિષ્ણુ, શંકર, ઈન્દ્ર તથા કાર્તિકેય જેવા દેવોના દેહમાંથી પરમ પરાક્રમી દૈવી શક્તિઓ પેદા થઈ અને અંબિકાદેવી પાસે પહોંચી ગઈ.

એમણે દેવોના જેવાં જ રૂપ, ભૂષણ તેમ જ વાહન ધારણ કરેલાં.

સૌથી પહેલું બ્રહ્માણીનું પ્રાકટ્ય થયું. એ હંસયુક્ત વિમાનના અગ્રભાગમાં વિરાજેલી, અક્ષમાળા અને કમંડળને ધારનારી તથા બ્રહ્માની શક્તિ હતી.

બીજી દેવી માહેશ્વરી. એ શંકરની શક્તિ હતી. એ નંદી પર બેઠેલી, ત્રિશૂળધારિણી, મહાનાગના કંકણવાળી અને ચંદ્રકળાથી વિભૂષિત મસ્તકવાળી હતી.

ત્રીજી દેવી કાર્તિકેયની શક્તિ કૌમારી. એ મયૂર પર બેઠેલી. હાથમાં શક્તિને ધારણ કરીને એ દાનવો સામે લડવા માટે આવી પહોંચી.

ચોથી દેવી વૈષ્ણવી. એ વિષ્ણુની શક્તિ હતી. ગરુડ પર વિરાજીને એ હાથમાં શંખ, ચક્ર, ગદા, ધનુષ તથા ખડ્ગ સાથે આવી પહોંચી.

પાંચમી દેવી વારાહી. યજ્ઞવારાહનું રૂપ ધારણ કરનારી શ્રીહરિની એ શક્તિ વારાહશરીર ધારીને પ્રકટ થઈ.

છઠ્ઠી શક્તિ ભગવાન નૃસિંહની નારસિંહી શક્તિ. એ દેવી પોતના સુદીર્ઘ કેશથી તારામંડળને સ્પર્શતી કે ઝંકૃત કરતી પ્રાદુર્ભાવ પામી. એ નૃસિંહના જેવું શરીર લઈને પ્રકટી.

ઈન્દ્રની શક્તિ ઈન્દ્રાણી. એના હાથમાં વજ્ર હતું. એને સહસ્ત્ર નેત્ર હતાં અને એ ઐરાવત પર બેઠેલી.

એ સઘળી દૈવી શક્તિઓથી ઘેરાયેલી અંબિકાદેવીને મહાદેવજીએ વહેલામાં વહેલી તકે અસુરસેનાનો સંહાર કરવાની સૂચના કરી. ત્યારે દેવીના દેહમાંથી એક અતિશય ભયંકર શક્તિ પ્રકટી. એણે મહાદેવજીને જણાવ્યું કે તમે શુંભ તથા નિશુંભ અને અન્ય દાનવો પાસે દૂત બનીને જાવ અને એમને કહો કે દૈત્યો, તમારી ઈચ્છા જીવતા રહેવાની હોય તો પાતાળમાં જઈને નિવાસ કરો. ઈન્દ્રને એનું સામ્રાજ્ય સુપ્રત કરી દો, અને દેવતાઓને યજ્ઞભાગનો અધિકાર આપો. જો મારી વાત ના માનવી હોય અને શક્તિના મિથ્યાભિમાનમાં પડીને યુદ્ધની જ ઈચ્છા રાખવી હોય તો પણ આવી જાવ. મારી સાથેની દૈવી શક્તિઓને તમારા સર્વનાશનો ઉત્સવ કરવા દો. તમને સૌને એવું જ પસંદ હોય તો અમે તો એને માટે તૈયાર જ છીએ.

ભગવાન શકંરને દૂતકાર્ય સોંપનારી એ દેવી શિવદૂતીના સાંકિતેક નામથી પૃથ્વીમાં પ્રસિદ્ધિ પામી.

પરંતુ એનું દૂતકાર્ય સફળ ના થયું.

દૈત્યો દેવી સાથે લડવા અને મારવા કે મરવા માગતા હોવાથી દેવીની આગળ બીજો કોઈ વિકલ્પ જ ના રહ્યો.

આક્રમણખોર અથવા આતતાયી સમજાવવા છતાં પણ ના સમજે અને મારવા માગે, એનું આક્રમણ ચાલુ રાખે, તો આત્મરક્ષા માટે પણ એનો સમ્યક્ સામનો કરવો જ પડે. એ સિવાયનો કોઈ માર્ગ શેષ જ ના રહે. હા, કોઈને એમનેમ મરી જવું હોય તો જુદી વાત છે. બાકી સર્વસામાન્ય માર્ગ તો સામનો કરવાનો જ હોઈ શકે.

ક્રોધે ભરાયેલા અસુરોએ દેવી પર બાણ, શક્તિ તથા બીજાં શસ્ત્રાસ્ત્રોની વૃષ્ટિ કરી.

દેવીએ ધનુષટંકાર કરીને અસુરોનાં એ સઘળાં શસ્ત્રાસ્ત્રોને બાણની મદદથી નિમીષમાત્રમાં જ કાપી નાખ્યા.

કાલિકાદેવીએ શત્રુઓને શૂલના પ્રહારથી ચીરવા માંડ્યા.

બ્રહ્માણીએ પણ એ સંગ્રામમાં પોતાની રીતે સહયોગ આપ્યો. એણે જ્યાં પણ પોતાના કમંડલનું પાણી છાંટ્યું ત્યાં રહેલા અસુરો એ જ ક્ષણે નિસ્તેજ અને બળહીન બની ગયા.

માહેશ્વરીએ ત્રિશૂળથી, વૈષ્ણવીએ ચક્રથી તથા કોપિત બનેલી કૌમારી દેવીએ શક્તિના પ્રયોગ દ્વારા અસુરોનો અંત આણવા માંડ્યો.

ઈન્દ્રાણીના વજ્રપ્રહારથી સેંકડો દૈત્યો ચીરાઈ ગયા અને લોહીની ધારાઓ વહાવતા ધરતી પર ઢળી પડ્યા.

વારાહી દેવી પણ એ ભીષણ સંગ્રામમાં પાછી પડે તેમ નહોતી. એણે મુખના આઘાતથી અસંખ્ય અસુરોનો નાશ કર્યો, દાઢના અગ્રભાગથી અનેકની છાતી ચીરી નાખી, અને ચક્રથી કેટલાકને કાપી નાખ્યા.

નારસિંહી દેવી દૈત્યોને નખથી ફાડી નાખી ભક્ષણ કરતી અને ગર્જના દ્વારા દિશાપ્રદિશાને ગજાવતી ફરવા લાગી.

શિવદૂતિના ભયંકર અટ્ટહાસ્યથી ભયભીત બનીને અસંખ્ય અસુરો ધરતી પર ઢળી પડ્યા.

દુર્ગાસપ્તશતી એ રીતે સૂચવવા માગે છે કે સ્ત્રીશક્તિ કોઈ સાધારણ શક્તિ નથી હોતી. એ શક્તિ જ્યારે જાગે છે અને વ્યક્તિગત રીતે અથવા સમષ્ટિગત રીતે સુસંગઠિત બનીને અન્યાય, અનીતિ, અત્યાચાર અથવા આતંક સામે અવાજ ઊઠાવતી મેદાને પડે છે ત્યારે સબળા બની જાય છે. એનું સામર્થ્ય અનંતગણું વધી જાય છે, અને એની બરાબરી કોઈ જ નથી કરી શકતું. મોટામાં મોટી મહાબળવાન આસુરી શક્તિ પણ એની આગળ નમી પડે છે. સ્ત્રીશક્તિ જ્યાં સુધી જાગ્રત નથી થઈ ત્યાં સુધી જ એને કોઈક દબાવે છે, હેરાન કરે છે, હડધૂત ગણે છે, તથા બંદિની બનાવે છે. સ્ત્રીએ પણ પોતાની જાતને ભોગવિલાસની પુતળી કે પુરુષની દાસી નથી સમજવાની. પુરુષે પણ એની પ્રત્યે એવી ભાવના નથી સેવવાની.

દેવીશક્તિના સંગઠિત સમૂહે એવી રીતે અસુરોની અનંત શક્તિશાળી સેના પર તૂટી પડીને અનેક પ્રકારે એનો સંહાર કરવા માંડ્યો. એથી અસુરો ચારે તરફ નાસવા માંડ્યા. એમને માટે જીવ બચાવવા સારુ નાસી છૂટવા સિવાય બીજો કોઈ રસ્તો ના રહ્યો.

એમને નાસભાગ કરતા જોઈને રક્તબીજ નામનો મહાઅસુર ક્રોધે ભરાયો અને પરાક્રમનો પરચો આપનારી દેવીઓ સાથે લડવા માટે દોડી આવ્યો.

એ રક્તબીજનું વ્યક્તિત્વ ખૂબ જ વિચિત્ર હતું. એ વિશે દુર્ગાસપ્તશતી જણાવે છે કે એના અંગમાંથી ભૂમિ પર લોહીનું બિંદુ પડતું કે તરત જ તે બિંદુમાંથી એના જેવા બીજા અસુરનો આવિર્ભાવ થતો.

रक्तबिन्दुर्यदा भूमौ पतत्यस्य शरीरतः ।
समुत्पतति मेदिन्यां तत्प्रमाणस्तदासुरः ॥૮-૪૧॥

દેવીઓને એવા અસાધારણ શક્તિશાળી અસુરનો સામનો કરવાનો હતો, અને એમણે એ સામનો સફળતાપૂર્વક કર્યો પણ ખરો.

એ અસાધારણ શક્તિશાળી અસુર ગદાની મદદથી ઈન્દ્રાણી સાથે લડવા લાગ્યો ત્યારે ઈન્દ્રાણીએ વજ્રથી એના પર પ્રહાર કર્યો. પરંતુ .. એ પ્રહાર થતાંવેંત જ સૌના આશ્ચર્યનો અંત ના રહ્યો. રક્તબીજના શરીરમાંથી જમીન પર લોહીનું બિંદુ પડ્યું કે તરત જ તેમાંથી તેના સરખા સ્વરૂપ ને સામર્થ્યવાળો બીજો યોદ્ધા પેદા થયો. એટલું જ નહિ, તેના શરીરમાંથી જમીન પર લોહીના જેટલા બિંદુ પડ્યાં તેટલીવાર તેટલી સંખ્યામાં તેના જેવા વીર્યવાળા, બળવાન પરાક્રમી યોદ્ધાઓ પેદા થયા.

એ પરિસ્થિતિ ખૂબ જ પ્રતિકૂળ તથા કફોડી હતી.

લોહીના બિંદુઓમાંથી પેદા થયેલા યોદ્ધાઓ ભયંકર શસ્ત્રાસ્ત્રોના પ્રહાર કરતા શક્તિઓ સાથે લડવા લાગ્યા.

ઈન્દ્રાણીએ વજ્રપ્રહાર કરીને રક્તબીજના મસ્તકને ઘાયલ કર્યું. એમાંથી રક્ત વહેવા લાગ્યું. એ રક્તબિંદુ જમીન પર પડતાંની સાથે જ એમની અંદરથી અનેક યોદ્ધા પેદા થયા.

વૈષ્ણવીના ચક્રપ્રહારથી રક્તબીજના શરીરમાંથી રક્ત વહેવા માંડ્યું. તેના પરિણામે વળી બીજા દૈત્યો પ્રકટ થયા.

ઈન્દ્રાણીએ ગદાથી, કૌમારીએ શક્તિથી, વારાહીએ તલવારથી અને માહેશ્વરીએ ત્રિશૂળની મદદથી રક્તબીજને મારવા માંડ્યો.

રક્તબીજ એવા સંયુક્ત સામનાથી ડરી જાય કે નાસીપાસ થાય એવો ન હતો. એણે એની ગદાથી યુદ્ધ આદર્યું.

રક્તબીજના શરીરમાંથી વહેતી ને પૃથ્વી પર પડતી રક્તાધારામાંથી અસંખ્ય અસુરોને પેદા થતા દેખીને દેવો ખિન્ન ને ભયભીત બન્યા ત્યારે ચંડિકાદેવીએ કાલિકાદેવીને જણાવ્યું કે તારા વદનને જેટલું બની શકે તેટલું વિસ્તારીને રક્તબીજના શરીરમાંથી પડતાં રક્તબિંદુને તથા એમનામાંથી ઉત્પન્ન થતા અસુરયોદ્ધાઓને એની અંદર સમાવી દે. એવી પ્રવૃત્તિ કરતાં યુદ્ધમેદાનમાં ફરવાથી રક્તબીજનું બધું રક્ત ખતમ થઈ જશે અને એનો સંહાર સહેલો બનશે. બીજા ભયંકર યોદ્ધાઓનો સંહાર કરવાથી એ પુનઃ પેદા નહિ થઈ શકે.

દેવીએ અત્યંત સુંદર યોજના બનાવી કાઢી.

અસુરો પાસે શક્તિ હતી તો દેવી પાસે શક્તિ તથા બુદ્ધિ બંનેનો સમન્વય હતો. એથી એ વિશેષ બળવાન બનેલી. વળી અસુરો અપવિત્ર હતા તો દેવી પવિત્રતાની પ્રતિમા હતી. એનું જીવન નિઃસ્વાર્થ સેવાભાવથી ભરપુર હતું.

એણે પોતાની સાથે યુદ્ધે ચઢેલા રક્તબીજને ત્રિશૂળની મદદથી છેદી નાખ્યો.

કાલિકાદેવીએ એના રક્તને પોતાના મુખમાં ઝીલી લીધું અને ધરતી પર ના પડવા દીધું.

પરંતુ રક્તબીજ એમ હિંમત હારે ને નિષ્ક્રિય બનીને બેસી રહે તેવો ન હતો. એણે ચંડિકા પર ગદાપ્રહાર કર્યો.

એ ગદાપ્રહાર દેવીને માટે જરા પણ પીડાકારક ના થયો.

રક્તબીજના ઘાયલ શરીરમાંથી નીકળતા લોહીને કાલિકાદેવીએ પી લીધું. રક્તબિંદુઓના પડવાથી એના મુખમાં ઉત્પન્ન થયેલા અસુરોને પણ એણે નષ્ટ કરી નાખ્યા.

એ પછી દેવીએ ત્રિશૂળ, બાણ, વજ્ર, તલવારાદિથી રક્તબીજનો રમતાં રમતાં નાશ કર્યો. શસ્ત્રસમૂહથી ઘવાયેલો રક્તબીજ રક્તરહિત બનીને મૃત્યુ પામતાં છેવટે ધરતી પર ઢળી પડ્યો.

એના મૃત્યુથી દેવોને આનંદ થયો. સઘળી દૈવી શક્તિઓ અંબિકાદેવીનો જયજયકાર કરીને નૃત્ય કરવા લાગી.

* * *

## ૧૫. શુંભ-નિશુંભ શાંત થયા

આસુરી શક્તિ ગમે તેવી માયાવી હોય તો પણ દૈવી શક્તિ સાથેના સંઘર્ષમાં સફળ નથી થઈ શકતી. છેવટે વિજય તો દૈવી શક્તિનો જ થતો હોય છે. કારણ કે દૈવી શક્તિ સત્ય તથા શિવનું પ્રતિનિધિત્વ કરે છે ને આસુરી સંપત્તિ અસત્ય અને અશિવનું. અસત્ય અને અશિવ સત્ય તથા શિવ સામે સંગ્રામે ચઢીને વિજય ના મેળવી શકે. સત્યનો જ જય થાય છે, અસત્યનો નથી થતો. सत्यमेव जयते नानृतम् - એ શાસ્ત્રવચન પ્રમાણે આસુરી શક્તિઓ એક પછી એક નષ્ટ થવા માંડી ને દૈવી શક્તિનો-દેવીનો વિજય થતો ગયો.

યુદ્ધમાં રક્તબીજનો અને અન્ય અસંખ્ય અસુરોનો સંહાર થવા છતાં શુંભ અને નિશુંભને એની નિરર્થકતાનું ભાન ના થયું. એમણે ક્રોધે ભરાઈને યુદ્ધને આગળ વધારવાનો સંકલ્પ કર્યો.

નિશુંભ યુદ્ધમાં પોતાનું પરાક્રમ બતાવવાના આશયથી પ્રેરાઈને પોતાની મુખ્ય અસુરસેના સાથે દેવીનો સામનો કરવા આવી પહોંચ્યો. એક સ્ત્રીમાં અને એના જેવી બીજી ચિત્રવિચિત્ર દેખાતી સ્ત્રીઓમાં આટલી બધી અસાધારણ શક્તિ હોઈ શકે એ વાત એના માનવામાં નહોતી આવી શકતી. પરંતુ એનો ચમત્કાર તદ્દન સ્પષ્ટ હતો.

એને ખાતરી હતી કે અન્ય અસંખ્ય અસુરો ભલે નાસીપાસ થયા કે નિષ્ફળ બન્યા પણ પોતે નિષ્ફળ નહિ બને. દેવીને પોતાના પરાક્રમનો પરચો બતાવી આપશે ને પરાસ્ત કરશે.

નિશુંભની આજુબાજુ શક્તિશાળી અસુરો હતા. તેઓ દેવીનો નાશ કરવા આગળ વધ્યા.

યુદ્ધ કરવાનું કાર્ય એમને માટે ઉત્સવમાં ભાગ લેવા જેવું હતું - પવિત્ર, આનંદજનક અને કલ્યાણકારક. એમની દૃષ્ટિ જ એવી વિચિત્ર હતી.

પરમ પરાક્રમી શક્તિશાળી શુંભ પણ સેના સાથે યુદ્ધ કરવા લાગ્યો. એ પણ અંબિકાનો અંત આણવા આગળ આવ્યો.

મેઘ જેવી રીતે વૃષ્ટિ વરસાવે તેવી રીતે બાણોની વૃષ્ટિ વરસાવતા શુંભ તથા નિશુંભનું દેવી સાથે યુદ્ધ થયું. શુંભ તથા નિશુંભના બાણોનો દેવીએ પોતાના બાણોથી નાશ કર્યો અને એમની ઉપર શસ્ત્રાસ્ત્રોનો પ્રહાર પ્રારંભ્યો.

નિશુંભે નીડર બનીને દેવીના સુંદર શક્તિશાળી સિંહના મસ્તક પર તીક્ષ્ણ તલવાર તથા ઢાલ લઈને હુમલો કર્યો. દેવીએ એ જોતાં સમયસૂચકતા વાપરીને ક્ષુરપ્ર નામના બાણથી એની તીક્ષ્ણ તલવારના તથા આઠ ચંદ્રકોવાળી ઢાલના ટૂકડા કરી નાખ્યા.

તલવાર તથા ઢાલના ટૂકડા થઈ જતાં નિશુંભે દેવી તરફ શક્તિ ફેંકી, પરંતુ દેવીએ ચક્રની મદદથી એના પણ બે ટૂકડા કરી દીધા.

નિશુંભે ત્રિશૂળ ફેંક્યું તો દેવીએ મુષ્ટિપ્રહારથી તેના ચૂરેચુરા કરીને વિજયસ્મિત કરવા માંડ્યું.

એ પછી એણે ક્રોધે ભરાઈને ગદા ફેંકી તો દેવીએ એને ત્રિશૂળથી છેદી નાખીને ભસ્મિભૂત કરી.

નિશુંભે પરશુ સાથે દેવી તરફ દોડવા માંડ્યું, પરંતુ દેવીએ એને બાણોથી ઘાયલ કરીને પૃથ્વી પર પાડી દીધો.

એ જોઈને ક્રોધાતુર બનેલો શુંભ દેવીનો નાશ કરવા માટે આગળ આવ્યો.

એને અહંકારપૂર્વક આગળ આવતો જોઈને દેવીએ શંખ ફુંક્યો અને ધનુષનો ટંકાર કર્યો.

એ ઉપરાંત ઘંટનાદથી દિશાપ્રદિશાને ભરી દીધી.

દૈત્યોની સેનાને નિસ્તેજ કરવા માટે દેવીના સિંહે હાથીના ઘમંડને ઓગાળી નાખનારી મોટી ગર્જનાથી વાયુમંડળને ગજવી મૂક્યું.

કાલિકાદેવીએ આકાશમાં ઊછળીને ઘોર અવાજ કરીને બીજા બધા જ અવાજોને દબાવી દીધા.

શિવદૂતીએ અસુરોને માટે અમંગલ અટ્ટહાસ્ય કર્યું એથી અસુરો કંપવા લાગ્યા.

એ બધું જોઈને શુંભે ત્યાં આવીને જ્વાળાઓથી ભરેલી ભીષણ શક્તિ ચલાવી. અગ્નિપુંજ જેવી એ પ્રખર શક્તિને દેવીએ મહા-ઉલ્કા નામની વિશિષ્ટ શક્તિનો પ્રયોગ કરીને તોડી નાખી. એના ચૂરા કરી નાખ્યાં.

શુંભે સિંહનાદ કર્યો, પરંતુ એ નાદ દેવીના નાદ આગળ ઢંકાઈ ગયો.

દેવીએ શુંભના બાણોના ટૂકડા કરી નાખ્યા તો શુંભે બદલામાં દેવીના બધા જ બાણોનાં.

ક્રોધે ભરાયેલી દેવીએ શુંભને ત્રિશૂળ માર્યું એથી ઘવાઈને બેહોશ બનીને એ ધરતી પર ઢળી પડ્યો.

પરંતુ એ દરમિયાન શુદ્ધિમાં આવેલા નિશુંભે બાણોનો વરસાદ વરસાવીને દેવી કાલિકાને અને સિંહને ઘાયલ કરીને, પોતાની ભયંકર આસુરી માયાથી દસ હજાર હાથથી સંપન્ન બનીને દસ હજાર ચક્રોને છોડીને દેવીને ઢાંકવાની પ્રવૃત્તિ કરવા માંડી. પરંતુ સર્વસંકટને હરનારી દેવી આગળ એનું શું ચાલે ? દેવીએ એ બધાં જ ચક્રોને બાણના પ્રયોગથી છેદી નાખ્યાં.

નિશુંભ દૈત્યસેના સાથે દેવીને મારવા માટે ગદા લઈને દોડવા લાગ્યો ત્યારે સાક્ષાત્ કાળ દોડતો હોય એવો ભાસ થયો.

દેવીએ તીક્ષ્ણ ધારવાળા ખડ્ગનો પ્રહાર કરીને એની ગદાને છેદી નાખી ત્યારે એણે ત્રિશૂળ ઉગામ્યું.

દેવીએ એજ વખતે, એ ત્રિશૂળનો પ્રયોગ કરે તે પહેલાં જ, પોતાના તીવ્ર ત્રિશૂળથી એનું હૃદય વીંધી નાખ્યું. પરંતુ ત્યાં તો એક અદૃષ્ટપૂર્વ મહાન ચમત્કાર થયો. ત્રિશૂળથી ઘવાયેલા ને મરાયેલા નિશુંભની છાતીમાંથી બીજો મહાબળવાન પરમ પરાક્રમી પુરુષ 'ઊભી રહે, ઊભી રહે, ખબરદાર' કહેતો પ્રાદુર્ભાવ પામ્યો. પરંતુ તે પ્રાદુર્ભાવ પામીને કાંઈક કરે તે પહેલાં જ દેવીએ પોતાના ખડ્ગથી એનું મસ્તક છેદી નાખ્યું એથી એ સત્વર યમસદનમાં પહોંચી ગયો.

દેવીનો સિંહ પોતાની દાઢોથી છેદાયેલા શીશવાળા અસુરોનું ભક્ષણ કરવા લાગ્યો. બીજા કેટલાક અસુરોનું ભક્ષણ કાલિકા તથા શિવદૂતીએ કર્યું.

કેટલાક અસુરોને કૌમારીદેવીએ પોતાની શક્તિના પ્રયોગથી નષ્ટ કર્યા, તો બીજા કેટલાક બ્રહ્માણી દેવીના અભિમંત્રિત જલથી નાશ પામ્યા.

માહેશ્વરીએ કેટલાકને ત્રિશૂળથી છેદી નાખ્યા, તો બીજા કેટલાકને વારાહીએ કચડી નાખ્યા.

વૈષ્ણવીએ કેટલાકના ચક્રથી ટૂકડા કર્યા, તો બીજા કેટલાક ઈન્દ્રાણીના વજ્રના શિકાર બન્યા.

એ પ્રમાણે અસંખ્ય અસુરોનો નાશ થયો, કેટલાક જેમતેમ કરીને જીવ બચાવવા નાસી છૂટ્યા, અને બીજા કેટલાક કાલિકા, શિવદૂતી અને સિંહના હાથમાં પડીને મૃત્યુ પામ્યા.

*

નિશુંભ તો શુંભના પ્રાણ જેવો હતો. એની ઉપર એની શક્તિ, સિદ્ધિ કે સફળતાનો મોટો આધાર હતો. એની મદદથી એ મોટાં મોટાં યુદ્ધોમાં વિજયી બનેલો. દેવીએ એનો સંહાર કરવાથી એની પીડા તથા ચિંતાનો પાર ના રહ્યો. એના માથા પર જાણે કે આકાશ તૂટી પડ્યું. નિશુંભ તો નાશ પામ્યો પરંતુ મોટા ભાગની સેના પણ નષ્ટ થઈ. દેવીનો દેખીતી રીતે જ વિજય થયો. તો પછી એને શરણે જવું ? ના. એને શરણે તો જવાય જ કેમ ? શરણે જવાનો વિચાર પણ કેવી રીતે કરી શકાય ? એવો વિચાર પણ તદ્દન બાલિશ કહેવાય. તો પછી યુદ્ધ વિના બીજો કશો વિકલ્પ જ ક્યાં છે ?

શુંભનો અસુરસહજ અહંકાર હજુ ઓગળ્યો ન હતો. ના, જરા પણ નહિ. એ અહંકારથી પ્રેરાઈને તો એણે દેવી પાસે દૂત મોકલેલો ને સંગ્રામ છેડેલો. દેવીને મેળવવાની લાલસા એના મનમાંથી નહોતી મટી. ઉપરાંત નિશુંભના નાશનો બદલો લેવાની વાસના પણ એની અંદર પ્રકટી ઊઠી. એને થયું કે હું જીવતો છું ત્યાં સુધી શી ચિંતા છે ? હું સઘળા પરાજયોનું વેર વાળી શકું તેમ છું. હું દેવીને અને એની મદદ કરનારી બધી જ સ્ત્રીશક્તિઓને પૂરો પડીશ.

અભિમાન સર્વનાશનું કારણ બને છે. એની સાથે જો વાસના પેદા થાય ને પાપમાં પ્રવૃત્તિ થતી જાય તો તો પછી કહેવું જ શું ? એવા માનવના અધઃપતનને કોઈ રોકી નથી શકતું. એના અધઃપતનને એ પોતાની મેળે જ વહોરી લે છે.

શુંભને માટે એ વિધાન સાચું પડ્યું.

એનો સર્વનાશ છેક જ સમીપ હોવાથી એ યુદ્ધકર્મમાંથી પાછો વળવાને બદલે અંબિકાદેવી પાસે પહોંચીને રોષ ભરેલા સ્વરે બોલ્યો કે દુષ્ટ દુર્ગા ! તું બળના મિથ્યા અહંકારથી ઘમંડી તથા વિવેક વગરની બની ગઈ છે. પરંતુ તારી દીનતા કે દુર્બળતાની પ્રતીતિ તો એના પરથી થાય છે કે તું એકલી નથી લડી શકતી પણ બીજી સ્ત્રીઓની મદદથી લડે છે. તારામાં જો સાચેસાચી શક્તિ હોય તો તું એકલી જ ના લડે ?

શુંભ દેવીના મહિમાથી અનભિજ્ઞ હોવાથી જ એવાં અનર્ગલ વચનો બોલી શક્યો. એને ખબર નહોતી કે જુદી જુદી શક્તિઓ એક દેવીની અને દેવીની ઈચ્છાનુસાર જ એની વિરાટ વિભૂતિમાંથી પ્રકટ થઈ હતી. એ બધી વિશ્વની મૂલાધારિણી શક્તિસમી દેવીની જ લીલા હતી. સૂર્યથી એનાં કિરણો અને સરિતાથી એનાં તરંગો જુદાં નથી તેમ એ સ્ત્રીશક્તિઓ દેવીથી જુદી નહોતી. પરંતુ એના જ અવિભાજ્ય અખંડ અંગરૂપ હતી. એટલે જ, એ સંદર્ભમાં દેવીએ ચિરસ્મરણીય સુંદર શબ્દોમાં કહ્યું :

एकैवाहं जगत्यत्र द्वितीया का ममापरा ।
पश्यैता दुष्ट मय्येव विशन्त्यो मद्विभूतयः ॥१०-५॥

'હે દુષ્ટ ! હું એકલી જ છું. આ ચરાચર જગતમાં મારા સિવાય બીજું કોણ છે ? જો આ બધી મારી જ વિભૂતિઓ છે અને મારી અંદર પ્રવેશી રહી છે.'

જગજ્જનની જગદંબાએ એટલું કહ્યું ત્યાં તો એની અપ્રતિમ અમોઘ ઈચ્છાશક્તિથી પ્રેરાઈને બ્રહ્માણી તથા બીજી બધી જ સ્ત્રીશક્તિઓ એના અલૌકિક અંગમાં વિલીન બની ગઈ. કેવળ એ અંબિકાદેવી જ બાકી રહી.

એણે શુંભને જણાવ્યું કે મારી અનંત અચિંત્ય ઐશ્વર્યશક્તિથી હું અનેક રૂપે પ્રકટ થયેલી. એ રૂપોને સંકેલી લઈને હું યુદ્ધ માટે તૈયાર છું તો તું પણ તૈયાર થા.

એકમાંથી અનેક અને અનેકમાંથી અંતે એક એ સૃષ્ટિનો નિયમ છે. દેવીએ એ નિયમનું દર્શન કરાવ્યું. તો પણ શુંભના દિવ્ય લોચન ના ઊઘડ્યાં.

ઈશ્વર આપણી આગળ હોય તો પણ એને ઓળખવાનું કાર્ય કાંઈ સહેલું છે ? એ ઓળખવાની શક્તિ કે સુયોગ્યતા અર્પે તો જ એને ઓળખી શકાય.

દેવો તથા દાનવોના દેખતાં દેવીનું અને શુંભનું યુદ્ધ શરૂ થયું.

અંબિકાદેવીએ અસંખ્ય અલૌકિક અસ્ત્રોનો પ્રયોગ કર્યો. એમનો શુંભે નાશ કર્યો.

શુંભે છોડેલા દિવ્ય શસ્ત્રાસ્ત્રોનો પણ દેવીએ હુંકારમાત્રથી નાશ કર્યો.

શુંભે સેંકડો શરથી દેવીને ઢાંકી દીધી તો દેવીએ કોપાયમાન થઈને એના ધનુષને કેવળ એક જ શરથી કાપી નાખ્યું.

ધનુષ કપાતાં શુંભે શક્તિ ઉપાડી પરંતુ તેનો પ્રયોગ કરાતાં પહેલાં જ દેવીએ એને ચક્રથી તોડી પાડી.

શુંભ તલવાર તથા ઢાલ સાથે દેવી સામે દોડ્યો પરંતુ દેવીએ એ બન્નેનો બાણ મારીને નાશ કર્યો, અને શુંભના અશ્વોને સારથિ સાથે હણી નાખ્યા.

શુંભના મુદ્‌ગરનો પણ દેવીએ નાશ કરી દીધો.

શસ્ત્ર વિનાના શુંભે સઘળી શક્તિ અને હિંમતને એકઠી કરીને દેવીની છાતીમાં મુષ્ટિપ્રહાર કર્યો તો દેવીએ એની છાતીમાં થપ્પડ મારી. એ થપ્પડથી એ પૃથ્વી પર પડી ગયો, પરંતુ તરત જ બેઠો થઈને દેવીને પકડીને જોરથી ઉછળીને આકાશમાં ઊભો રહ્યો.

સુદીર્ઘ સમય સુધી લડ્યા પછી દેવીએ શુંભને પકડીને ચારે તરફ ફેરવીને પૃથ્વી પર પછાડ્યો. તો પણ એ દેવીનો નાશ કરવા મુક્કો ઉગામીને વેગથી આગળ દોડ્યો, ત્યારે દેવીએ પોતાના સુતીક્ષ્ણ ત્રિશૂળથી એની છાતીને છેદી નાખીને એને પૃથ્વી પર પાડી દીધો.

શુંભ સત્વર નાશ પામ્યો.

એના નાશથી સમસ્ત પૃથ્વી જાણે કે પ્રસન્નતાથી પુલકિત બની ઊઠી. દેવો આનંદ પામ્યા, ગંધર્વો ઉલ્લાસપૂર્વક વિવિધ વાદ્યો વગાડવા ને ગાવા લાગ્યા. અપ્સરાઓએ નૃત્ય કર્યું.

સૂર્યપ્રકાશ પવિત્ર બન્યો. સરિતાઓ સુચારુરૂપે વહેવા લાગી. વાયુ પ્રસન્નતાથી વહેવા માંડ્યો.

અસુરોના આતંકથી બંધ પડેલા યજ્ઞાદિ સત્કર્મો ફરી પાછાં સર્વત્ર શરૂ થયાં.

* * *

## ૧૬. સ્તુતિ

શુંભ-નિશુંભના નાશથી દેવો, મનુષ્યો, ગંધર્વો અને અપ્સરાઓએ તો આનંદની અભિવ્યક્તિ કરી જ પરંતુ સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, પવન તથા સરિતા પર પણ એનો પ્રભાવ પડ્યા વિના ના રહ્યો. એમણે પણ પોતાની પ્રતિક્રિયા પૃથક રીતે પ્રકટ કરી. એ શું બતાવે છે ? એ જ કે એ અસુરોની વિઘાતક અસરો પ્રકૃતિ પર પણ પડેલી. જડ-ચેતનાત્મક સમસ્ત જગત એમને લીધે અશુભ, પીડાગ્રસ્ત અને વિકૃત બનેલું. એ અસુરોનાં કુકર્મો સૌ કોઈને માટે ક્લેશકારક થઈ પડેલાં. એટલે એમનો નાશ એમને માટે રાહત આપનારો અને આવકારદાયક થઈ પડ્યો. સત્પુરુષોનો આવિર્ભાવ આનંદદાયક થઈ પડે છે અને તિરોભાવ દુઃખદાયક, પરંતુ આસુરી સંપત્તિવાળા કુકર્મી પુરુષોના જન્મ ક્લેશકારક થાય છે અને એમનાં મરણ ઉત્સવમય અથવા આનંદદાયક બની જાય છે.

શુંભના નાશથી દેવો બંધનમુક્ત બન્યા. એમની સઘળી ચિંતા ને વ્યથા ટળી ગઈ. ભીતિ પણ મટી ગઈ. એમની પરવશતાના પાશ તૂટી ગયા. એનું મહત્વનું મુખ્ય અને એકમાત્ર કારણ જગદંબાની કૃપા હતું. એ કૃપા ના વરસી હોત તો એમના સમસ્ત દુઃખ અને શોકનો અંત કેવી રીતે આવત ? પરાધીન જીવ જગદંબાની કૃપાથી જ મુક્તિ મેળવી શકે છે. જીવનની ધન્યતા પણ એથી જ પામે છે.

પોતે પીડામુક્ત બન્યા ને નવજીવન પામ્યા એટલે દેવોએ ઊંડી કૃતજ્ઞતાપૂર્વક સ્વાભાવિક રીતે જ જગદંબાની પ્રશસ્તિ કરી. જે જીવનદાન આપે એની પ્રશસ્તિ કેમ ના થાય ? દેવોએ કરેલી એ સ્તુતિ અથવા પ્રશસ્તિ અત્યંગ અનુરાગપૂર્ણ અને આકર્ષક છે. ભાવ તથા ભાષાની દૃષ્ટિએ એ ખૂબ જ હૃદયંગમ હોવાથી એનો ઉલ્લેખ કરી લઈએ.

देवि प्रपन्नार्तिहरे प्रसीद प्रसीद मातर्जगतोऽखिलस्य ।
प्रसीद विश्वेश्वरी पाहि विश्वं त्वमीश्वरी देवि चराचरस्य ॥११-३॥

‘શરણાગતનાં સંકટોને દૂર કરનારી દેવી ! અમારી ઉપર પ્રસન્ન થાવ. સમસ્ત જગતની માતા, પ્રસન્ન થાવ. વિશ્વેશ્વરી, વિશ્વની રક્ષા કરો. દેવી, તમે ચરાચર જગતનાં અધીશ્વરી છો.’

आधारभूता जगतस्त्वमेका महीस्वरूपेण यतः स्थितासि ।
अपां स्वरूपस्थितया त्वयैतदाप्यायते कृत्स्नमलङ्घ्यवीर्ये ॥११-४॥

‘તમે આ જગતનાં એકમાત્ર આધારરૂપ છો કારણ કે પૃથ્વીરૂપે સ્થિતિ કરો છો. અનુપમ પરાક્રમવાળાં હે દેવી, પાણીરૂપે રહીને તમે સમસ્ત સૃષ્ટિને તૃપ્તિ આપો છો.’

त्वं वैष्णवी शक्तिरनन्तवीर्या विश्वस्य बीजं परमासि माया ।
सम्मोहितं देवि समस्तमेतत् त्वं वै प्रसन्ना भुवि मुक्तिहेतुः ॥११-५॥

‘તમે અનંત સામર્થ્યવાળી વૈષ્ણવી શક્તિ છો. વિશ્વના કારણ જેવી મહામાયા છો. તમે આ સમસ્ત જડ-ચેતનાત્મક સૃષ્ટિને સંમોહિત કરી છે. તમારી પ્રસન્નતાથી જ સંસારમાં મુક્તિની પ્રાપ્તિ થઈ શકે છે.’

विद्याः समस्तास्तव देवि भेदाः स्त्रियः समस्ताः सकला जगत्सु ।

त्वयैकया पूरितमम्बयैतत् का ते स्तुतिः स्तव्यपरा परोक्तिः ॥११-६॥

'સમસ્ત વિદ્યાઓ તમારાં જ જુદાં જુદાં સ્વરૂપો કે રહસ્યો છે. જગતની સઘળી સ્ત્રીઓ તમારાં જ જુદાં જુદાં સ્વરૂપો જેવી છે. માતા, આખું વિશ્વ એક તમારાથી જ વ્યાપ્ત છે. તમે તો સ્તવન કરવા યોગ્ય પદાર્થોથી પર અને પરાવાણીરૂપ છો. તમારી સ્તુતિ કોણ અને કેવી રીતે કરી શકે ?'

सर्वभूता यदा देवी स्वर्गमुक्तिप्रदायिनी ।
त्वं स्तुता स्तुतये का वा भवन्तु परमोक्तयः ॥११-७॥

'તમે સર્વસ્વરૂપા છો, દિવ્ય તથા સ્વર્ગમુક્તિનાં પ્રદાયિકા છો, તેથી તમારી એવી રીતે સ્તુતિ કરી. તમારી સ્તુતિ માટે આનાથી અધિક ઉત્તમ અથવા આદર્શ ઉદગારો બીજા કયા હોઈ શકે ?'

सर्वस्य बुद्धिरूपेण जनस्य हृदि संस्थिते ।
स्वर्गापवर्गदे देवि नारायणि नमोऽस्तु ते ॥११-८॥
कलाकाष्ठादिरूपेण परिणामप्रदायिनि ।
विश्वस्योपरतौ शक्ते नारायणि नमोऽस्तु ते ॥११-९॥
सर्वमङ्गलमांङ्गल्ये शिवे सर्वार्थसाधिके ।
शरण्ये त्र्यम्बके गौरि नारायणि नमोऽस्तु ते ॥११-१०॥

'બુદ્ધિ બનીને અને સર્વ લોકોના હૃદયમાં રહેનારી તથા સ્વર્ગ તેમજ મુક્તિ આપનારી દેવી, નારાયણી, તમને વંદન હો.'

'કળા, કાષ્ઠા વિગેરે રૂપે રહીને બાલ, યૌવન તથા વૃદ્ધાવસ્થા તરફ લઈ જનારી ને વિશ્વને પોતાની અંદર વિલીન કરવામાં સમર્થ નારાયણી, તમને હું વંદન કરું છું.'

'તમે સર્વ પ્રકારે મંગલ કરનારાં, મંગલના પણ પરમ મંગલ છો. સર્વે મનોરથોની સિદ્ધિ કરનારાં શિવા છો. શરણાગતવત્સલા, શરણ લેવા યોગ્ય, ત્રણ નેત્રોથી સુશોભિત તથા ગૌરી છો. નારાયણી, તમને વંદન હો.'

सृष्टिस्थितिविनाशानां शक्तिभूते सनातनि ।
गुणाश्रये गुणमये नारायणि नमोऽस्तु ते ॥११-११॥
शरणागत दीनार्त परित्राणपरायणे ।
सर्वस्यार्तिहरे देवि नारायणि नमोऽस्तु ते ॥११-१२॥
हंसयुक्तविमानस्थे ब्रह्माणीरूपधारिणि ।
कौशाम्भःक्षरिके देवि नारायणि नमोऽस्तु ते ॥११-१३॥

'તમે સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ તથા એના વિનાશની શાશ્વતી શક્તિ છો. ગુણોના આધારરૂપ અને સર્વગુણમયી છો. નારાયણી, તમને પ્રણામ હો.'

'શરણે આવેલા દીનદુઃખીની રક્ષામાં તત્પર રહેનારી અને સૌની પીડાનો અંત આણનારી નારાયણી દેવી, તમને વંદન હો.'

'તમે બ્રહ્માણીનો વેશ ધારણ કરીને હંસવાળા વિમાનમાં વિરાજો છો તથા સૌને પવિત્ર બનાવવા કુશમિશ્રિત પાણી છાંટો છો. તમને નેહપૂર્વક નમસ્કાર છે.'

त्रिशूलचन्द्राहिधरे महावृषभवाहिनि ।
माहेश्वरीस्वरूपेण नारायणि नमोऽस्तु ते ॥११-१४॥
मयुरकुक्कुटवृते महाशक्तिधरेऽनघे ।
कौमारीरूपसंस्थाने नारायणि नमोऽस्तु ते ॥११-१५॥
शङ्खचक्र गदाशाङ्‌र्ग गृहीत परमायुधे ।
प्रसीद वैष्णवीरूपे नारायणि नमोऽस्तु ते ॥११-१६॥

'માહેશ્વરીના રૂપમાં ત્રિશૂળ, ચંદ્ર તથા સર્પને ધારણ કરનારી તેમજ મહાન લોકોત્તર નંદી પર વિરાજનારી દેવી, નારાયણી, તમને પ્રેમપૂર્વક પ્રણામ કરીએ છીએ.'

'મયૂર તથા કુટ્કુટ્થી ઘેરાયેલી, મહાશક્તિને ધારણ કરનારી, કૌમારીરૂપવાળી, નિષ્પાપ નારાયણી દેવી, તમને વંદન કરીએ છીએ.'

'શંખ, ચક્ર, ગદા તથા શાંર્ડગધનુષ જેવા અસાધારણ અનુત્તમ આયુધોને ધારણ કરવાવાળી વૈષ્ણવી શક્તિરૂપા નારાયણિ ! તમે કૃપા કરીને અમારી ઉપર પ્રસન્ન થાવ. તમને વંદન કરીએ છીએ. '

गृहीतोग्रमहाचक्रे दंष्ट्रोद्धृतवसुन्धरे ।
वराहरूपिणि शिवे नारायणि नमोऽस्तु ते ॥११-१७॥
नृसिंहरूपेणोग्रेण हन्तुं दैत्यान् कृतोद्यमे ।
त्रैलोक्यत्राणसहिते नारायणि नमोऽस्तु ते ॥११-१८॥
किरीटिनि महावज्रे सहस्रनयनोज्ज्वले ।
वृत्रप्राणहरे चैन्द्रि नारायणि नमोऽस्तु ते ॥११-१९॥

'હાથમાં ભયંકર અમોઘ મહાચક્રને ધારણ કરનારી, દાઢો પર વસુધાને ઉપાડનારી, વારાહીરૂપ ધારણ કરનારી કલ્યાણમયી નારાયણી, તમને પ્રણામ હો.'

'ભયંકર નૃસિંહરૂપ લઈને દૈત્યોના સર્વનાશને માટે પ્રવૃત્તિ કરનારી તથા ત્રિભુવનની સુરક્ષા માટે સદાય તૈયાર બનનારી નારાયણી, તમને પ્રેમપૂર્વક પ્રણામ કરીએ છીએ.'

'મસ્તક પર મુકુટ અને હાથમાં ભયંકર વજ્રને ધારનારી, સહસ્ર નેત્રોને લીધી પ્રકાશમયી દેખાનારી, વૃત્રાસુરના પ્રાણને હણનારી ઈન્દ્રાણી, દેવી નારાયણી, તમને વંદન હો.'

शिवदूतीस्वरूपेण हतदैत्यमहाबले ।
घोररूपे महारावे नारायणि नमोऽस्तु ते ॥११-२०॥
दंष्ट्राकरालवदने शिरोमालाविभूषणे ।
चामुण्डे मुण्डमथने नारायणि नमोऽस्तु ते ॥११-२१॥
लक्ष्मि लज्जे महाविद्ये श्रद्धे पुष्टिस्वधे ध्रुवे ।
महारात्री महाऽविद्ये नारायणि नमोऽस्तु ते ॥११-२२॥

'શિવદૂતી સ્વરૂપે દૈત્યોની વિશાળ સેનાનો સંહાર કરનારાં, ભયંકર રૂપ ધરનારાં તથા ગર્જનાઓ કરનારાં નારાયણી દેવી, તમને નમન કરીએ છીએ.'

'દાઢોને લીધે વિકરાળ વદનવાળાં દેખાતાં, મુંડ-માળાના આભૂષણવાળાં, મુંડનો નાશ કરનારાં ચામુંડાદેવી, નારાયણી, તમને નમન કરીએ છીએ.'

'લક્ષ્મી, લજ્જા, મહાવિદ્યા, શ્રદ્ધા, પુષ્ટિ, સ્વધા, ધ્રુવા, મહારાત્રી તથા મહામાયારૂપી નારાયણી, તમને પ્રણામ હો.'

मेधे सरस्वति वरे भूति बाभ्रवि तामसि ।
नियते त्वं प्रसीदेशे नारायणि नमोऽस्तु ते ॥११-२३॥
सर्वस्वरूपे सर्वेशे सर्वशक्तिसमन्विते ।
भयेभ्यस्त्राहि नो देवि दुर्गे देवि नमोऽस्तु ते ॥११-२४॥
एतत्ते वदनं सौम्यं लोचनत्रयभूषितम् ।
पातु नः सर्वभीतिभ्यः कात्यायनि नमोऽस्तु ते ॥११-२५॥

'તમે મેધા, સરસ્વતી, સર્વશ્રેષ્ઠ, ઐશ્વર્યસ્વરૂપ, ભુરા રંગના પાર્વતી તથા મહાકાલી છો. નિયતા તથા ઈશા એટલે સૌનાં અધિષ્ઠાત્રી છો. હે નારાયણી, તમને પ્રેમપૂર્વક પ્રણામ છે.'

'સર્વસ્વરૂપે રહેલાં, સૌનાં સ્વામિની, સર્વ પ્રકારની લોકોત્તર શક્તિથી સંપન્ન, દિવ્ય સ્વરૂપવાળાં દેવી દુર્ગા, તમને નમસ્કાર છે.'

'કાત્યાયની, ત્રણ નેત્રોથી વિભૂષિત તમારું સૌમ્ય મુખ સર્વપ્રકારનાં સંકટો તથા ભયથી અમારું રક્ષણ કરો. તમને પ્રેમપૂર્વક પ્રણામ હો.'

ज्वाला कराल मत्युग्रमशेषासुरसूदनम् ।
त्रिशूलं पातु नो भीतेर्भद्रकालि नमोऽस्तु ते ॥११-२६॥
हिनस्ति दैत्यतेजांसि स्वनेनापूर्य या जगत् ।
सा घण्टा पातु नो देवि पापेभ्योऽनः सुतानिव ॥११-२७॥
असुरासृग्वसापङ्कचर्चितस्ते करोज्ज्वलः ।
शुभाय खड्गो भवतु चण्डिके त्वां नता वयम् ॥११-२८॥

'ભદ્રકાળી ! જ્વાળાઓથી વિકરાળ, ખૂબ જ ભયજનક, દૈત્યોનો સંહાર કરનારું તમારું ત્રિશૂળ અમારી સર્વ પ્રકારના ભયથી રક્ષા કરો. તમને અમારા પ્રેમપૂર્વક પ્રણામ હો.'

'પોતાના નાદથી જગતને ભરી દઈને અસુરોના તેજનો નાશ કરનારો તમારો ઘંટ, માતા સંતાનોની કુકર્મોમાં રક્ષા કરે છે તેમ, અમારી પાપથી રક્ષા કરો.'

'ચંડિકા, અસુરોના રક્તાદિથી ખરડાયેલું તમારું તેજસ્વી ખડ્ગ અમારું કલ્યાણ કરે. તમને અમે પ્રણામ કરીએ છીએ.'

रोगानशेषानपहंसि तुष्टा रुष्टा तु कामान् सकलानभीष्टान् ।
त्वामाश्रितानां न विपन्नराणां त्वामाश्रिता ह्याश्रयतां प्रयान्ति ॥११-२९॥

'તમે પ્રસન્ન થાવ તો સમસ્ત રોગોમાંથી મુક્તિ આપો છો અને કુપિત બનો છો તો મનોવાંછિત સઘળી કામનાઓનો નાશ કરો છો. તમારે શરણે આવનાર મનુષ્યને વિપત્તિ નથી આવતી. તમારે શરણે આવેલા તમારા પરમ કૃપાપાત્ર મનુષ્યો બીજાને આશ્રય આપતા થઈ જાય છે.'

एतत्कृतं यत्कदनं त्वयाद्य धर्मद्विषां देवि महासुराणाम् ।
रूपैरनेकैर्बहुधाऽऽत्ममूर्तिं कृत्वाम्बिके तत्प्रकरोति कान्या ॥११-३०॥

'દેવી અંબિકા, તમારા સ્વરૂપને અનેકવિધ બનાવીને તમે ધર્મવિરોધી અનાચારી અસુરોનો અત્યારે અંત આણી દીધો. તમારા સિવાય એવું બીજા કોનાથી થઈ શકવાનું હતું ?'

विद्यासु शास्त्रेषु विवेकदीपैष्वाद्येषु वाक्येषु च का त्वदन्या ।
ममत्वगर्तेऽतिमहान्धकारे विभ्रामयत्येतदतीव विश्वम् ॥११-३१॥

'વિદ્યાઓમાં, પ્રજ્ઞા અથવા પરમજ્ઞાનને પ્રકટ કરનારાં શાસ્ત્રોમાં તથા વિશ્વના જ્ઞાનવિજ્ઞાનનાં આદિ વાક્યોવાળા વેદોમાં તમારા વિના બીજા કોના મહિમાનું જયગાન કરવામાં આવ્યું છે ? તથા પોતાની મહામાયાથી મોહ પમાડીને મમત્વરૂપી અજ્ઞાનમયી અંધકારની ગર્તામાં આ સમસ્ત વિશ્વને નાખનારી ને ભમાવનારી શક્તિ પણ બીજી કયી છે ?'

रक्षांसि यत्रोग्रविषाश्च नागा यत्रारयो दस्युबलानि यत्र ।
दावानलो यत्र तथाब्धिमध्ये तत्र स्थिता त्वं परिपासि विश्वम् ॥११-३२॥

'જ્યાં રાક્ષસો હોય, ભયંકર વિઘાતક વિષવાળા સાપ હોય, શત્રુ હોય, લુટારાઓની સેના હોય, ને દાવાનલ હોય ત્યાં તથા સમુદ્રની વચ્ચે પણ તમે સાથે રહીને રક્ષા કરો છો; સમસ્ત જગતને રક્ષો છો.'

विश्वेश्वरि त्वं परिपासि विश्वं विश्वात्मिका धारयसीति विश्वम् ।
विश्वेशवन्द्या भवती भवन्ति विश्वाश्रया ये त्वयि भक्तिनम्राः ॥११-३३॥

'વિશ્વેશ્વરી ! તમે વિશ્વનું પરિપાલન કરો છો. તમે વિશ્વનાં આત્મારૂપ હોવાથી વિશ્વને ધારણ કરો છો. તમે ભગવાન વિશ્વનાથનાં પણ વંદનીય છો. જે તમારી આગળ શ્રદ્ધાભક્તિપૂર્વક નમ્ર બનીને મસ્તક નમાવે છે તે સમસ્ત સંસારને આશ્રય આપનારા બની જાય છે.'

देवि प्रसीद परिपालय नोऽरिभीतेर्नित्यं
यथासुरवधादधुनैव सद्यः ।
पापानि सर्वजगतां प्रशमं नयाशु
उत्पातपाकजनितांश्च महोपसर्गान् ॥११-३४॥

'દેવી, તમે પ્રસન્ન થાવ. અત્યારે અસુરોનો સંહાર કરીને તમે અમારી રક્ષા કરી તેવી રીતે શત્રુઓના ભયથી અમારી સદા રક્ષા કરજો. જગતનાં સઘળાં પાપને દૂર કરી દો અને કુદરતી ઉત્પાત તથા કર્મફળના પરિપાકરૂપે પ્રાપ્ત થનારા ઉપદ્રવોને પણ શાંત કરો.'

प्रणतानां प्रसीद त्वं देवि विश्वार्तिहारिणि ।
त्रैलोक्यवासिनामीड्ये लोकानां वरदा भव ॥११-३५॥

'વિશ્વનાં દુઃખોને દૂર કરનારી દેવી ! અમે તમને પ્રણિપાત કરીએ છીએ. તમે પ્રસન્ન થાવ. ત્રિલોકવાસી જીવોની પૂજનીયા પરમેશ્વરી ! તમે સર્વ લોકોને વરદાન આપો. સૌને માટે આશીર્વાદરૂપ બનો.'

**सर्वाबाधाप्रशमनं त्रैलोक्यस्याखिलेश्वरि ।**
**एवमेव त्वया कार्यमस्मद्वैरिविनाशनम् ॥११-३९॥**

'હે દેવી ! તમે ત્રણે લોકોનાં સમસ્ત સંકટોને દૂર કરો, અને હે વિશ્વેશ્વરી ! અમારા શત્રુઓના સંહારનું કાર્ય પણ આવી રીતે જ સદા કરતાં રહો.'

દેવોએ એક વરદાન પોતાને માટે માગ્યું અને બીજું સમસ્ત સંસારને માટે. એનો અર્થ એવો થયો કે એમને સંસારને માટે પણ લાગણી અથવા સહાનુભૂતિ હતી જ. એ હકીકત અત્યંત આદરણીય કહી શકાય. એમણે શત્રુઓના સંહારનું વરદાન માગી લીધું તેને બદલે અથવા તેની સાથે સાથે શત્રુઓ થાય જ નહિ એવું માગ્યું હોત તો વધારે ઈચ્છનીય ના ગણાત ? શત્રુઓ પેદા જ ના થયા પછી એમના સામનાનો કે સંહારનો સવાલ જ ક્યાં રહે છે ? પરંતુ એમણે જે યોગ્ય લાગ્યું તે માગી લીધું. એમાં આત્મકલ્યાણની કોઈ વાત તો ના આવી. તો પણ જગદંબાએ એમની માગણીને માન્ય રાખીને જણાવ્યું કે જગતમાં જ્યારે જ્યારે અસુરોનો ઉપદ્રવ થવા માંડશે ત્યારે ત્યારે હું અવતાર લઈ ને શત્રુઓનો સંહાર કરીશ. એને લીધે મારી વિંધ્યવાસિની, રક્તદંતિકા, શતાક્ષી, શાકંભરી, દુર્ગમ નામના મહારાક્ષસોનો નાશ કરવાને લીધે દુર્ગાદેવી, ભીમાદેવી તથા ભ્રામરી જેવાં જુદા જુદાં નામોથી સંસારમાં પ્રસિદ્ધિ થશે.

દેવોને એ સાંભળી સંતોષ થયો.

* * *

## ૧૭. ઉપસંહાર

દુર્ગાસપ્તશતીની કલ્યાણકારક કથાના વક્તા સ્વનામધન્ય પ્રાતઃસ્મરણીય પરમાદરણીય મહર્ષિશ્રેષ્ઠ મેધામુનિ અને મુખ્ય શ્રોતાઓ બે - રાજા સુરથ અને સમાધિ વૈશ્ય. બંને શ્રોતાઓએ કથા સાંભળીને પોતાની જાતને ધન્ય માની. એમના શ્રવણ જ નહિ, અંતરાત્મા પણ સાર્થક કે સફળ બન્યા. એવા સ્વાનુભવસંપન્ન મહાપુરુષનો મેળાપ જગદંબાના અસાધારણ અમોઘ અનુગ્રહરૂપે, પૂર્વના કોઈક શ્રેષ્ઠ સત્કર્મના સુપરિણામે જ થઈ શક્યો એવું એમને લાગ્યા વિના ના રહ્યું.

વક્તા જ્યારે કરુણાર્દ્ર, નિસ્વાર્થ અને સ્વાનુભૂતિસંપન્ન હોય છે ત્યારે શ્રોતા પર ધારી, ચિરસ્થાયી અસર કરી શકે છે. શ્રોતા પણ બને તેટલી વધારે ને વધારે સુયોગ્યતાથી સંપન્ન થઈને એ અસરને ઝીલવા માટે તૈયાર થાય છે ત્યારે તો સોનામાં સુગંધ જેવું સુંદર થઈ રહે છે. આદર્શ વક્તા અને સુયોગ્ય શ્રોતાનો સંગમ થયો પછી પૂછવું જ શું ? ત્યાં સંસિદ્ધિ તથા પ્રશાંતિના પાવન તીર્થની પ્રતિષ્ઠામાં વિલંબ નથી લાગતો. કથાશ્રવણને પરિણામે સુરથ રાજા તથા સમાધિવૈશ્ય બંનેના અંતર જગદંબાને માટેના અનન્ય અમોઘ અનુરાગથી ઉભરાઈ ઊઠ્યાં. એમને જગદંબાના દિવ્ય દર્શનની અને અનુગ્રહની તીવ્ર તરસ લાગી. એ તીવ્ર તરસથી પ્રેરાઈને એમણે સરિતાતટવર્તી સમીપસ્થ સુંદર પવિત્ર પ્રદેશમાં પહોંચીને આરાધનાનો આરંભ કર્યો. દુર્ગાસપ્તશતીના તેરમા અધ્યાયમાં એ અમર ઈતિહાસને આલેખતાં કહેવામાં આવ્યું છે :

इति तस्य वचः श्रुत्वा सुरथः स नराधिपः ॥१३-७॥
प्रणिपत्य महाभागं तमृषिं शंसितव्रतम् ।
निर्विण्णोऽतिममत्वेन राज्यापहरणेन च ॥१३-८॥
जगाम सद्यस्तपसे स च वैश्यो महामुने ।
संदर्शनार्थमम्बाया नदीपुलिनसंस्थितः ॥१३-९॥

જેમણે પ્રતિકૂળ પરિસ્થિતિમાં પથપ્રદર્શન પુરું પાડ્યું અને આવું પરમજ્ઞાન આપ્યું એમને કૃતજ્ઞતાપૂર્વક પ્રણામ કરવાનું મન કેમ ના થાય ?

'સુરથ રાજાએ ઉત્તમ વ્રતનું પાલન કરનારા એ પરમ સૌભાગ્યશાળી મેધામુનિને એમનાં વચનો સાંભળીને પ્રણામ કર્યા. રાજ્યના જવાથી અતિશય મમત્વને લીધે એ ખૂબ જ ખિન્ન હતો. એ તથા સમાધિવૈશ્ય બંને તરત જ તપ માટે ચાલી નીકળ્યા અને જગદંબાના દર્શન માટે નદી તટ પર રહેવા ને તપવા લાગ્યા.'

સઘળાં શાસ્ત્રોનું અધ્યયન, ચિંતન તથા મનન છેવટે તો જગદંબા પ્રત્યે પ્રેમ પ્રકટાવવા અને એના અસાધારણ અનુગ્રહને મેળવીને કૃતાર્થ થવા માટે છે. એની સાર્થકતા એમાં જ સમાયેલી છે. રાજા સુરથ તથા સમાધિવૈશ્ય બંનેને એનું ભાન થયું.

એમની તીવ્ર તપશ્ચર્યા અને એના પરિણામની વાત આગળ પર કહી દીધી છે એટલે એનું પુનરાવર્તન નહિ કરીએ.

દેવીનું દર્શન દુર્લભ હોવા છતાં જે સાચા દિલથી ચાહે છે અને એને માટે બનતો બધો જ ભોગ આપવા તૈયાર થાય છે તેને માટે સુલભ બની જાય છે.

રાજા સુરથ તથા સમાધિવૈશ્ય બંનેને દેવીના દર્શનથી આનંદ થયો.

એક જ મહામુનિના એ બંને શ્રોતાઓ કે શિષ્યોમાં અધિકારભેદ હોવાથી એમણે જુદાં જુદાં વરદાન માગ્યાં.

સુરથ રાજાનું વરદાન ભૌતિક હતું અને સમાધિવૈશ્યનું આધ્યાત્મિક. સુરથ રાજાએ વર્તમાન જીવનમાં શત્રુઓના સામર્થ્યના નાશની અને પોતાના રાજ્યની પ્રાપ્તિની માગણી કરી એ તો ખરું પરંતુ બીજા જન્મમાં પણ રાજ્ય મળે એવું માગી લીધું. જગદંબાએ એને જણાવ્યું કે સ્વલ્પ સમયમાં જ શત્રુઓનો સંહાર કરીને તું અખંડ રાજ્યની પ્રાપ્તિ કરશે, અને મૃત્યુ પછી સૂર્ય દ્વારા જન્મીને પૃથ્વી પર સાવર્ણિક મનુના નામથી વિખ્યાત થશે. વૈશ્યની ઇચ્છા મુક્તિને પ્રદાન કરનારા ઉત્તમ આત્મજ્ઞાનની હોવાથી એને આત્મજ્ઞાનનું વરદાન આપવામાં આવ્યું.

બંનેએ જગદંબાની ભક્તિપૂર્વક સ્તુતિ કરી એટલે જગદંબા ત્યાંથી અદ્રશ્ય થઈ ગયા.

મહામુનિ માર્કંડેયે એ કલ્યાણમયી કથાનો ઉપસંહાર કરતાં કહ્યું છે કે આ પ્રમાણે દેવી દ્વારા વરદાન પામીને ક્ષત્રિયશ્રેષ્ઠ રાજા સુરથ સૂર્યથી જન્મીને સાવર્ણિ નામે મનુ બનશે.

एवं देव्या वरं लब्द्ध्वा सुरथः क्षत्रियर्षभः ॥१३-२८॥
सूर्याज्जन्म समासाद्य सावर्णि भविता मनुः ॥१३-२९॥

એ શ્લોક પરથી સંકેત સાંપડે છે કે મહાત્મા માર્કંડેયે આ કથા રાજા સુરથના જીવનકાળ દરમિયાન રચી હશે. એ વખતે રાજા સુરથનો પુનર્જન્મ નહિ થયો હોય. તેથી જ રાજા સુરથ સાવર્ણિ નામે મનુ બનશે એવો ભવિષ્યવાચક શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે.

*

દુર્ગાસપ્તશતીમાં વર્ણવેલા દેવીની લીલાના પ્રસંગનો કાળ કયો હશે તેનો નિર્ણય અધિકારી વિદ્વાનોએ કરવાનો છે. અહીં તો એટલો જ નિર્દેશ કરીશું કે એ લીલાપ્રસંગોના કાળનિર્ણયમાં મદદ મળે એવી સૂક્ષ્મ સામગ્રી પાંચમા અધ્યાયના ૯૭ મા શ્લોકમાં પડેલી છે. એ શ્લોકના ઉત્તરાર્ધમાં જણાવવામાં આવ્યું છે કે **तथायं स्यन्दनवरो यः पुराऽऽसीत्प्रजापतेः ॥५-९७॥**

'દક્ષ પ્રજાપતિ પાસે હતો તે ઉત્તમ રથ તમારી પાસે છે.'

એનો અર્થ એવો થયો કે એ અને એની આજુબાજુના જગદંબાના લીલાપ્રસંગો દક્ષ પ્રજાપતિના સમય પહેલાંના નહિ હોય. અલબત્ત, જગદંબાના જુદા જુદા લીલાપ્રસંગો જુદા જુદા વખતે થયેલા છે. એનો વિચાર વિદ્વાનો કરી શકે છે.

*

દુર્ગાસપ્તશતીની કથા આપણા ખોવાયેલા આત્મિક રાજ્યને પ્રાપ્ત કરવાના પુરુષાર્થની પ્રેરણા પુરી પાડે છે. એ ઉપરાંત આપણી અંદર અને બહાર રહેલી આસુરી વૃત્તિ તથા પ્રવૃત્તિનો પ્રતીકાર કરવાનો સંદેશ આપે છે. એ પ્રેરણા અને સંદેશને જીવનમાં ઝીલીએ તો કથાનું વાચન, મનન તથા શ્રવણ સફળ થાય.

જગદંબાએ પોતાના અપ્રતિમ પરાક્રમથી મધુ તથા કૈટભ, મહિષાસુર, ધૂમ્રલોચન, રક્તબીજ, ચંડમુંડ, શુંભનિશુંભ અને અન્ય અનેક અસુરોનો અંત આણ્યો, પરંતુ માનવજીવનમાં ને સમાજમાં અનેકવિધ આસુરી વૃત્તિ, બુદ્ધિ તથા પ્રવૃત્તિ છે અથવા અનીતિ, અધર્મ, અનાચાર, સ્વાર્થવૃત્તિ, છળકપટ તથા શોષણ છે ત્યાં સુધી અસુરોનો સદાને સારુ અંત આવ્યો છે એવું નહિ કહી શકાય.

માનવ મધ જેવા મીઠાં અથવા કડવાં વચન બોલીને બીજાની શાંતિને હણવાની પ્રવૃત્તિ આદરે છે ત્યારે મધુકૈટભ જેવો હાનિકારક થાય છે. મહિષની પેઠે વિષયસુખોમાં ડુબે છે કે મદોન્મત્ત બને છે ને દૃષ્ટિને બગાડે છે તથા શોષણખોર થાય છે ત્યારે મહિષાસુરની સ્મૃતિ કરાવે છે. જેની આંખ અને જેનું અંતર કામક્રોધ, મદ તથા માયાના ધુમાડાથી ઢંકાયેલ છે તેને ધુમ્રલોચન કહેવામાં હરકત નથી. જે બીજાનું પડાવી લઈને, શોષણ કરીને, બીજાને ચૂસીને મોટો થયો છે ને દર્શન, સ્પર્શન તથા વર્તનથી આતંક ફેલાવે છે અથવા આસુરી વૃત્તિનો વિસ્તાર કરે છે તે રક્તબીજ. જેને કુકર્મ કરતાં લજ્જા નથી અને જે કઠોરતાની મૂર્તિ છે તે ચંડમુંડ. સત્તા, પદ, પ્રતિષ્ઠા, પ્રજ્ઞા, યૌવન, સૌંદર્ય, શક્તિ ને ધનવૈભવથી છકી ગયેલા, વિપથગામી થયેલા અને ઈશ્વરવિમુખ બનેલા માનવને શુંભનિશુંભ જેવા કહી શકાય. અને એવી બીજી આસુરી વૃત્તિ તથા પ્રવૃત્તિવાળા નાના મોટા અંદરના ને બહારના અસુરો બીજા અનેક છે. એમની સેના ખૂબ જ શક્તિશાળી છે. એ અસુરોને ઓળખ્યા ? એ આજે પણ જીવે છે ને અવનીમાં આતંક મચાવે છે. એમણે માનવની મૂળભૂત દિવ્યતાને દબાવી દીધી છે, માનવના સ્વર્ગનો નાશ કર્યો છે અને આત્મારૂપી ઈન્દ્રને પદભ્રષ્ટ કરી નાખ્યો છે. એમણે અવનીમાં આતંક મચાવ્યો છે.

એ અસુરોનો નાશ કેવી રીતે થાય ? દુર્ગાસપ્તશતી એમના નાશનો મંગલમય માર્ગ બતાવે છે. પોતાની અંદર અથવા બહાર આસુરી વૃત્તિ, શક્તિ કે પ્રવૃત્તિને પેખીને માનવ નાહિંમત ના બને, નિરાશ ના થાય, અને નિષ્કર્મણ્ય ના બની જાય એ અત્યંત આવશ્યક છે. એની સાથે સાથે એ પોતાની સઘળી દિવ્ય શક્તિઓનો સંચય કરે એ પણ એટલું જ આવશ્યક છે. આસુરી વૃત્તિ સામેના સંગ્રામમાં દૈવી શક્તિઓએ સંગઠિત થવું પડશે. વિજય પોતાનો જ થશે એવો આત્મવિશ્વાસ જગાવવો ને વધારવો રહેશે. એવા નિજય માટે પરમાત્માની પરાત્પરા સર્વેશ્વરી શક્તિનું, જગદંબાનું, સર્વભાવે શરણ લેવું પડશે. એના શરણથી સાંપડનારી સહાયતાથી એ કાર્ય સહેલું બનશે.

દેવી દિવ્ય સર્વોપરી ચેતના છે. દૈવી શક્તિઓ અથવા દેવોના સંમિલિત સામુહિક સમન્વયાત્મક તેજરૂપે એ જીવનમાં - ખાસ કરીને સાધકના જીવનમાં પ્રકટ થાય છે. એ પ્રકટે કે જાગે છે ત્યારે અંદરની અને બહારની આસુરી શક્તિઓ એનો વિરોધ કરે અથવા એની સામે મેદાને પડે છે તો પણ એની આગળ ફાવી નથી શકતી. એ ચેતના સર્વભક્ષી હોય છે. આસુરી શક્તિઓ પોતાના પ્રતિકૂળ પ્રભાવથી આત્મારૂપી ઈન્દ્રના મૂળભૂત અધિકારોને છીનવી લે છે અને એને દીન, હીન ને દુઃખી કરે છે તો પણ એનું એ દુઃખ દીર્ઘકાળપર્યંત નથી ટકતું. એ પોતાના મૂળભૂત અધિકારોને અને સચ્ચિદાનંદમયી ઈન્દ્રપુરીના સુખમય શાસનને પુનઃ પ્રાપ્ત કરે છે.

દુર્ગાસપ્તશતીની કથા તેરમા અધ્યાયને અંત પરિસમાપ્તિ પર પહોંચે છે. એ કથાના ઉદ્દગાતા મહર્ષિ માર્કંડેયને અને મહામુનિ મેધાને કેવી રીતે ભૂલી શકાય ? જગદંબાને પ્રણિપાત કરીને આપણે એમને

પણ પૂજ્યભાવે પ્રણામ કરીએ. પરમાત્માના પરમ કૃપાપાત્ર મહાત્માપુરુષો સૌને માટે વંદનીય છે. એમનો ઉપકાર ઘણો મોટો છે. એમની સેવા શાંત હોવા છતાં ખૂબ જ મહત્વની, મૂલ્યવાન તથા શાશ્વત છે.

મોટાં શહેરોમાં ટ્રાફિકના નિયમન માટે માર્ગ પર પોલીસો ઊભા રહે છે. એમના હાથના સંકેતથી દોડતાં આવતાં વાહનો એકાએક અટકી જાય છે, અને બીજા સંકેતથી વળી પાછાં ચાલવા માંડે છે. પોલીસને કશું બોલવું નથી પડતું. એના હાથના સંકેતો જ બધું બોલ્યા કરે છે. કેટલાંક મોટાં શહેરોમાં તો પોલીસની આવશ્યકતા જ નથી પડતી. એમને બદલે માર્ગ પરની લાલ, લીલી, પીળી બત્તીઓ બધું કામ કર્યા કરે છે. એક બત્તી થતાં ટ્રાફિક અટકી પડે છે ને બીજી બત્તી થતાં ચાલવા લાગે છે. એથી અકસ્માત થવાનો અવકાશ નથી રહેતો. વાહનો પણ લાંબા વખતની પ્રથાને લીધે Keep to the Left ના નિયમ પ્રમાણે ડાબી તરફ જ ચાલે છે એટલે અનુકૂળતા રહે છે. કોઈ શંકા નથી કરતું કે ડાબી તરફ શા માટે ચાલવું જોઈએ અને જમણી તરફ શા માટે નહિ.

સામાજિક સુરક્ષાનો વિચાર કરીને બધા એ પરંપરાગત નિયમનું પાનલ કરે છે. પહેલેથી જ જો ડાબી તરફ ચાલવાને બદલે જમણી તરફ ચાલવાની પ્રથા શરૂ થઈ હોત તો સૌ કોઈ એ પ્રથાનું, Keep to the Right નું પાલન કરવા માંડત. ગમે તેમ પણ પોલીસો અથવા જડ બત્તીઓ ચેતન પદાર્થની પેઠે માર્ગદર્શન કરે છે. સંતો પણ એવી જ રીતે જ્યોતિર્ધર બનીને પોતાની ઉપસ્થિતિ કે સંનિધિ માત્રથી માનવજીવનને પ્રેરણા આપે છે ને પથપ્રદર્શન પૂરું પાડે છે. એમને લીધે કેટલાય નાના મોટા અકસ્માતો થતાં અટકી જાય છે. માનવજાતિને સદા Keep to the Right નો એટલે કે સન્માર્ગે ચાલવાનો, ન્યાય-નીતિ-ધર્મ તથા માનવતાને માર્ગે ચાલવાનો અને પોતાનું તેમજ બીજાનું શ્રેય સાધવાનો સંકેત કરે છે કે સંદેશ પુરો પાડે છે. આધ્યાત્મિક અભ્યુત્થાનના મંગલ મધુમય માર્ગમાં ડાબી તરફ ચાલવાનો નહિ પરંતુ જમણી તરફ ચાલવાનો, Right એટલે કે જે સત્ય, સદાચારયુક્ત અને માનવતાપૂર્ણ છે તે તરફ ચાલવાનો, અને વધારે ને વધારે પ્રમાણમાં પરમાત્માભિમુખ બનવાનો નિયમ પાળવો પડે છે. એ નિયમપાલન જ કલ્યાણકારક થઈ પડે છે. દુર્ગાસપ્તશતી જેવાં સત્શાસ્ત્રો એના તરફ અંગુલિનિર્દેશ કરે છે. એને સમજીએ અને અનુસરીએ તો જીવન સુખી, શાંત, સાર્થક કે સફળ થાય. શાસ્ત્રોનું શ્રવણમનન પણ ધન્ય બની જાય.

* * *

## ૧૮. દુર્ગાની નામમાળા

દુર્ગાના અથવા જગદંબાના બત્રીસ નામોની માળા સર્વે સંકટોનો નાશ કરનારી, ઈપ્સિત પદાર્થની પ્રાપ્તિ કરાવનારી તથા સર્વ પ્રકારે કલ્યાણકારક છે. એ બત્રીસ નામોના નિત્યપાઠથી કોઈવાર કશી હાનિ નથી થતી. એનો હજાર, દસ હજાર અથવા લાખ વાર પાઠ કરનાર અથવા કરાવનાર સઘળી આપત્તિઓમાંથી મુક્તિ મેળવે છે. મધુમિશ્રિત સફેદ તલથી એ નામોથી લાખ વાર હવન કરવામાં આવે તો કોઈ પણ પ્રકારનું કષ્ટ નથી રહેતું.

એ પવિત્ર નામોનું પુરશ્ચરણ ત્રીસ હજારનું કહેવાય છે. પુરશ્ચરણપૂર્વક પાઠ કરવાથી કાર્યની સિદ્ધિ થાય છે. અસાધ્ય કાર્ય પણ સિદ્ધ થઈ શકે છે. રાજા તરફથી મૃત્યુદંડ અથવા બીજો કોઈ કઠોર દંડ મળ્યો હોય, સંગ્રામમાં શત્રુઓ દ્વારા મનુષ્ય ઘેરાઈ ગયો કે ભયમાં મૂકાયો હોય, અને જંગલી જનાવરોથી વીંટળાયો હોય, ત્યારે એ બત્રીસ નામોનો એકસો આઠ વાર માત્ર પાઠ કરવાથી ભયમુક્ત બની જાય છે.

જગદંબાએ પોતાના શ્રીમુખે જ એ નામમાળાનો ઉપદેશ આપ્યો છે. એનો ઈતિહાસ આ પ્રમાણે છે : એકવાર બ્રહ્માદિ દેવોએ શ્રદ્ધાભક્તિપૂર્વક દુર્ગાદેવીને આરાધના કરી. એ આરાધનાથી પ્રસન્ન થઈને દેવીએ એમને ઈચ્છાનુસાર વરદાન માગવા કહ્યું તો દેવોએ જણાવ્યું કે અમારા મોટામાં મોટા શત્રુ મહિષાસુરનો નાશ થવાથી આખું જગત સ્વસ્થ, શાંત ને નિર્ભય બની ગયું છે. તમારી પરમકૃપાથી અમને અમારા પદની પ્રાપ્તિ થઈ છે. અમારે બીજું કશું નથી મેળવવું. તો પણ તમારી આજ્ઞાને અનુસરીને અમે તમને પૂછીએ છીએ કે, એવો કયો ઉપાય છે જેથી શીઘ્ર પ્રસન્ન થઈને તમે સંકટમાં પડેલા જીવની રક્ષા કરો છો ?

દેવોના એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં દુર્ગાદેવીએ બત્રીસ નામોની રહસ્યમયી મંગલ માળા કહી બતાવી. એની ફળશ્રુતિનું પણ વર્ણન કર્યું. આ રહી સાધકો કે શરણાગત ભક્તોનું શ્રેય કરનારી એ મંગલ મધુમય નામમાળા :

श्री दुर्गा द्वात्रिंशन्नाम माला

दुर्गा दुर्गार्तिशमनी दुर्गापद्विनिवारिणी ।
दुर्गमच्छेदिनी दुर्गसाधिनी दुर्गनाशिनी ॥
दुर्गतोद्धारिणी दुर्गनिहिन्त्री दुर्गमापहा ।
दुर्गमज्ञानदा दुर्गदैत्यलोकदवानला ॥
दुर्गमा दुर्गमालोका दुर्गमात्मस्वरूपिणी ।
दुर्गमार्गप्रदा दुर्गमविद्या दुर्गमाश्रिता ॥
दुर्गम्ज्ञानसंस्थाना दुर्गमध्यानभासिनी ।
दुर्गमोहा दुर्गमगा दुर्गमार्थस्वरूपिणी ॥
दुर्गमासुरसंहन्त्री दुर्गमायुधधारिणी ।
दुर्गमांगी दुर्गमता दुर्गम्या दुर्गमेश्वरी ॥

दुर्गभीमा दुर्गभामा दुर्गभा दुर्गदारिणी ।
नामावलिमिमां यस्तु दुर्गाया मम मानवः ॥
पठेत् सर्वभयान्मुक्तो भविष्यिति न संशयः ॥

દુર્ગદારિણી શબ્દ સુધી બત્રીસ નામ પૂરાં થઈ જતાં હોવાથી બત્રીસ નામોની માળા ત્યાં સુધી જ સમજવી તથા કરવી.

એ બત્રીસ નામ જપવાથી મનુષ્ય સર્વે ભયોમાંથી મુક્તિ મેળવે છે એમાં સંશય નથી એવું છેલ્લી બે પંક્તિઓમાં જણાવવામાં આવ્યું છે.

એ શ્લોકો પ્રમાણે દેવીનાં બત્રીસ નામો આ પ્રમાણે છે :

૧. દુર્ગા ૨. દુર્ગાર્તિશમની ૩. દુર્ગાપદ્વિનિવારિણી ૪. દુર્ગમચ્છેદિની ૫. દુર્ગસાધિની ૬. દુર્ગનાશિની ૭. દુર્ગતોદ્ધારિણી ૮. દુર્ગનિહન્ત્રી ૯. દુર્ગમાપહા ૧૦. દુર્ગમજ્ઞાનદા ૧૧. દુર્ગદૈત્યલોકદવાનલા ૧૨. દુર્ગમા ૧૩. દુર્ગમાલોકા ૧૪. દુર્ગામાત્મસ્વરૂપિણી ૧૫. દુર્ગમાર્ગપ્રદા ૧૬. દુર્ગમવિદ્યા ૧૭. દુર્ગમાશ્રિતા ૧૮. દુર્ગમજ્ઞાનસંસ્થાના ૧૯. દુર્ગમધ્યાનભાસિની ૨૦. દુર્ગમોહા ૨૧. દુર્ગમગા ૨૨. દુર્ગમાર્થસ્વરૂપિણી ૨૩. દુર્ગમાસુરસંહન્ત્રી ૨૪. દુર્ગમાયુધધારિણી ૨૫. દુર્ગમાંગી ૨૬. દુર્ગમતા ૨૭. દુર્ગમ્યા ૨૮. દુર્ગમેશ્વરી ૨૯. દુર્ગભીમા ૩૦. દુર્ગભામા ૩૧. દુર્ગભા ૩૨. દુર્ગદારિણી

* * *

## ૧૯. ક્ષમાપ્રાર્થના

કોઈપણ સત્કર્મ કરવામાં આવે એટલે એમાં કોઈને કોઈ ત્રુટિ તો રહેવાની જ. કર્મ કરનારના પોતાના દોષો પણ એક અથવા બીજી રીતે વચ્ચે આવવાના ને નડવાના. પૂર્ણ તો એકમાત્ર પરમેશ્વર કે પરમેશ્વરી જ છે. એના અનુગ્રહની ઉપલબ્ધિ માટે દુર્ગાસપ્તશતીના પાઠ પછી ક્ષમાપ્રાર્થના કરવામાં આવે છે. ક્ષમાપ્રાર્થનાના બધા મળીને આઠ શ્લોકો છે. એ દુર્ગાસપ્તશતીના મૂળ અવિભાજ્ય અંગરૂપ નથી, તો પણ ભક્તો તથા સાધકોને ગમે તેમજ કામ લાગે એવા હોવાથી એમનો પરિચય કરાવવાનું કાર્ય અસ્થાને નહિ ગણાય. એમની ભાષા, ભાવમયતા અને આત્મનિવેદનવૃત્તિ હૃદયસ્પર્શી છે.

अपराधसहस्राणि क्रियन्तेऽहर्निशं मया ।
दासोऽयमिति मां मत्वा क्षमस्व परमेश्वरि॥१॥

'મા ! પરમેશ્વરી ! મારી દ્વારા દિનરાત હજારો અપરાધો થયા કરે છે. મને તમારો દાસ સમજીને એ બધા જ અપરાધોને માફ કરો.'

आवाहनं न जानामि न जानामि विसर्जनम्।
पूजां चैव न जानामि क्षम्यतां परमेश्वरि ॥२॥

'હે પરમેશ્વરી ! હું આવાહન નથી જાણતો, વિસર્જન કરવાનું નથી જાણતો અને પૂજાના વિધાનની કે મર્મની પણ મને માહિતી નથી. મને ક્ષમા કરો.'

मन्त्रहीनं क्रियाहीनं भक्तिहीनं सुरेश्वरि ।
यत्पूजितं मया देवि परिपूर्णं तदस्तु मे ॥३॥

'હે દેવદેવેશ્વરી ! મેં તમારું જે પૂજન કર્યું છે તે મંત્ર, ક્રિયા કે વિધિવિધાન ને ભક્તિભાવ વગરનું છે. તેને કૃપા કરીને પરિપૂર્ણ કરી દો.'

अपराधशतं कृत्वा जगदम्बेति चोच्चरेत।
यां गतिं सम्वाप्नोते न तां बह्मादयः सुराः ॥४॥

'સેંકડો અપરાધ કરીને પણ જે તમારા શરણે આવીને જગદંબા એવો ઉચ્ચાર કરે છે તે બ્રહ્માદિ દેવોને પણ દુર્લભ એવી સદ્‌ગતિની પ્રાપ્તિ કરે છે.'

सापराधो स्मि शरणं प्राप्तस्त्वां जगदम्बिके।
इदानीमनुकम्प्योहं यथेच्छसि तथा कुरु ॥५॥

'જગદંબા ! હું અપરાધી હોવા છતાં તમારે શરણે આવ્યો છું. હું હવે તમારી અનુકંપાને પાત્ર છું. તમને યોગ્ય લાગે તેમ કરી શકો છો.'

अक्षानाद्विस्मृतेर्भ्रान्त्या यन्नयूनमधिकं कृतम्।
तत्सर्वं क्षम्यतां देवि प्रसीद परमेश्वरि ॥६॥

'અજ્ઞાનથી, ભૂલથી અથવા ભ્રાંત બુદ્ધિને લીધે મારાથી કોઈ ન્યુનતા રહી હોય કે અધિકતા થઈ હોય તો હે દેવી, પરમેશ્વરી, એ સર્વને માફ કરી દો.'

कामेश्वरि जगन्मातः सच्चिदानन्दविग्रेहे।
गृहाणार्चामिमां प्रीत्या प्रसीद परमेश्वरि ॥७॥

'કામેશ્વરી ! જગન્માતા ! સચ્ચિદાનંદસ્વરૂપા ! પરમેશ્વરી ! તમે મારી આ પૂજાનો પ્રેમપૂર્વક સ્વીકાર કરો અને મારા પર પ્રસન્ન બનો.'

गुह्यातिगुह्यगोप्त्री त्वं गृहाणास्मत्कृतमं जपम्।
सिद्धिर्भवतु मे देवि त्वत्प्रसादात्सुरेश्वरि ॥८॥

'દેવી ! સુરેશ્વરી ! તમે ગુપ્તમાં ગુપ્ત વસ્તુની રક્ષા કરનારાં છો. મેં કરેલા મંત્રજપનો સ્વીકાર કરો. તમારી કૃપાથી મને સિદ્ધિની પ્રાપ્તિ થાવ.'

આ રહ્યો એ શ્લોકોનો પદ્યાનુવાદ. દેવીભક્તોને એ પાઠ કરવા કે ગાવા અથવા કંઠસ્થ કરવા કામ લાગશે.

દિવસ-રાત અપરાધ હજારો મારાથી મા ! થયા કરે,
દાસ તમારો મને જાણતાં ક્ષમા કરો હે સર્વ શુભે !

આવાહનને ના જાણું, હું જાણું નહીં વિસર્જનને
પૂજાનો પણ મર્મ ન જાણું, ક્ષમા કરો જગદંબા હે !

મંત્રભક્તિ કે ક્રિયા વગરનું પૂજન પ્રેમે આજ કર્યું,
પૂર્ણ અને વિધિપૂર્વક જાણી સ્વીકારો તે ધન્ય બધું.

અપરાધ કરી અનેક પણ જે જગદંબા ઉચ્ચાર કરે,
તે જનને બ્રહ્માદિ દેવની દુર્લભ ગતિ તત્કાળ મળે.

અપરાધી તો પણ આવ્યો છું શરણ તમારે હે જગદંબ !
યોગ્ય હોય તો કરો, કૃપાની કૃપાપાત્ર પર વહવો ગંગ.

અજ્ઞાને ભૂલે ભ્રાંતિ થકી ન્યુનાધિક કૈં હોય થયું,
પરમેશ્વરી, ક્ષમા કરતાં તે, વરસો કરૂણાધાર હજુ.

કામેશ્વરી જગન્નમાતા હે દિવ્ય સચ્ચિદાનંદમયી !
સ્વીકારો પ્રેમથકી પૂજા પ્રસન્ન સત્વર થાવ વળી.

ગુહ્યાતિગુહ્યનાં રક્ષક હે, સ્વીકારો જપને મારા,
કૃપા કરી સંસિધ્ધિ આપો અપનાવો સ્તુતિની માળા.

* * *

## ૨૦. અપરાધક્ષમાપન

### શ્રી આદ્ય શંકરાચાર્ય કૃત દેવ્યપરાધ ક્ષમાપનસ્તોત્રનો પદ્યાનુવાદ

(૧)

મંત્રયંત્ર કશું ન જાણું સ્તુતિ તથા જાણું નહીં,
ધ્યાન કે આહ્‌વાન તેમજ કથાની ગમ ના કશી,
માહિતી મુદ્રાતણી ના કે વિયોગ વિલાપની,
આપનું અનુસરણ સર્વે ક્લેશનાશક એટલી
માહિતી મુજને મળી.

(૨)

વિધિવત વંચિત વળી પ્રમાદી ધનહીન છું,
કરું પૂજન કેમ, ભૂલો કોટિ કરતો રોજ હું;
શ્રમા તે સઘળી કરો શિવે સકલોદ્ધારિણી !
કુપુત્ર ભલે થાય પણ કુમાતા બનતી નથી
માત સંસારે કદી.

(3)

માત, ગુણિયલ તો ઘણા તમારા પુત્રો જગે,
કિન્તુ અવગુણથી ભર્યો વિરલ એક જ બાળ હું;
ત્યાગ મારો યોગ્ય ના તોય કલ્યાણી કદી,
કુપુત્ર ભલે થાય પણ કુમાતા બનતી નથી
માત સંસારે કદી.

(૪)

તમારાં ચરણોતણી કરી ના સેવા ઘડી,
દ્રવ્યના ભંડાર મેં તમોને અર્પ્યા નહીં,
સ્નેહની વર્ષા છતાં તમારી વરસી રહી,
કુપુત્ર ભલે થાય પણ કુમાતા બનતી નથી
માત સંસારે કદી.

(૫)

અન્યની સેવા કરી મેં વ્યગ્રમનથી ને તજી,
વયે પંચાશી વરસની રહ્યો છું તમને ભજી,
એમનો આશ્રય નથી ને આપનો પણ ના મળે,

તો પછી સંસારમાં મારું શરણે છે કો ખરે
પાર્વતીમાતા, હવે

(૬)

મંત્ર મધુમય જો તમારો અલ્પપણ કર્ણે પડે,
મૂર્ખ તો ચાંડાલ પણ અમૃતવચન વક્તા બને
રંક પણ સંપન્ન અબજો સ્વર્ણમુદ્રાથી થતો
તો પછી વિધિસહિત જે જપે જપને એમનો
કોણ કલ્પે લાભ હો !

(૭)

ભસ્મલેપન ગરલપાન કરે દિગંબર જે રહે,
જટાધારી પતિ પશુતણા ભુજંગને કંઠે ધરે,
કપાલી ભૂતેશ જગના બન્યા એક અધીશ્વર
તમારા પાણિગ્રહણનું મળ્યું એ ઉત્તમ ફળ
ભવાની, નિસ્સંશય.

(૮)

મોક્ષની વૈભવતણી વિજ્ઞાનની ઈચ્છા નથી,
અપેક્ષા સુખની નથી હે ચંદ્રવદના મા, મને;
ભવાની શિવ શિવ શિવે માત જગદંબે જપી
શેષ જીવનને વિચાવું યાચના એક જ હવે
આપની આગળ, શુભે

(૯)

આરાધના નવ કરી વિધિદ્રવ્યથી ને
વાણીથકી ન અપરાધ કયો કર્યો મેં ?
તોયે અનાથ મુજને નિજ બાળ માની
ઢાળો કૃપા ઉચિત છે કરુણાળુ મા, એ.

(૧૦)

આપત્તિમાં મગ્ન બની તમોને,
સ્મરી રહ્યો માત મહા મહેશ્વરી,
ના માનશો એ શઠતા મહારી;
ક્ષુધાર્ત સંતપ્ત બન્યાં તૃષાથી
સ્મરે સદાયે શિશુ માત્ર માવડી.

(૧૧)

જગદંબ વિચિત્ર ના કરો
મુજપે પરિપૂર્ણ કે કૃપા,
અપરાધ પરંપરા કરે
શિશુ તો પણ માત ના તજે.

(૧૨)

મારાશો પાતકી ના કો' પાતઘ્ની તમસી નથી,
એવું માની મહાદેવી, કરો જે યોગ્ય હોય તે.

*

**શ્રી આદ્ય શંકરાચાર્ય વિરચિત**
**દેવ્યપરાધ ક્ષમાપનસ્તોત્રનો પદ્યાનુવાદ સંપૂર્ણ**


* * *

**સંપૂર્ણ**

* * *



**શ્રી યોગેશ્વરજી - એક પરિચય**



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી 'મા' ના દર્શન માટે વિરહાતુર પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહિંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, દસ ઉપનિષદ, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદભૂત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

* * *

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) ▪ ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ શ્રીરામ કથામૃત ▪ કૃષ્ણ રુકમિણી ▪ ગાંધી ગૌરવ ▪ |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | રામનું હૃદય |

* * *